૮૬-૯૨ ૮૬-૯૨


# અહલે સુન્નત વ જમાઅત યા'ને મસલકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION GRWB/057/BHARUCH/02 At.: Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા برکات خواجہ

(માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-જૂન-૨૦૦૬**

**જમાદીઉલ અવ્વલ-જમાદીઉલ આખર**

**હિજરી સન : ૧૪૨૭**

**વર્ષ : ૦૩ અંક : ૦૬, સળંગ અંક : ૩૦**



**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email ID : anjuman2006@hotmail.com


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ હम्द ★

હम्द है ઉस ઝात को જिसने मुसलमां कर दिया
ઈश्के सुल्ताने જहां सीने में पिन्हां कर दिया

क्या कशिश थी सरवरे આलम के हुस्ने पाक में
सेंकળों कुफ़्फ़ार को દममें मुसलमां कर दिया

હो गई काफ़ूर ઝुल्मत दिल मुनव्वर હो गએ
જिस तरफ़ भी ઉसने अपना રૂએ ताબां कर दिया

दूर ही से सબ્ઝ गुंબદ की ઝलक को દેખकर
આशिकों ने टुकળे टुकળे જબ દामां कर दिया

ઉस अरબ के चांद का જल्वा मुઝे દरकार है
જिसने હर ઝर्रे को अपने माहे ताબां कर दिया

गिर-यઓ ઝारीने रातों को तेरी अબ्रे करम
मिष्ले गुल सुબ्हे क़ियामत हम को ખंदा कर दिया

या रसूलल्लाह ! अगिष्नी वक्त है ઈम्दाद का
नफ़्से काफ़िर ने मुઝे બेहद परेशां कर दिया

तेरी नुस्रत ઐसे नाઝुक वक्त में હामी रही
नજदीयों ने या नબी लाખों को शैतां कर दिया

हे **"જमीले कादरी"** ये फ़ઝ्ले अल्लाहो रसूल
तेरा मुर्शिद હઝरत अहमद रઝा ખां कर दिया


**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**




થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.


નૂરાની આર્ટ-દયાદરા ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

# બરકાતે ખ્વાજા (માસિક) જૂન-૨૦૦૬

★ વર્ષ : 03 ★ અંક : ૦૬ ★ સળંગ અંક : 30



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | તંત્રી લેખ : **"બેશક ! અલ્લાહની નજીક પસંદીદા દીન ઈસ્લામ છે !"-*કુર્આન*** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૩ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૫ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૭ |
| ૦૫. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૯ |
| ૦૬. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૨૧ |
| ૦૭. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરજાનાબેન અલી પટેલ (દયાદરા) | ૨૨ |
| ૦૮. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૫ |
| ૦૯. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૨૮ |
| ૧૦. | નબીﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | **કાર્યાલય** | ૩૧ |
| ૧૧. | ઈમામ અહમદ રઝાના લકબો તથા આદાબ | **રજૂકર્તા** :મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી સેગવા<br>*(હાલ : ચિકાગો, યુ.એસ.એ.)* | ૩૩ |
| ૧૨. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૫ |
| ૧૩. | U.K. માં સુન્ની દા'વતે ઈસ્લામી...... | **કાર્યાલય** | ૪૬ |
| ૧૪. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૭ |
| ૧૫. | બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ.... | **કાર્યાલય** | ૪૮ |

**Unity of Religions (ધર્મોની એકતા) એક ગૈર ઈસ્લામી ખયાલ !**




"اِنَّ الدِّيۡنَ عِنۡدَ اللّٰهِ الۡاِسۡلَامَ"

# "બેશક ! અલ્લાહની નજીક પસંદીદા દીન ઈસ્લામ છે !"

-(કુર્આન)

દીને ઈસ્લામ પર અડગપણે રહેવાની નબી કરીમ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની તા'લીમથી વિમુખ કરવા માટે યૂરોપ તથા અન્ય પશ્ચિમીઓ સેંકડો વરસોથી તનતોડ કોશિશ કરતા આવ્યા છે. તેમણે આગલી સદીઓમાં ઘણી મેદાની જંગો મુસલમાનો સાથે લડી પણ ત્યારના ઈસ્લામના દીવાના સાચા મુસલમાનો, ઈશ્કે નબી ﷺના મતવાલા મુસલમાનો, રસૂલે પાક ﷺના કૌલ પર ગરદન ઝુકાવી દેનારા દીવાઓ થકી તેઓ સતત હાર તથા માર ખાતા રહ્યા અને ઈસ્લામના વિકસતા રેલાને ન રોકી શક્યા તો તેમણે નવી તરકીબ સોચી અને મુસલમાનોમાં વૈચારિક ક્રાંતિ લાવવા ષડયંત્રો રચ્યાં અને ઈસ્લામની પાયાની માન્યતાઓમાં શંકા કુશંકાઓ ઉભી કરનારી ભાડુતી વ્યક્તિઓ જાસૂસો ઉભા કરી તેમના થકી મુસ્લિમોમાં વિખવાદ ખડો કર્યો. જેમ કે વહાબિયત દેવબંદિયતનો ઈતિહાસ એનું ઉઘાડુ દૃષ્ટાંત છે. યૂરોપ તથા અંગ્રેજોના એ જ ખતરનાક ષડયંત્રને મેહસૂસ કરીને તો ડો. ઈકબાલે કહ્યું હતું :–

> ફિક્રે અરબ કો દે કે ફિરંગી તખૈયુલાત
> ઈસ્લામ કો હિજાઝો યમનસે નિકાલ દો
>
> વો ફાક़ाकश કે મૌતસે ડરતા નહીં ઝરા
> રૂહે મુહમ્મદ ઉસકે બદનસે નિકાલ દો ﷺ

ઈ.સ. ૧૭મી સદીમાં પણ એ જ ફિરંગી જેવી ચાલ ચાલીને પોતાનું સામ્રાજ્ય વિસ્તારવા તથા મજબૂત કરવાના આશયથી રાજા અકબરે વિવિધ ધર્મોની તા'લીમ, રસ્મો રિવાજ તથા માન્યતાઓની ભેળસેળ કરીને એક નવા ધર્મ દીને ઈલાહીનો પાયો નાખ્યો હતો અને "**ધર્મોની એકતા**"નું ગુમરાહ કરનાર તૂત ઉભુ કર્યું હતું. જેના પરિણામે કલમા તયબહની જગાએ "અકબર ખલીફતુલ્લાહ" પઢાવા લાગ્યું, સુવ્વર તથા કૂતરાંઓની તા'ઝીમ થવા લાગી, સન્માનના નામે અકબરને સિજદો થવા લાગ્યો, ગૈર ધર્મોમાં શાદી વિવાહ આમ થવા લાગ્યો, પર્દા ઉપર પાબંદી લાગી અને બેપર્દગી આમ થઈ ગઈ, દારૂપાન તથા જૂગારબાજીને ઉત્તેજન મળ્યું, હિંદુ મુસ્લિમ એકતાનો નારો લાગ્યો અને ઈસ્લામી નિશાનીઓની સરેઆમ મઝાક ઉડાવવામાં આવવા લાગી. રાજા તરફથી સર્વ ધર્મના તહેવારો મનાવવામાં આવવા લાગ્યા અને એ પબ્લિકમાં આમ થવા લાગ્યું.

આ કુફ્ર તથા અધર્મીપણાના પૂર પર હઝરત ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી رحمۃ اللہ علیہએ જો બંધ ન બાંધ્યો હોત તો મુસલમાનોની ધાર્મિક ખાસિયત ક્યારની દમ તોડી ચૂકી હોત.

અલ્લાહ રહમતોની બૌછાર વરસાવે એમની કબ્રે અન્વર પર જેમના મુજાહિદાના કિરદારથી પ્રભાવિત થઈને ડો. ઈકબાલે કહેવું પડયું કે :–

ગરદન ન ઝુકી જિસ્કી જહાંગીર કે આગે
જિસકે નફ્સે ગર્મસે હૈ ગર્મીએ અહરાર
વો હિંદમેં સરમાયાએ મિલ્લત કા નિગેહબાન
અલ્લાહને બર વક્ત કિયા જિસ્કો ખબરદાર

કુફ્ર તથા અધર્મીપણાના આ સરકશ (વિદ્રોહી) તોફાન પર તે સમયે તો લગામ આપી દેવામાં આવી પણ વરસોથી આંતર રાષ્ટ્રિય કક્ષાએ ઈસ્લામ વિરૂધ્ધ પશ્ચિમે જે માન્યતાઓ સંબંધી જંગ છેડી હતી તેના પર બ્રેક ન લગાડી શકાયી. પશ્ચિમમાં ઈસ્લામ વિરૂધ્ધ તથા ઈસ્લામના કાનૂનો વિરૂધ્ધ ગલત ફહમીઓ ખડી કરવાની ચળવળ તથા પૂર્વમાં અકબરના દીને ઈલાહી પછી હિંદુસ્તાનમાં મુસ્લિમ પર્સનલ લોને ખત્મ કરીને 'સમાન સિવિલ કોડ' લાગુ કરવાની કોશિશ, મદ્રસા તથા મસ્જિદો પર હુમ્લા, અસલ જેહાદ વિરૂધ્ધ ગલત અફવાઓ, દારુલ કઝાની બંધારણ માન્ય હૈસિયતને ખત્મ કરવાની કોશિશ, પશ્ચિમમાં આઝાદ ખયાલ, ધર્મથી પર અને કહેવાતા એડવાન્સ ખયાલવાળા મુસલમાનોને ઉત્તેજન, હિંદુસ્તાનમાં આવારા વિચારધારવાળા, બિનસાંપ્રદાયિક (ધર્મથી નિસ્બત વિનાના) મિજાઝવાળા, લાલચુ લોભીયા મુસ્લિમ સાહિત્યકારો, બુદ્ધિજીવીઓ અને આલિમોને પીઠબળ આપવું અને બિન સાંપ્રદાયિક્તા તથા ધર્મોની એકતા, વિવિધ મઝહબોની એકતા, ધર્મોના સન્માન, અને ધર્મોના સ્વીકારનો નારો એ પશ્ચિમની ઈસ્લામ વિરૂધ્ધની એ જ સાંસ્કૃતિક તથા વૈચારિક જંગનો હિસ્સો છે, જેથી કરીને મુસલમાનોને બિનસાંપ્રદાયિક અને બીજા શબ્દોમાં હિંદુ કૌમી ધારામાં વહાવીને તેમની ઓળખ અને તેમના જીવનની પૂંજીને તેમની પાસેથી છીનવી લેવામાં આવે. મુસલમાનો વિરૂધ્ધ આ એક એવું આયોજનપૂર્વકનું કાવત્રુ છે જેને ઉઘાડુ પાડવું આજે દીની જિમ્મેદારો માટે વાજિબ થઈ ગયું છે. કેમ કે વૈચારિક ગુમરાહીની આ એવી ખતરનાક ચળવળ છે જ્યાં એક મુસલમાન પોતાની જ તલ્વારથી પોતાની ગરદન મારી લે છે ! અને તેને તે તલ્વાર પર લોહીનો ડાઘો પણ જોવા નથી મળતો ! આ વૈચારિક ગુમરાહીની અસર હેઠળ મોટા મોટા કહેવાતા મુસ્લિમ બુદ્ધિજીવીઓ, સાહિત્યકારો, એટલે સુધી કે કહેવાતા આલિમો મૂર્તિઓના ચરણોમાં કશાય ખચકાટ વિના પોતાના ઈમાન તથા અકીદાને લૂંટાવાથી નથી રોકી શક્યા તો પછી એક સામાન્ય મુસલમાનની તો વાત જ શું ?

આ બાબતે વાસ્તવિક્તાનું ચિત્ર રજૂ કરતાં મહાન આલિમે દીન હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી *(તંત્રી : કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી)*એ જણાવ્યું છે કે :–

''હિંદના મુસ્લિમોની ધાર્મિક તથા કૌમી ખાસિયતો કોમવાદી માનસ ધરાવતા તત્વોની નજરમાં ખાસ કાંટાની જેમ ખટકી રહેલ છે. તેઓ ઈચ્છે છે કે મુસલમાનો પોતાની આ વિશિષ્ટતાઓ તથા આ સૌથી અલગ પડતી ઓળખાણને ખત્મ કરીને હિંદુત્વના કોમીધારામાં વહેવા લાગે, કશાય ચંચુપાત કર્યા વિના પોતે પોતાને એના અંદર ભેળવી દે એટલા માટે તેઓ કદી ઈસ્લામ તો કદી કુર્આન તો કદી મુસ્લિમ પર્સનલ લો તો ક્યારેક મસ્જિદો કદી મદ્રસાઓ કદી ખાનકાહો કદી કબ્રસ્તાન (દરગાહો)ને પોતાના કટ્ટરવાદનું નિશાન બનાવતા રહે છે. કૌમવાદી તત્વોની લાંબા સમયની ખ્વાહિશ એ જ છે કે

હિંદના મુસ્લિમ પોતાની ધાર્મિક વિશિષ્ટતાઓ ખાસિયતોને છોડીને પોતાના ભૂતકાળને ભૂલી જાય. જ્યારે કે મુસલમાન કદી પણ કોઈ કિંમતે પણ કોઈ સંજોગોમાં પણ પોતાની ઈસ્લામી ખાસિયતોને ત્યજવા ન અત્યારે તૈયાર છે ન ભાવિમાં કદી તૈયાર થશે. તે આવી ભયાનક ગલતી કરીને પોતાને મૃત શરીર તથા રૂહ વિનાની લાશ જેમ કેમ કરીને બનાવી શકે છે ?" *(મૌલાના મિસ્બાહી, જામે નૂર, નવે-૦૪)*

## વૈચારિક ગુમરાહીની એક અધિક ચળવળનો પ્રારંભ !

૧૫ ઓક્ટોબર ૨૦૦૩ના રોજ સૂરત (ગુજરાત) ખાતે ગુજરાતના કૌમી તોફાનોના માહોલનો લાભ ઉઠાવીને રાષ્ટ્રપતિ ડો. એ. પી. જે. અબ્દુલ કલામે એક મિટિંગ રાખી. આ ખાસ મિટિંગમાં દેશના વિવિધ ધર્મો ઈસ્લામ, હિંદુ, બુદ્ધ, ઈસાઈ, સિખ, જૈન વગેરેના લીડરોને ભાગ લેવા નિમંત્રણ આપવામાં આવ્યું. એ મિટિંગમાં ડો. અબ્દુલ કલામે 'સૂરત રૂહાની એલામિયા' **Surat Spiritual Declaration** (સૂરત આધ્યાત્મિક એલાન) શરૂ કર્યું. જેમાં મઝહબોની એકતા, ધર્મોનુ જોડાણ, ધર્મોની તા'ઝીમ, ધર્મોની કબૂલિયત, સર્વ ધર્મ સામૂહિક પ્રાર્થના, લંગર તથા તહેવારોનું આયોજન, સર્વ ધર્મોની એકતા પર કિતાબો લખવી અને તમામ ધર્મોની સાંસ્કૃતિક બાબતોના વિકાસની તજવીઝ રજૂ કરવામાં આવી. જેના પર સર્વ ધર્મના લીડરો (રહનુમાઓ)એ કહેવાતા મુસલમાનોના ધાર્મિક વડાઓ સહિત સર્વેએ સહીઓ કરીને "દીને ઈલાહી"ના નવ સર્જનનું એલાન કરી આપ્યું અને પછી સર્વ ધર્મોના લીડરોએ એ **Surat Spiritual Declaration**ને આગળ વધારતાં દેશના તમામ વતનીઓથી ધાર્મિક ઓળખ અને ખાસિયત ખત્મ કરીને તે જ રાષ્ટ્રિય ધારામાં જોડવાના માટે એક સંસ્થાની સ્થાપ્ના પર વિચાર વિમર્શ કર્યો જેના પરિણામે જૂન ૨૦૦૪ના રોજ નવી દિલ્હીમાં એક સંસ્થાની સ્થાપ્ના અમલમાં આવી જેનું નામ સર્વ સંમતિથી **Foundation for unity of religions and Enlightened citizenship** રાખવામાં આવ્યું જેને ટૂંકમાં **ફ્યૂરિક** (**Furec**) કહેવામાં આવે છે.

અત્યારે "સૂરત રૂહાની એ'લામિયા" (સૂરત આધ્યાત્મિક એલાન) તથા "ફ્યૂરિક"નું બંધારણ અમારી સામે જ છે એ બંનેનાં બંધારણ તથા હેતુઓને રજૂ કરતાં પહેલાં આવો ! જેણે આ એ'લામિયા (એલાન)ને શરૂ કરેલ છે તેની ધાર્મિક દષ્ટિએ શું પોઝિશન છે ? અને કેવા માહોલમાં તેનો ઉછેર થયો છે ? ઘરેલુ કેળવણી તથા સ્થાનિક એરિયાનો માહોલ માનવની વિચારધારા તથા વ્યક્તિત્વના ઘડતરનું પ્રતિબિંબ હોય છે, એ એંગલથી આપણે ડો. અબ્દુલકલામનું નિરીક્ષણ કરીશું તો આપણને **એઅ્લામિયા** તથા **ફ્યૂરિક**ના ધ્યેયો તથા હેતુઓ સમજવામાં તદન મુશ્કેલી નહીં પડે.

અત્યારે ડો. અબ્દુલ કલામ સાહબની સ્વ હસ્તે લખેલી પોતાના જીવન ચરિત્રની "પરવાઝ" નામની પુસ્તિકા મારા અભ્યાસ હેઠળ છે જેને બે ત્રણ વરસ અગાઉ જ તેમણે લખી છે. એ જીવન કથાના અમુક લખાણો કશીય ટીકા ટીપ્પણ વિના આપ સમક્ષ રજૂ કરું છું :-

**(૧)** અમે બંને સાંજના લાંબાં અંતરે ચાલવા નીકળી પડતા. શરૂઆત મોસક સ્ટ્રીટથી કરતા અને ટાપુના રેતાળ કિનારાઓ તરફ નીકળી પડતા. એ દરમ્યાન જલાલુદ્દીન અને હું આધ્યાત્મિક (રૂહાની) વિષયો પર ચર્ચા કરતા. રામે□વરનું વાતાવરણ ત્યાં ટોળે ટોળા આવનારા મુલાકાતીઓ (દર્શનાર્થીઓ)ની સાથે અમારી આ ચર્ચામાં સહકારરૂપ થતું. અમારો પ્રથમ પડાવ શીવ ભગવાનના શાનદાર મંદિર પર

થતો. દેશના દૂર દૂરના ખૂણે ખૂણેથી આવનારા દર્શનાર્થીઓની જેમ અમે પણ મંદિરનો તવાફ એ જ શ્રદ્ધાપૂર્વક કરતા અને અમારી અંદર શક્તિની લહેરો દોડતી અનુભવતા." *(પરવાઝ, પેજ–૭, પ્રેસ : રાષ્ટ્રિય કાઉન્સિલ ઉર્દૂના વિકાસ અર્થે–દિલ્હી)*

**(૨)** હું જલાલુદ્દીન (બનેવી) પ્રતિ આશ્ચર્યપૂર્વક જોતો અને પછી મંદિરની આસપાસ દર્શનાર્થીઓના વિશાળ વૃંદોની તરફ જોતો જેઓ સમુદ્રમાં પવિત્ર ડુબકી લગાડતા, રસ્મોને અદા કરતા અને ભજન ગાતા, માનની ભાવના સાથે એ અજાણ હસ્તીના માટે જેને આપણે અદશ્ય કાદિરે મુત્લક કહીએ છીએ. મેં કદી એના પર શંકા નથી કરી કે મંદિરમાં કરવામાં આવેલી પૂજા એ જ મંઝિલે મકસૂદ સુધી એ જ રીતે પહોંચાડે છે જે રીતે મસ્જિદમાં અદા કરવામાં આવેલી ઈબાદત." *(પેજ–૭)*

**(૩)** શ્રી સીતારામ કલ્યાણમના વાર્ષિક પ્રોગ્રામ દરમ્યાન અમારું ખાનદાન નાવડીઓની વ્યવસ્થા કર્યા કરતું હતું, જેમાં એક ખાસ મંચ હોતો જેથી ભગવાનની મૂર્તિઓ મંદિરથી શાદીના સ્થળ સુધી લઈ જવામાં આવી શકે. એ શાદીનું સ્થળ તળાવની મધ્યમાં આવેલ હતું જેને રામતિર્થ કહેવામાં આવતું હતું અને અમારા ઘરથી નજીક હતું. રામાયણ તથા હુઝૂર ﷺના પ્રસંગો મારી માં અને દાદી રાત્રે સૂતી વખતે ઘરનાં બાળકોને સંભળાવતાં હતાં. *(પેજ–૧૦)*

ડો. સાહબ ઈસ્લામી મર્યાદાઓના કૌંસોને વિસ્તારીને મંદિરની ચોખટ તથા પૂજાના હવન સુધી પહોંચાડવામાં જે "રોશન ખયાલ તથા રોશન ઝમીરી"નું પ્રદર્શન કરી રહ્યા છે અને જેમના કાનો ઈસ્લામના પવિત્ર ઈતિહાસની સાથે દેવ દેવીઓની દાસ્તાનો સાંભળવાના આદી હોય એ જાણ્યા પછી આપણને એ પરિણામ તારવવામાં કોઈ અડચણ નડશે નહીં કે તેઓ હિંદના મુસલમાનોને કયા અગ્નિના માળખામાં ગોઠવવાની પયરવી કરી રહ્યા છે ?! નિવેદનો તથા ઘરેલુ સ્થિતિઓને જાણ્યા પછી પણ કોઈ બનાવટી તાવીલ (અર્થઘટન) માટે શક્યતા રહી છે કે તે તેમના 'એઅલામિયા'માં જણાવેલ "ધાર્મિક એકતા"માં સમાવાની કે તેમાં વધારો કરવાની તકલીફ માન્ય રાખશે ? અને "ધાર્મિક એકતા"નો મતલબ "ધર્મવાળા લોકોની એકતા" બતાવીને ડો. અબ્દુલકલામ સાહબના વાસ્તવિક ખયાલોને પાયમાલ કરે ?

## Furec (ફ્યૂરિક)ના હેતુઓ તથા મકસદો

હવે ફ્યૂરિક (**Furec**) એટલે કે **Foundation for unity of religions and Enlightened citizenship** (ધર્મોની એકતા તથા બુદ્ધિજીવી વતનીભાઈઓની એકતાનું ફાઉન્ડેશન)ના બુદ્ધિજન્ય હેતુઓ પણ જોઈ લો ! :–

**કલમ (4)** : માનવીય લાગણીઓને સલામત રાખીને તમામ ધર્મોના સ્વીકાર, તમામ ધર્મોની તા'ઝીમ (સન્માન)ના પાયા પર સૂરત રૂહાની એઅલામિયા (સૂરત આધ્યાત્મિક એલાન)ને ઉત્તેજન આપવું અને અમલી રીતે લાગુ પાડવું. *(Page-5)*

**એટલે કે** ઈસ્લામી રૂહને અભરાઈ પર ચઢાવીને કેવળ માનવીય ભાવના અને હમદર્દીને લક્ષમાં રાખી તમામ ધર્મો હિંદુ, ઈસાઈ, સિખ, જૈન તથા બૌદ્ધ ધર્મને કબૂલ કરવામાં આવે, એ તમામ બાતિલ ધર્મોની તા'ઝીમ કરવામાં આવે અને સક્રિયપણે સૂરત એઅલામિયાને ઉત્તેજન આપતાં એને હિંદુસ્તાનમાં લાગુ પાડવામાં આવે. જ્યારે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની નજીક ધર્મ ઈસ્લામ જ સ્વીકૃત તથા પસંદ

પામેલ છે અને તમામ ધર્મો મરદૂદ તથા બાતિલ છે. પરંતુ "ફયૂરિક"ના બંધારણની આ કલમના હેઠળ આપણને તમામ ધર્મો ન કેવળ કબૂલ કરવા પડશે બલ્કે તેની તા'ઝીમ પણ આપણા પર લાઝિમ થશે !

**કલમ (5) d :** અધિક પ્રમાણમાં ધાર્મિક તહેવારોની ગોઠવણ, સામુહિક લંગર તથા અધિક પ્રમાણમાં ધાર્મિક દુઆઓને લોકપ્રિય બનાવવા માટે ખૂબ જ ધાર્મિક મેળાવાડાઓ તથા જલ્સાઓની ગોઠવણ કરવી.

**એટલે કે** કાલ સુધી હિંદના મુસ્લિમો કેવળ ઈદુલ ફિત્ર, ઈદુ દોહા તથા ઈદે મીલાદુન્નબી... વગેરે મનાવ્યા કરતા હતા, પણ હવે તેમણે હિંદુઓની સાથે મળીને દીવાળી પણ મનાવવી પડશે, હોળી પણ મનાવવી પડશે, ઈદે મીલાદની સાથે કનૈયાની જન્માષ્ટમી પણ મનાવવી પડશે, ઈસાઈઓ સાથે મળીને ક્રિસમસની ગોઠવણ પણ કરવી પડશે અને સિખોની સાથે ગુરૂ નાનક જયંતિમાં પણ ભાગ લેવો પડશે ! એ જ પ્રમાણે કાલ સુધી જેવી રીતે આપણે ખાનકાહોના લગંર વહેંચતા હતા અને તેને ખાતા હતા, પણ હવે ફયૂરિકની આ કલમ હેઠળ મંદિરો અને દેવળોમાં ચઢાવવામાં આવનારા પ્રસાદને પણ વહેંચવો પડશે અને તેને ખાવો પડશે. તેમજ હિંદુ, સિખ, ઈસાઈ તથા બુદ્ધ ધર્મની પ્રગતિ તથા મજબૂતી તેમના પ્રાર્થનાલયોની રક્ષા તથા દરજ્જાઓની પ્રગતિના માટે બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં દુઆ પણ કરવાની રહેશે અને તે લંગરો તથા દુઆઓને લોકપ્રિય બનાવવા માટે વિવિધ ધાર્મિક મેળાવડાઓ તથા જલ્સાઓ ગોઠવવા પડશે.

**કલમ (e) :** આંતર ધર્મિય ચર્ચાઓ તથા ધાર્મિક સમન્વય (એકમતિ)ના માટે વિવિધ ધર્મોના એક સાથે મળીને કામ કરવાના માટે સંયુક્ત પ્લેટફોર્મ પૂરું પાડવું. *(Page-6)*

**એટલે કે** આંતર ધર્મિય ચર્ચાઓને ઉત્તેજન આપવા તથા એકબીજાના ધર્મને સ્વીકારવા માટે તથા તમામ ધર્મોને આપસમાં મિલાવી દેવા માટે એક સંયુક્ત પ્લેટફોર્મ બનાવવું પડશે.

**કલમ (f) :** તમામ ધર્મોની યુનિવર્સલ (આંતર રાષ્ટ્રિય) માન મર્યાદાઓને પ્રગતિ આપવી. *(Page-6)*

**એટલે કે** કોઈ એક મઝહબની માન મર્યાદાઓની ખાસિયતને મિટાવીને તમામ ધર્મોની આંતર રાષ્ટ્રિય માન મર્યાદાઓ એટલે રસ્મો રિવાજ, સ્થિતિઓ દેખાવો, સંસ્કાર, સંસ્કૃતિ તથા કલ્ચર તથા સંબંધોને વિકસાવવા પડશે અને સાથો સાથ તમામ ધર્મોની માન મર્યાદાઓના વૈ□કરણનો પણ સ્વીકાર કરવો પડશે.

**કલમ (i) :** ધર્મોની એકતા પર કિતાબો, ઈન્સાઈકલોપિડિયા, અંકો, દુર્લભ સાહિત્યો, મોનોગ્રાફ (સંશોધનાત્મક લેખો)ના લેખન, સંપાદન, અનુવાદ તથા પ્રકાશનની વ્યવસ્થા કરવી તથા એના માટે ઓડિયો તેમજ વિડિયો મટિરિયલ તથા પ્રચારની અન્ય ટેકનિકલ પદ્ધતિઓને પેદા કરવી. *(Page-6)*

**એટલે કે** હિંદુસ્તાનમાં ધાર્મિક એકતાને વિકસાવવા માટે તમામ પ્રિન્ટ તથા ઈલેક્ટ્રિક પ્રચાર માધ્યમોનો ઉપયોગ કરવો પડશે.

**કલમ (z) :** દુર્લભ મટિરિયલો, પત્રો, ફોટાઓ, પૂતળાંઓ (પથ્થરની મૂર્તિઓ), કલાત્મક કામો, જૂના અવશેષો અને ઈતિહાસ સંબંધી પ્રદર્શનને લગતી ચીજોની રક્ષા કરવી તથા મ્યૂઝિયમ સ્થાપવાં. *(Page-27)*

## સૂરત રૂહાની એઅ્લામિયા (સૂરત આધ્યાત્મિક એલાન)નું બંધારણ શું છે ?

હવે અમુક લખાણો સૂરત રૂહાની એઅલામિયા **Surat Spiritual Declaration**માંથી જોઈએ. યાદ રાખશો ડો. અબ્દુલકલામનું જ તે સૂરત એઅલામિયા છે જેને ઉત્તેજન આપવા માટે **ફ્યૂરિક** (**Furec**)ની સ્થાપ્ના કરવામાં આવી અને આ જ "એઅલામિયા" એ સંસ્થા (ફ્યૂરિક)ના બંધારણમાં પાયાની હૈસિયત ધરાવે છે.

ડો. સાહેબ જણાવે છે :–

**(૧)** આપણે એ જોઈએ છીએ કે આપણી રાષ્ટ્રિયતા કેટલીયે કક્ષાઓ પર અવિ□ાસનો સામનો કરી રહી છે. અન્યના ધર્મ, માન્યતા, ફિલોસોફી તથા ખયાલોના માટે સહિષ્ણુતાનો અભાવ છે એકમતિની કમી છે. સાંસ્કૃતિક તથા કલ્ચરલ મોભાઓની તા'ઝીમની કમી છે. *(Page-40)*

**એટલે કે** અન્ય બાતિલ ધર્મોના અકીદા (માન્યતાઓ) તથા ખયાલોના માટે દરગુઝર વૃત્તિ તથા સન્માનની કમીને દૂર કરવી એ હવે **ફ્યૂરિક**નો પાયાનો હેતુ રહેશે. યાદ રાખશો કે અહીં ડો. સાહેબ બાતિલ અકીદાઓ, ધર્મો, ફિલોસોફી તથા ખયાલો એટલે કુફ્રની સાથે દરગુઝરની કમીની શિકાયત કરી રહ્યા છે, એ (કાંઈ) બાતિલ અકીદા (માન્યતા)ના માનવાવાળાઓ (વિધર્મીઓ) સાથે સુમેળથી વર્તવાની વાત નથી કરી રહ્યા !

**(૨)** મઝહબો ખુશ્નુમા બાગોની જેમ છે. આ એવી જગાઓ છે જે અજોડ ખૂબસૂરતી તથા સુકૂનથી ભરેલી હોય છે. એ પાક બાગોની જેમ છે જે ખૂબસૂરત પક્ષીઓ અને તેના મીઠા કલરવથી ભરપુર છે. મઝહબો ખૂબસૂરત બાગો છે બલ્કે તે ટાપુઓ છે તે જાદૂમય ટાપુઓની જેમ છે. દિલ તથા આત્મા માટે ઉચ્ચ રણદ્વિપ છે. જો મહોબ્બત તથા હમદર્દી થકી એ ટાપુઓને એક ફૂલોના હાર જેવા પ્રોજેકટમાં જોડી શકીએ તો આપણે પોતાની સામે એક પુરસુકૂન, ખુશ તથા ખુશ હાલ હિંદુસ્તાનને જોઈ શકીશું. દરેક મઝહબમાં જોવા મળતી વિ□વ્યાપી સચ્ચાઈઓ મહદ અંશે એક જેવી છે અને તે પાયાની એકતાને લાગુ કરનારા પુલને બનાવવામાં મદદ આપશે. *(પેજ–૪૨)*

**પ્યારા વાંચકો !** કુફ્ર તથા ઈર્તેદાદ (ઈસ્લામથી ફરી જવું)માં ડૂબેલા ઉપરોક્ત લખાણને ધ્યાનપૂર્વક વાંચો. બાતિલ ધર્મો સુંદર બાગોની જેમ છે ! તમામ બાતિલ ધર્મો જાદૂમય ટાપુઓની જેમ છે અને દિલ તથા આત્મા (રૂહ)ના માટે ઉચ્ચ રણદ્વિપ છે ! જો મહોબ્બત અને હમદર્દીના થકી એ ટાપુઓને એક ફૂલોના હારની જેમ પ્રોજેકટમાં જોડી શકીએ, એટલે કે **તમામ ધર્મોને એકબીજામાં ભેગા કરી શકીએ તો ખુશ હાલ હિંદુસ્તાન આપણી રાહ જોઈ રહ્યું છે !** અને વળી કહ્યું એ કે તમામ ધર્મો સાચા છે જે એકતામાં મદદરૂપ થશે.

અહીં સર્વ ધર્મોને "ખુશનુમા બાગો" કહીને આપણને એ પાઠ આપવામાં આવી રહ્યો છે કે "اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامَ" (બેશક ! અલ્લાહની નજીક કેવળ ઈસ્લામ જ પસંદીદ ધર્મ છે.) એ રબ્બાની એલાનને છોડીને સર્વ બાતિલ ધર્મોની પ્રશંસા કરવી તથા તેમને વિ□ાસ તથા પ્રતિષ્ઠાની શ્રદ્ધાંજલી અર્પણ કરવી.

**(૩)** એ હેતુને પ્રાપ્ત કરવા માટે યુવાનોના શિક્ષણ પ્રતિ ધ્યાન કેન્દ્રિત કરવા ઉપરાંત પુખ્ત વ્યક્તિઓ તથા વયોવૃદ્ધ વ્યક્તિઓને જિંદગીની મહત્વતાઓ તથા તમામ ધર્મોની પાયાની રૂહાની એકરૂપતાના બારામાં શિક્ષણ આપવાની જરૂર છે. *(પેજ–૪૨)*

**(૪)** દર મહિને હિંદુસ્તાનના સર્વ ઈલાકાઓમાં એક **"સર્વ ધર્મ સભા"** થાય એ પાયાના સંદેશને પહોંચાડવાના માટે જેની કોશિશ અમ્ન (શાંતિ, સલામતી)ની દુઆ ("લોકોનું માર્ગદર્શન કર કે અન્યની માન્યતાઓનું માન રાખે." દુઆએ અમ્નમાંથી)માં કરવામાં આવી છે અને એ પાયાની સચ્ચાઈઓના બારામાં વિવિધ ધર્મોમાં જોવા મળે છે. *(પેજ–૪૩)*

**(૫)** આ રીતની દુઆથી (એટલે અન્ય ધર્મોની માન્યતાઓના માન માટેની દુઆથી) પ્રથમ દેશના તે હિસ્સામાં જોવા મળતા ધર્મોની દુઆઓ, સન્માન પાત્ર ધાર્મિક તથા રૂહાની (આધ્યાત્મિક) પેશવાઓના થકી લોકોની મૌજૂદગીમાં પઢવામાં આવે. દરેક મહિનામાં એક દિવસ નિશ્ચિત કરવામાં આવે જે કોઈ એક ધર્મના માટે "પવિત્ર દિવસ" હોય, દા.ત. ઈસ્લામ, હિંદુ ધર્મ, ઈસાઈ ધર્મ, સિખ ધર્મ, પારસી ધર્મ, જૈન તથા બુદ્ધ ધર્મ વગેરે. *(પેજ–૪૩)*

**(૬)** વિવિધ ધર્મોના ધાર્મિક લીડરો તથા લોકોના થકી અન્ય ધર્મોના પવિત્ર તથા મુકદ્દસ દિવસોનું સન્માન કરનારી એ રીતની સભાઓની આયોજનપૂર્વકની ગોઠવણી એક અસરકારક સંદેશ આપશે. જો શક્ય હોય તો એવી સભાઓ ધાર્મિક સ્થળો (એટલે મંદિર, મસ્જિદ, દેવળ, ગુરૂદ્વારા, રામલીલા મેદાન, ઈદગાહ વગેરે) પર ગોઠવવામાં આવે જ્યાં અન્ય ધર્મના લોકો પણ ત્યાં એકત્ર થઈ શકે. *(જામે નૂર–દિલ્હી, મે–૨૦૦૬ના સૌજન્યથી)*

ડો. કલામના ઉપરોક્ત લખાણોને ફરીથી ધ્યાનપૂર્વક વાંચો અને તમે જે કલ્મો પઢો છો તેના અર્થ **"નથી કોઈ પૂજવાને લાયક સિવાય અલ્લાહ"**ને સામે લાવો અને વિચારો કે જો ઉપરોક્ત વાતો માની લેવામાં આવે તો કોણ મુસલમાન રહી શકશે ?! અમ્ન, શાંતિ તથા સલામતિથી જીવવા માટે જો ઈસ્લામના વર્તુળથી બહાર ફેંકાઈ જઈને જહન્નમમાં પડવાનું હોય તો પછી એ રીતની શાંતિ તથા સલામતિ ક્યા અક્કલવાળાને માન્ય હશે ?! શું સહાબાએ કિરામને તથા દીનના પૂર્વજ મુજાહિદોને શાંતિથી સલામતિથી જીવવું પસંદ ન હતું ? જરૂર હતું જ ! પણ દીન ઈમાનમાં કુફ્રની ભેળસેળ કરીને જીવવું એના કરતાં મૌત તેમને વહાલું હતું. એટલે સર્વ તકલીફો માન્ય રાખી પણ ઈસ્લામના પવિત્ર અકીદાઓ પર બાતિલ ધર્મ કે માન્યતાઓની શિર્કમય કે કુફ્રી ધૂળને ઉડવા ન દીધી. તેમનો ઈતિહાસ ખોલો અને જુઓ ! વળી આપણે દર નમાઝે દુઆ કરીએ છીએ કે, **"અમને સીધે માર્ગે ચલાવ, એમના માર્ગે જેમના પર તેં એહસાન કર્યું."** એટલે કે **સહાબા** તથા **ઔલિયા**ના માર્ગે ચલાવ. તો **આપણે કોઈ સત્તાધારી કોઈ રાજકરણી લીડર કોઈ દીની જ્ઞાનથી કોરા કહેવાતા દુનિયાવી જ્ઞાનવાળા બુદ્ધિજીવીના માર્ગે ચાલવાનું નથી પણ અલ્લાહવાળાઓના માર્ગે ચાલવાનું છે !** તે દરેક ઈમાનવાળાએ યાદ રાખવું જરૂરી છે.

દીન તથા ઈમાન અને ઈસ્લામના જ્ઞાનથી કોરા એવા આ પ્રકારના રાજકરણીઓ, લાલચુ લીડરો કહેવાતા બુદ્ધિજીવીઓની પ્રવૃત્તિઓને લઈને ઘણી જગ્યાએ મુસ્લિમો કેવી રીતે પોતાના ઈમાનનો જનાઝો કાઢી રહ્યા છે તેની એક ઝલક નીચેના અમુક સમાચારોમાં જોઈ લો !

તા. ૨–૧૨–૨૦૦૫ના 'દિવ્ય ભાસ્કર' દૈનિક પત્રના પેજ નં. ૧૪ ઉપર એક ફોટો **રાજપીપળા** ખાતે હિંદુ ભજનના ડાયરાના સ્ટેજનો છે. જેમાં એક ખાનકાહના કહેવાતા મુસ્લિમ પીર બાવા તથા અન્ય એક બાપુના પુત્ર તથા અન્ય હિંદુ સંત ભગતો જોવા મળે છે. સમાચારમાં લખ્યું છે કે સંત કવિ સતારશા બાપુ કૃષ્ણ ભક્તિના રંગે રંગાયેલા હતા અને આ પ્રોગ્રામમાં "કાનુડા તારી મોરલી વેરણ થઈ રે...." જેવાં ભજનોનો ડાયરો જામ્યો હતો.

તા. ૧૭–૪–૦૬ના 'દિવ્ય ભાસ્કર' દૈનિક પત્રમાં છે કે **ઝિરન્યા (ઇંદોર)**ની મુસ્લિમ જમાતે સંત લક્ષ્મણ ચૈતન્ય બાપુજીને **મસ્જિદમાં હિંદુ મંત્રોચ્ચાર–જાપ કરવા માટે આગ્રહ કર્યો** અને તેમના આમંત્રણને સ્વીકારીને **સંતે ઓમ નમઃ શિવાયનો જાપ કરીને** સર્વધર્મ સદ્‌ભાવનાનો દાખલો બેસાડયો.

તા. ૨–૩–૦૪ના ગુજરાત ટુ ડે માં છે કે **તારાપુર** ખાતે હિંદુ ધર્મગુરૂની શોભાયાત્રા તારાપુર ચોકડી ખાતે જલારામ મંદિરથી નીકળી મસ્જિદ પાસે પહોંચી ત્યારે મુસ્લિમ સમાજ તરફથી મદ્રસા દારુલ ઉલૂમના પ્રિન્સિપાલ મૌલાના જનાબ અ. અહદ કાસમી વગેરેએ સ્વાગત કરી મૌલાનાએ ગુરૂનું ફૂલહારથી સ્વાગત કર્યું.

તા. ૧૨–૧૨–૦૪ના રોજ **સાવલી** ખાતે દારુલ ઉલૂમ ગુલશને કુતુબલ મદારના ઉદ્‌ઘાટન પ્રસંગે કૌમી એકતા સંમેલન યોજાશે જેમાં મંદિરના મહંત તથા મહારાજ તેમજ અમુક મુસ્લિમ સૈયદ સાહબો પ્રવચનો કરશે. એવા સમાચાર છે. *(ગુજરાત ટુ ડે)*

તા. ૧૬–૧૨–૦૪ના ગુજરાત સમાચારમાં છે કે ફિલ્મી હિરો સલમાનખાન જણાવે છે કે તેના પિતા મુસ્લિમ છે અને તેની માતા હિંદુ હોવાથી ઘરમાં ગણપતિની પૂજા નિયમિત થાય છે અને હનુમાનના મંદિરે પણ નિયમિત જાય છે અને એને ત્યાં બંને ધર્મોના તહેવારો ધામધૂમથી મનાવાય છે.

તા. ૧૪–૬–૨૦૦૪ના ગુજરાત ટુ ડેમાં પેજ નં. ૩ ઉપર એક ફોટો છે જેમાં દ્વારકા તથા બદરીક આશ્રમોના શંકારાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી 'જમીયત–એ–ઉલમાએ હિંદ'ના વડા મથકે આવતાં તેમનું શાલ ઓઢાડીને સંસ્થાના પ્રમુખ મૌલાના અસદ મદની ઉભા રહીને તેમનું કયામ સાથે બહુમાન કરી રહ્યા છે ! અને મહામંત્રી મહમૂદ અસદ મદની બાજુમાં કયામની હાલતમાં તા'ઝીમમાં (સન્માનમાં) ઉભા છે ! (નબી કરીમ ﷺની તા'ઝીમમાં સલામ પઢતી વેળા કિયામ કરો, એટલે ઉભા થઈ તા'ઝીમ કરો તો તમારા પર આ દેવબંદી મઝહબવાળા તરફથી શિર્કનો ફત્વો ઝિંકવામાં આવે અને અહીં એઓ શું કરી રહ્યા છે ?! ખૂદ વિચારે !)

આવા સમાચારો રોજ બ રોજ વાંચવા મળે છે. થોડાક સમય પર **જંબુસર**માં કહેવાતા મુસ્લિમ લીડરો થકી આવા સ્વાગત તથા સન્માન કરવાના સમાચાર વાંચવા મળ્યા. તો વળી થોડાક દિવસ પર ગુજરાત ટુ ડે દૈનિકમાં વાંચવા મળ્યું કે **ધોળકા**માં જૈન ધર્મવાળાઓની રથયાત્રા નીકળી તો દરેક મહોલ્લાના મુસ્લિમોએ તેમના ધર્મગુરૂઓને ફૂલહાર પહેરાવીને સ્વાગત કર્યું. એ જ પ્રમાણેના સમાચારો ગૈર કૌમની રથયાત્રાઓ કે સરઘસોમાં મૂર્તિઓને તથા ધર્મવડાઓને ફૂલહાર પહેરાવીને કહેવાતા મુસ્લિમો થકી થતા સ્વાગતના સમાચારો દિવસે દિવસે શહેર શહેર સામાન્ય બનતા જઈ રહ્યા છે.

જ્યાં સુધી વિવિધ ધર્મવાળા વતનીભાઈઓ સાથે મેળમેળાપ તથા સુમેળભર્યો વહેવાર જેમ કે

વરસોથી વેપાર, ધંધા, સામાજિક પ્રવૃત્તિઓ વગેરે સુલેહ શાંતિથી ચાલે છે આ બધું શરીઅતના વર્તુળ હેઠળ હોય તો તેમાં કોઈને વાંધો જ નથી હોતો, એને સૌ સ્વીકારે છે કે એ રીતે એકબીજાને સહાયરૂપ બની દેશની પ્રગતિમાં દરેક વ્યક્તિ સહભાગી બને.

પણ ધર્મોમાં કે ધાર્મિક માન્યતાઓમાં ભેળસેળ કે ચૂંચપાત કરવાથી એકતા સ્થાપી શકાય એ ગણિત તદ્દન ગલત છે ! અને ઈસ્લામ એની ઈજાઝત પણ આપતો નથી. **જે એવું કરવા જશે તે ઈસ્લામના વર્તુળથી દૂર ફેંકાઈ જશે** અને એનો અંજામ આખેરતમાં જહન્નમ છે.

**ચેતવણી** : કેટલાક લોકો કહે છે કે રાજકરણમાં તથા સામાજિક સેવાના કાર્યોમાં હોય તેણે તો એવું બધું કરવું પડે ! અન્ય ધર્મોની પ્રાર્થનામાંય જવું પડે, માથે ટિલક પણ કરાવવું પડે ! બાતિલ મઅબૂદોને નમન કરવું પડે..... વગેરે. પણ સાંભળી લો ! **કોઈ દેખાડવા ખાતર, નાટક કરવા ખાતર પણ એવાં કામો કરશે તે યકીનન ! કુફ્રમાં પડશે. પછી ભલે લીડરશીપનો વહેમ લઈને જીવનભર જે ફાવે તે કરે પણ તેની આખેરત તો તબાહ થઈ જશે એ નોંધી લેશો.** બીજું તો ઠીક, પણ કોઈ ગૈરને કહેવું કે, "તમે પૂજા કરી લો !" એ શબ્દો માણસને ઈસ્લામથી બહાર કરી દે છે, કે એમાં કુફ્રની ઈજાઝત આપવામાં આવી છે અને એ પણ કુફ્ર છે. (વધુ માટે ઈસ્લામના વિધ્વાન ઉલમાની સોહબતમાં જાવ અને દીન શીખો.)

જેથી મુસલમાનોએ કોઈની પણ વાતોથી અંજાયા વિના અલ્લાહ તરફથી મળેલી ઈસ્લામ તથા ઈમાનની દૌલતની કદર સમજીને ઈસ્લામી કાનૂનોનો અભ્યાસ કરીને એના હેઠળ જીવન ગુજારવું જોઈએ અને પોતાની આખેરત તબાહ ન થઈ જાય તેની ચિંતામાં સતત રહેવું જોઈએ. અંતમાં કુર્આન, હદીષ જે આપણા માર્ગદર્શક છે જેની રૂએ ગૈરોના સરઘસોમાં હાજરી વિશે શું હુકમ છે તે અંગે સવાલનો જવાબ ઉલમાની ઝબાની સાંભળી લો અને તેના પર અમલ કરવા કોશિશ કરો :–

**જવાબ** : "કાફિરો તથા મુશ્રિકોના મેળા, જલ્સા, સરઘસો તથા રેલીઓમાં જવું નાજાઈઝ તથા હરામ છે. જે લોકોએ આવા બાતિલ તથા કુફ્રી ધર્મવાળાના સરઘસમાં હાજરી આપી તેમનું સ્વાગત કર્યુ. તેમના ધર્મગુરૂઓને હાર પહેરાવ્યા વગેરે તે સર્વ લોકો સખત ગુનેહગાર અને અલ્લાહ વ રસૂલના તરફથી ધમકીપાત્ર છે. તે સર્વ લોકો કહરે કહ્‌હાર અને ગઝબે જબ્બારથી બચવા માટે સાચા દિલથી તૌબા કરે અને પોતાના તે મહાન ગુનાહની અલ્લાહ તઆલાથી માફી ચાહે અને ભવિષ્યના માટે નિશ્ચય કરે કે ન એવી જગાઓ પર હાજર થશે ન એવી હરકતો કરશે.

હે મુસલમાનો ! સાંભળો ! તદ્દન કુફ્રિયા તથા શિર્કિયા પ્રોગ્રામોમાં હાજરી જરૂર સખત હરામ તથા અતિ બુરો ગુનોહ છે. તમારા રબનું ફર્માન સાંભળો ! ઈર્શાદ છે :–

*وَاِمَّا يُنسِيَنَّكَ الشَّيْطٰنُ فَلَا تَقْعُدْ بَعْدَ الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ* "અને જયારે શૈતાન તમને ભૂલાવી દે તો યાદ આવ્યા પછી જાલિમો સાથે ન બેસો." *(પારા–૭, રુકૂઅ–૧૪)*

બીજી જગાએ સખત ધમકી આપે છે :–

وَقَدْ نَزَّلَ عَلَيْكُمْ فِى الْكِتٰبِ اَنْ اِذَا سَمِعْتُمْ اٰيٰتِ اللّٰهِ يُكْفَرُ بِهَا وَ يُسْتَهْزَاُ بِهَا فَلَا تَقْعُدُوْا مَعَهُمْ حَتّٰى يَخُوْضُوْا فِىْ حَدِيْثٍ غَيْرِهٖ ـ ـ ـ الخ

"અને બેશક ! અલ્લાહ તમારા પર કિતાબમાં ઉતારી ચૂક્યો કે જ્યારે તમે અલ્લાહની આયતોને સાંભળો કે તેનો ઈન્કાર કરવામાં આવતો અને તેની હંસી બનાવવામાં આવતી તો તે લોકોની સાથે ન બેસો જ્યાં સુધી તેઓ અન્ય વાતમાં મશ્ગૂલ ન થાય, નહીં તો તમે પણ તેમની જેવા છો ! બેશક ! અલ્લાહ મુનાફિકો તથા કાફિરો સૌને જહન્નમમાં એકઠા કરશે." *(પારા–૫, રૂકુઅ–૧૭)*

અને જો કાફિરો મુશ્રિકોના મેળાઓ, જલસાઓ, સરઘસોમાં કેવળ હરવા ફરવા અને જોવાના હેતુથી જશે તો પણ નાજાઈઝ તથા ગુનાહ અને હરામ છે.

وَلَا تَعَاوَنُوا عَلَى الْإِثْمِ وَالْعُدْوَانِ "ગુનાહ અને ઝિયાદતી પર એકબીજાની મદદ ન કરો." *(પારા–૬, રૂકુઅ–૫)*

ઉલમા ફર્માવે છે કે મુશ્રિકોના મેળાઓ તથા જલસાઓમાં જઈને તેમની સંખ્યા વધારવી એ તેમના કુફ્ર તથા સરકશીમાં મદદ કરવું છે. અને જો દોસ્તી નિભાવવા તથા સંબંધો કાયમ રાખવા માટે એવા સરઘસોમાં હાજરી આપવામાં આવે તો ઔર સખત ચેતવણી આવી છે. હદીષે પાકમાં છે : "દરેક માણસ તેની સાથે હશે જેનાથી તે મહોબ્બત કરે છે."

અને રબ ફર્માવે છે : وَلَا تَرْكَنُوْٓا اِلَى الَّذِيْنَ ظَلَمُوْا فَتَمَسَّكُمُ النَّارُ "અને જાલિમોની તરફ ન ઝુકો કે તમને આગ સ્પર્શશે." *(પારા–૧૨, રૂકુઅ–૧૦)*

ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે આ'ઝમ, મોહસિને સુન્નિયત ઈમામ અહમદ રઝા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફતાવા રઝવિય્યહ્‌માં એના જેવા સરઘસો તથા જલ્સાઓમાં હાજરીના સંબંધે ઉપરોક્ત આયતોના હેઠળ જણાવે છે : "આહ ! આહ ! હરામ તો દરેક ગુનોહ છે પણ અહીં તો અલ્લાહ વાહિદો કહ્‌હાર એવું ફર્માવી રહ્યો છે કે, **"ત્યાં થોભ્યા તો તમે પણ તેમના જેવા છો !"** મુસલમાનો ! શું કુર્આન શરીફની આ આયતો તમે મન્સૂખ કરી દીધી ?! અથવા અલ્લાહ ﷻની આ સખત ચેતવણીને સાચી નથી સમજ્યા ?! અથવા કાફિરો જેવા થવું કબૂલ કરી લીધું ?! અને જો કાંઈ નથી તો પછી આ ભીડભાડનો અર્થ શો છે ? એ જલસાઓમાં હાજરી શા માટે ? જે ખુદા વ રસૂલ તથા કુર્આનથી વિરૂધ્ધ કરવામાં આવે છે, સભા (સરઘસો)માં હાજરી આપનારા સૌ તે કાફિરોના સમાન છે, તેઓ જાહેરી રીતે બોલીને કાફિર અને આ જીભ વડે કલ્મો પઢે અને દિલમાં ખુદા વ રસૂલ તથા કુર્આનની એટલી ઈજ્જત નથી કે જ્યાં એની તૌહીન થતી હોય ત્યાંથી બચે, જેથી એઓ મુનાફિક થયા ! ત્યારે જ તો ફર્માવ્યું કે, "અલ્લાહ તેમને તથા આમને સૌને જહન્નમમાં એકત્ર કરશે કે હવે અહીં તમે લેક્ચર આપો અને તમે સાંભળો !" ઈલાહી ઈસ્લામી કલ્મો પઢવાવાળાઓની આંખોને ખોલે ! ولاحول ولاقوة الابالله العلى العظيم *(ટૂંકાવીને, ફતાવા રઝવિય્યહ, ભાગ–૧, પેજ–૨૧૭)* વલ્લાહુ તઆલા અઅ્‌લમુ બિસ્સવાબ.

**લખનાર :** (મુફતી) **મુહમ્મદ કલીમ અશ્રફ મિસ્બાહી** (દારુલ ઉલૂમ કાદરિય્યહ્‌ રઝવિય્યહ્‌–પેટલાદ, ૧૬–રબીઉલ આખર શરીફ, હિ.સ. ૧૪૨૭, ઈ.સ. ૧૫–૫–૨૦૦૫)

**યે શહાદત ગહે ઉલ્ફતમેં કદમ રખના હૈ | કી મુહમ્મદ ﷺસે વફા તૂને તો હમ તેરે હૈં**
**લોગ આસાન સમઝતે હૈં મુસલમાં હોના | I [ HCR RLh C{ ÉI F , NCMSલમ તેરે હૈં**

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહની તફસીર ★

وَمَنْ يَّرْغَبُ عَنْ مِّلَّةِ

اِبْرٰهٖمَ اِلَّا مَنْ سَفِهَ نَفْسَهٗ ؕ وَلَقَدِ اصْطَفَيْنٰهُ فِي الدُّنْيَا ۚ

وَاِنَّهٗ فِي الْاٰخِرَةِ لَمِنَ الصّٰلِحِيْنَ ﴿۱۳۰﴾ اِذْ قَالَ لَهٗ رَبُّهٗۤ اَسْلِمْ ۙ

قَالَ اَسْلَمْتُ لِرَبِّ الْعٰلَمِيْنَ ﴿۱۳۱﴾ وَوَصّٰى بِهَاۤ اِبْرٰهٖمُ بَنِيْهِ

وَيَعْقُوْبُ ؕ يٰبَنِيَّ اِنَّ اللّٰهَ اصْطَفٰى لَكُمُ الدِّيْنَ فَلَا تَمُوْتُنَّ

اِلَّا وَاَنْتُمْ مُّسْلِمُوْنَ ﴿۱۳۲﴾ اَمْ كُنْتُمْ شُهَدَآءَ اِذْ حَضَرَ يَعْقُوْبَ

الْمَوْتُ ۙ اِذْ قَالَ لِبَنِيْهِ مَا تَعْبُدُوْنَ مِنْۢ بَعْدِيْ ؕ قَالُوْا نَعْبُدُ

اِلٰهَكَ وَاِلٰهَ اٰبَآئِكَ اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ اِلٰهًا

وَّاحِدًا ۚۖ وَّنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿۱۳۳﴾ تِلْكَ اُمَّةٌ قَدْ خَلَتْ ۚ لَهَا مَا

كَسَبَتْ وَلَكُمْ مَّا كَسَبْتُمْ ۚ وَلَا تُسْـَٔلُوْنَ عَمَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۱۳۴﴾ وَ

قَالُوْا كُوْنُوْا هُوْدًا اَوْ نَصٰرٰى تَهْتَدُوْا ؕ قُلْ بَلْ مِلَّةَ اِبْرٰهٖمَ

حَنِيْفًا ؕ وَمَا كَانَ مِنَ الْمُشْرِكِيْنَ ﴿۱۳۵﴾

**તર્જુમો** : તર્જુમો : અને કોણ વિમુખ થઈ શકે છે દીને ઈબ્રાહીમથી[૧૫૪] તેના સિવાય જેણે મૂર્ખ બનાવી દીધો હોય પોતે પોતાને. અને બેશક ! અમે ચૂંટી લીધા ઈબ્રાહીમને દુનિયામાં અને નિઃશંક ! કયામતના દિવસે નેકોકારોમાં હશે. અને યાદ કરો ! જ્યારે ફર્માવ્યું તેને તેના રબે[૧૫૫] (હે ઈબ્રાહીમ !) ગરદન ઝુકાવી દો ! અર્ઝ કરી, મેં ગરદન ઝુકાવી દીધી સર્વ જગતોના પરવરદિગારની સામે[૧૫૬]. અને વસિયત કરી એ જ દીનની ઈબ્રાહીમે પોતાના પુત્રોને અને યા'કૂબે[૧૫૭] હે મારા બેટાઓ ! બેશક ! અલ્લાહે પસંદ કર્યો છે તમારા માટે આ જ દીન, જેથી તમે હરગિઝ મરશો નહીં પણ એ હાલમાં કે તમે મુસલમાન હોઉ. વળી શું તમે (એ સમયે) હાજર હતા જ્યારે આવી પહોંચી યા'કૂબને મૌત જ્યારે કે પૂછયું તેણે પોતાના પુત્રોને કે તમે કોની ઈબાદત કરશો મારા (ઈન્તેકાલ કરી ગયા) બાદ ? તેમણે અર્ઝ કરી, અમે ઈબાદત કરીશું તમારા ખુદાની અને આપના બુઝુર્ગો ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ તથા ઈસ્હાકના ખુદાની જે ખુદા વહદહૂ લાશરીક છે. અને અમે તેના ફર્માબરદાર રહીશું. આ એક જમાઅત હતી જે ગુજરી ગઈ, તેમને ફાયદો આપશે જે (નેક અમલો) તેમણે કમાયા, અને તમને નફો આપશે જે (નેક અમલો) તમે કમાયા. અને ન પૂછવામાં આવશે તમને એનાથી જે તેઓ કર્યા કરતા હતા. અને (યહૂદી) કહે છે યહૂદી બની જાવ, (ઈસાઈ કહે છે) ઈસાઈ થઈ જાવ (ત્યારે) તમે હિદાયત મેળવી લેશો. તમે ફર્માવો, મારો દીન તો દીને ઈબ્રાહીમ છે જે

બાતિલથી મોઢુ ફેરવનાર હક્ક પસંદ હતો. એમ તેમના શિર્ક કરનારાઓમાંથી ...

## ★ તફસીર ★

**૧૫૪.** મિલ્લતથી મુરાદ દીન તથા શરીઅત છે, કેમ કે મિલ્લતે ઈબ્રાહીમી દીને ફિતરત છે. એટલા માટે દરેક સદ્‌બુદ્ધિવાળો તેને કબૂલ કરવા માટે તૈયાર થાય છે. હા ! જેમની પ્રકૃતિઓ વિકૃત થઈ ચૂકી હોય અને સમજ બગડી ચૂકી હોય તે એને કબૂલ નથી કરતા.

**૧૫૫. ઈસ્લામ**નો મતલબ છે **અલ્લાહના હુકમ સામે ગરદન નમાવી દેવી એટલે પોતાની રાહત તથા તકલીફ, પોતાનો લાભ અલાભ, પોતાની રાય તથા ઈચ્છાને તદ્દન ગણનામાં ન લે,** અને કોઈ દલીલ તથા બહાના વિના પોતાના રબ્બે કરીમના હુકમોનું પાલન કરવા તૈયાર થઈ જાય. આ છે ઈસ્લામનો વાસ્તવિક અર્થ.

**૧૫૬.** એ જ વાયદો હઝરત સૈયદના ઈબ્રાહીમે પોતાના રબથી કર્યો. અને દુનિયા સાક્ષી છે કે એ પાક બાઝ મર્દે કેવી રીતે એ વચનને પાળ્યું. તેમની જિંદગીમાં મુશ્કેલથી મુશ્કેલ પરીક્ષાઓ આવી, પરંતુ એ કુદસી સિફતોવાળી જાતે જે પાકો નિશ્ચય તથા અડગતા અને તસ્લીમો રઝા (સ્વીકૃતિ તથા રાજીપણા)ની સાબિતી આપી છે, તેણે ફરિશ્તાઓને પણ આશ્ચર્યમુગ્ધ કરી આપ્યા ! જ્યારે ગોફણમાં રાખીને નમરૂદની ભડકતી આગમાં આપને ફેંકવામાં આવતા હતા તો જિબ્રઈલ અમીને હાજર થઈને અર્ઝ કરી, "કોઈ હાજત છે ? કોઈ જરૂરત ?" ફર્માવ્યું, "કોઈ હાજત નથી !" જિબ્રઈલે ફરી ગુઝારિશ કરી, "રબને તો સવાલ કરો કે તમને આ આગના શોલાઓથી બચાવી લે !" જવાબ આપ્યો, "જ્યારે તે જાણે છે તો મારે અર્ઝ કરવાની શું જરૂરત ?!"

**૧૫૭.** હઝરત ઈબ્રાહીમ અને હઝરત યા'કૂબ عَلَيْهِمَا الصَّلٰوةُ وَ السَّلَامُ એ પોતાની ઔલાદને ઈસ્લામ ધર્મ પર અડગતાથી રહેવાની વસિયત કરતાં જે શબ્દો ઉચ્ચાર્યા તેનાથી સંક્ષિપ્ત તથા જોરદાર શબ્દો આવવા મુશ્કેલ છે એટલે કે **"મરો તો ઈસ્લામ પર મરજો !"** કેમ કે મૌતે જરૂરથી આવવાનું છે, પરંતુ તેના આવવાનો સમય આપણને ખબર નથી એટલા માટે આવી અટલ તથા અચાનક આવી જનારી ઘડીના માટે માણસે હરપળે તૈયાર રહેવું જરૂરી છે. મતલબ એ થયો કે ઈસ્લામનો દામન દરેક સમયે મજબૂતીથી પકડીને રહો ! એ એક ક્ષણ માટે પણ આ પકડ ઢીલી ન પડે, ક્યાંક એવું ન બને કે એ જ ક્ષણ તમારે માટે અહીંથી કૂચ કરવાની હોય. જો ગફલતની હાલતમાં મૌતનો પેગામ આવી ગયો તો પોતાના કરીમ રબની હુઝૂરમાં શું મોઢુ લઈને જશો ! જિંદગીની આ બાજી જીતવાનો એક જ તરીકો છે કે દરેક સમયે માણસ સાવચેત રહે, પોતાનો દામન ગુનાહોથી ખરડાવા ન દે, નાફર્માની અને સરકશી તો દૂર રહી પણ ગફલતની ધૂળથી પણ પોતાના દિલના આઈનાને ગંદો ન કરે.

**૧૫૮.** યહૂદીઓ તથા નસરાની (ઈસાઈ)ઓને હઝરત ઈબ્રાહીમ عليه السلام ની ઔલાદ હોવા પર ઘણો નાઝ હતો, દરેક મેહફિલ તથા મજલિસમાં એ નિસ્બત પર ઘમંડ કર્યા કરતા હતા અને પોતાની સચ્ચાઈની એ જ દલીલ રજૂ કરતા કે અમે દીને ઈબ્રાહીમના અનુયાયી છીએ, પરંતુ એમના બતાવેલા માર્ગે ચાલવાને બદલે તેમણે ઉલ્ટુ હઝરત ખલીલ عليه السلام ને યહૂદી તથા ઈસાઈ સાબિત કરવાનું શરૂ કરી દીધું હતું. અલ્લાહ તઆલા તેમના પ્રપંચનો પર્દો ચિરતાં તેમની ગલત બયાનીની રદ કરે છે કે, તમારી આ શિર્કથી ખરડાયેલી યહૂદિયત તથા નસરાનિયતથી એ મુવહહિદે આ'ઝમને શો સંબંધ ?! તેમનો પવિત્ર દામન તો એ ખરાબ ધબ્બાઓથી પાક તથા પવિત્ર હતો.

મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૩૯ ★

## વસવસા (બુરા ખયાલો) વિશે

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે : આપ ફર્માવે છે કે ફર્માવ્યું નબી ﷺએ, યકીનન ! અલ્લાહ તઆલાએ મારી ઉમ્મતથી તેના દિલી ખયાલો[1]માં દરગુઝર ફર્માવી દીધી[2] જ્યાં સુધી કે તેના પર કામ અથવા કલામ ન કરી લે[3]. *(મુસ્લિમ, બુખારી)*

તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે હુઝૂર ﷺના સહાબામાંથી અમુક લોકો હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા અને આપને પૂછવા લાગ્યા કે, અમે અમારા દિલોમાં એવા ખયાલો (વસવસા) અનુભવીએ છીએ કે તેને વર્ણન કરવું ઘણો જ મહાન ગુનોહ જણાય છે[4]. ફર્માવ્યું કે, શું તમે એ વાત અનુભવી છે ?[4] અર્ઝ કરી, હા ! ફર્માવ્યું "એ ઉઘાડુ ઈમાન છે !"[5] *(મુસ્લિમ)*

એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ કે તમારામાંથી કોઈની પાસે શૈતાન આવે છે[6] તો તેને કહે છે કે ફલાણી ચીજ કોણે પેદા કરી ? ફલાણી કોને ? ત્યાં સુધી કે કહે છે કે તમારા રબને કોણે પેદા કર્યો ?![7] જ્યારે આ હદે પહોંચે તો "અઊઝુબિલ્લાહ" પઢી લો અને એનાથી દૂર રહો[8].

એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું નબી ﷺએ કે, લોકો એકબીજાને પૂછતા રહેશે, ત્યાં સુધી કે કહેવામાં આવશે કે આ મખ્લૂક તો અલ્લાહે પેદા કરી તો અલ્લાહને કોણે પેદા કર્યો ?![9] તો જે આમાંનું કાંઈક અનુભવે તો કહે, હું અલ્લાહ તથા તેના રસૂલો પર ઈમાન લાવ્યો.[10] *(બુખારી, મુસ્લિમ)*

## ★ સમજૂતી ★

**૧.** 'વસવસા'નો શાબ્દિક અર્થ છે નરમ અવાજ. અને ઈસ્તેલાહમાં બુરા વિચારો બુરા ખયાલોને વસવસો કહે છે અને સારા ખયાલોને 'ઈલ્હામ' કહે છે. વસવસો શૈતાનની તરફથી હોય છે અને ઈલ્હામ રબની તરફથી છે. હક્ક એ છે કે "ગૈર નબીનો ઈલ્હામ શરઈ દલીલ નથી, કેમ કે શંકા છે કે તે શૈતાની વસવસો હોય. *(મિર્કાત તથા અશ્અતુલ લમ્આત)*

**૨.** એટલે કે બુરા ખયાલો (વસવસા) પર પકડ નથી, એ આ ઉમ્મતની વિશિષ્ટતા છે. પાછલી ઉમ્મતોમાં એના પર પણ પકડ હતી. યાદ રાખશો કે બુરા ખયાલો અલગ ચીજ છે અને બુરા ઈરાદા અલગ છે. બુરા ઈરાદા પર પકડ છે એટલે સુધી કે કુફ્રનો ઈરાદો કુફ્ર છે. શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જે બુરો ખયાલ દિલમાં બેઈખ્તિયાર અચાનક આવી જાય છે એને 'હાજિસ' કહે છે તે આવજા કરતો રહેતો હોય છે, આવ્યો અને ગયો. એ પાછલી ઉમ્મતો પર પણ માફ હતો અને આપણા ઉપર પણ માફ છે. પરંતુ જે દિલમાં બાકી રહી જાય છે તે આપણા પર માફ છે અને તેમના પર માફ ન હતો. યાદ રાખશો કે ગુનાહનો ઈરાદો જો કે ગુનોહ છે પણ તેના પર હદ (શિક્ષા) નથી. ઝિનાનો ઈરાદો ગુનોહ છે પણ ઝિના નથી.

**૩.** એટલે કે ગુનાહમાં વાતનો એતબાર છે અને ફેઅલીમાં કામનો.

**૪.** આ સહાબાના ઈમાનના કમાલની દલીલ છે કે વસવસા પર અમલ કરવાનું તો દૂર રહ્યું, તેને જીભ પર લાવતાં પણ ગભરાતા હતા.

**૫.** વસવસો અથવા તેને બુરું સમજવું.

**૬.** એટલે કે વસવસો આવવો એ ઈમાનના કમાલની દલીલ છે. કેમ કે ચોર ભરેલા ઘરમાં જ જાય છે અને શૈતાન મો'મિનની ફિકરમાં વધારે રહે છે. હઝરત અલી મુર્તઝા كرم الله تعالى وجهه الكريم ફર્માવે છે કે, "જે નમાઝ વસવસાથી ખાલી હોય તે નમાઝ યહૂદી તથા નસારા (ઈસાઈ)ની છે." *(મિર્કાત)* અથવા વસવસાને બુરો સમજવો અયન ઈમાન છે કેમ કે કાફિર તો તેને સારો સમજીને તેના પર ઈમાન લઈ આવે છે.

**૭.** ક્યાં તો ખૂદ ઈબ્લીસ, કેમ કે તે આખા જગત પર નજર રાખે છે અને સૌમાં ચક્કર મારતો રહે છે અથવા 'કરીન" જે દરેક માણસનો અલગ અલગ શૈતાન છે અને દરેક સમયે તેની સાથે રહે છે અથવા બુરો માણસ જે એવી વાતો કરીને લોકોને બહેકાવે છે.

**૮.** જ્યારે કે પેદા તે ચીજ કરી છે જે અસ્તિત્વ વિનાની પણ હોઈ શકે. રબ તઆલા વાજિબુલ વજૂદ છે, તેને કોણ પેદા કરે ? અર્દ્દિયાતનો અંત જાતી પર છે, તમામ તારાઓ સૂર્યથી રોશન છે પણ સૂર્ય કોઈનાથી રોશન નથી.

**૯.** એટલે કે એનો જવાબ વિચારવાની કોશિશ પણ ન કરો, નહીં તો શૈતાન સવાલ પર સવાલ કરશે. **અઊઝુબિલ્લાહ** પઢીને તેને ભગાડી દો, દરેક સવાલનો જવાબ નથી આપવામાં આવતો. રબે શૈતાનના સજદો ન કરવા પર તેની દલીલોનો જવાબ ન આપ્યો, બલ્કે ફર્માવ્યું : فَاخْرُجْ مِنْهَا યાદ રાખશો કે **અઊઝુબિલ્લાહ** શૈતાનને ભગાડવા માટે અકસીર છે.

**૧૦.** જેમ કે આજે ખુદાના મુન્કિર નાસ્તિકો કહે છે. કુર્બાન જાવ એ "આલિમે ગુયૂબ" રસૂલ પર કે જેમણે કયામત સુધી થનારા પ્રસંગોની ખબર આપી. મને કરાચીમાં આવો જ સવાલ એક શખ્સે કર્યો હતો. મારા મુખમાંથી નીકળ્યું સદક રસૂલુલ્લાહ. "સાચુ કહ્યું રસૂલલ્લાહે." ﷺ

**૧૧.** એટલે કે બૌદ્ધિક દલીલો વિના તેની જાત તથા સિફતોને માની લીધી. આ હદીષના કારણે અમુક ઉલમા ઈલ્મે કલામ પઢવું તથા પઢાવવું ના પસંદ કરે છે, પણ અમુક ઉલમાએ સમયની સ્થિતિ જોઈને તેને શીખ્યું અને શીખવ્યું પણ શંકાઓ નાખવા માટે નહીં, બલ્કે શંકાઓ દૂર કરવા માટે. બંનેવ અલ્લાહને પ્યારા છે. યાદ રાખશો કે સવાલ કરવાના લીધે તો કાફિર ન થશે પણ સાઈલ જો શંકાના કારણે એવું પૂછે છે તો કાફિર છે અને જવાબ જાણવા ખાતર પૂછે તો (કાફિર) નથી.

## મે-૦૬ના અંકમાં બાકી રહેલું તેમાં જોડી લેવું

**૧૨.** : એટલે કે હુઝૂર ﷺના જાહેરી જમાનામાં ટેમ્પરરી મસ્લેહતોને અનુલક્ષીને મુનાફિકોને કત્લ કરવામાં આવતા ન હતા, ભલે તેમના થકી કુફ્રની નિશાની જાહેર થઈ, જેથી કાફિરો આપણી અંદરની લડાઈથી ફાયદો ન ઉઠાવે. એ જમાનામાં ત્રણ પ્રકારના લોકો માનવામાં આવ્યા : કાફિર, મુસલમાન તથા મુનાફિક. હુઝૂર ﷺના પર્દો કર્યા બાદ નિફાક કોઈ ચીજ નથી, ક્યાં તો કુફ્ર છે અથવા ઈસ્લામ છે. જો કોઈનામાં કુફ્રની નિશાની જાહેર થતી જોવામાં આવે તો કત્લ કરવામાં આવશે. ઉઘાડો કાફિર પણ કત્લ થશે અને છુપો પણ. કેમ કે તે મુર્તદ છે. *(લમ્આત તથા મિર્કાત વગેરે)*

**શું બરકાતે ખ્વાજા આપને ગમ્યું ?!**

**જો ગમ્યું હોય તો આજે જ કમસે કમ પાંચ ગ્રાહકો કરીને સંસ્થાના સરનામે રવાના કરશો.** (જઝાકલ્લાહ !) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

# શિફા શરીફ

شفا شریف

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★
મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી
★ ગુજરાતી અનુવાદક ★
ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

*(વિભાગ : ૯)*

## પ્રશંસા પાત્ર અને ગર્વ કરવા યોગ્ય બાબતોની જુદી જુદી હાલત

આવી બાબતોમાંથી એક માલની અધિક્તા છે, કેમ કે પૈસાદાર માણસ પ્રજાની નજરમાં મહાન પ્રતિષ્ઠિત માનવામાં આવે છે. કેમ કે લોકો સારી રીતે જાણે છે કે, તેઓ પોતાની મોટા ભાગની ઈચ્છાઓ પોતાના માલથી પૂરી કરી લે છે. જો આ શ્રેષ્ઠતા પ્રાપ્ત ન થતી ત્યારે પોતાની જાતથી કોઈપણ ફઝીલત પ્રાપ્ત ન થતી. પરંતુ માલદાર આદમી જો પોતાના માલથી લોકોની જરૂરિયાત પૂરી કરવામાં ઈન્કાર ન કરે અને જે જરૂરિયાતવાળા ઈચ્છુક હોય અને તેના પાસે આવે અથવા તેનાથી પોતાની આશાઓ સલંગ્ન કરે અને તે માલના દ્વારા તેમની ઈચ્છાઓમાં પૂરો ઉતરે અને જરૂરિયાતો પૂરી કરે તો તે લોકોના દિલોમાં પોતાની ઈજ્જત અને પ્રતિષ્ઠાના બીજ વાવી રહ્યો છે અને દુનિયાવાળાના નજીક આ તેને ફઝીલત પ્રાપ્ત છે.

પરંતુ તાકાત ધરાવનાર મનુષ્ય જો માલને અલ્લાહની ઈબાદત, એહસાન અને સારા કાર્યોમાં ખર્ચ કરે અને આવું કરવાથી તેનો હેતુ અલ્લાહને રાજી કરવા અને આખેરતના ખજાના સિવાય કાંઈ ન હોય ત્યારે વાસ્તવમાં આ ફઝીલત છે જે બધાના નજીક સર્વસામાન્ય છે. પરંતુ માલદાર કંજૂસ થઈ જાય અને જ્યાં તેણે માલ ખર્ચ કરવો જોઈએ ત્યાં પણ ખર્ચ ન કરે. પછી તેને કેવળ એકત્ર કરવાની ધૂન લાગી રહે તો આ અધિક માલ હકીકતમાં એવી ખતરનાક બુરાઈ છે જે તેને સલામતીના રસ્તા પર રહેવા નહીં દે, બલ્કે નીચતા તથા અર્ધમતાના શરમજનક ખાડામાં ધકેલી દેશે.

આ માટે જે લોકો અધિક ધનના કારણે કોઈની પ્રશંસા કરે છે તો તે તેની ફઝીલત નથી, પરંતુ ફઝીલત એ કારણથી છે કે, માલવાળો તેને ઠીક સમયે અને સારા કામોમાં ખર્ચ કરતો હોય. જો માલદાર આદમી તેને ઠીક સમયે ખર્ચ ન કરે એટલે જે કામોમાં તેણે ખર્ચ કરવો જોઈએ તેના પર ખર્ચ ન કરે તો હકીકતમાં ન તે ઈજ્જતદાર છે ન માલદાર. આવો શખ્સ બુદ્ધિશાળીઓ પાસે તુચ્છ છે. જ્યારે આવો આદમી દૌલત પાસે રાખવા છતાં પોતાની જરૂરિયાતો પણ પૂરી ન કરી શક્તો હોય, જો કે તે તેના પર સમર્થ છે ત્યારે તે માલદાર નથી પણ કેવળ માલનો રક્ષક છે અને હકીકતમાં માલદાર તે છે જેના પાસે માલ કેવળ થોડો જ હોય પરંતુ તે તેના ફાયદાઓનો લાભ ઉઠાવનાર થઈ ગયો હોય.

### ★ હુઝૂરની નજરમાં દુનિયાની સંપત્તિઓ ★

જો હકીકતનો તલબગાર આપણા આકા વ મૌલા સૈયદના મુહમ્મદ ﷺ ની સીરતે પાકનું અધ્યાયન કરે તો માલના વિષયમાં પણ આપની ઉત્તમ આદતો મધ્યાન્હના સૂર્યની જેમ સ્પષ્ટ નજરે પડશે. કેમ કે અલ્લાહ તઆલાએ આપને જમીનના ખજાના અને દુનિયાભરની નેઅમતો અર્પણ કરી હતી, ગનીમતોને આપના માટે હલાલ ઠરાવી હતી અને આપની મુકદ્દસ હયાતીમાં હિજાઝ અને યમનના તમામ શહેર, ટાપુઓ, શામ અને ઈરાકના જોડાએલ ઈલાકા જીતી લીધા હતા, જ્યાંથી ખમ્સ (પાંચમો ભાગ) જિઝીયા અને સદકા દ્વારા એટલો માલ

આપની ખિદમતમાં આવતો હતો જેટલો આના પહેલાં કોઈ બાદશાહને પણ નસીબ થયો ન હતો. આ સિવાય મહાન બાદશાહો આપની ખિદમતમાં ખૂબ જ કિંમતી ભેટો મોકલતા હતા છતાં પણ તેમાંથી આપે પોતાની જાત માટે ક્યારેય પણ એક દિરહમ પણ ઉઠાવીને રાખ્યો ન હતો ! જો કે તેને ઠીક સમય પર ખર્ચ કરતા રહ્યા હતા. બીજાઓને તેના દ્વારા માલદાર બનાવી દીધા અને મુસલમાનોની આર્થિક સ્થિતિને મજબૂતથી મજબૂત બનાવતા રહ્યા.

નબીયે કરીમ ﷺએ ફર્માવ્યું છે કે, મારા પાસે ઓહદ પહાડના બરાબર સોનું કેમ ન આવી જાય અને હું તેનામાંથી એક દિનાર પણ રાખી લઉં તો આ વાત મને પસંદ નથી પડતી, સિવાય કે તેને દેવું અદા કરવાના માટે થોડું રાખી લેવામાં આવે.

એક વખતે આપના પાસે ઘણા દિનાર આવ્યા. આપ તેને મુસલમાનોમાં બરાબર વહેંચતા રહ્યા. પરંતુ કેટલાક દિનાર તેમાંથી બચ્યા. જે અઝવાજે મુતહ્હરાતમાંથી કોઈ એકના પાસે આપે રાખી દીધા, તેના કારણે આખી રાત આપને ઉંઘ ન આવી, ત્યાં સુધી કે સવાર પડી અને તેને પણ વહેંચી દીધા અને ફર્માવ્યું કે, મારી બેચેની હવે દૂર થઈ ગઈ છે ! આપે મૃત્યુ સમયે પત્ની અને બાલ બચ્ચાંના કારણે આપનું બખ્તર એક આદમી પાસે ગીરવી મૂક્યું.

## ★ સરવરે કૌનૈનની જિંદગીની જરૂરિયાતો ★

સરવરે કૌનોં મકાં ﷺએ ખાવા પીવાનો, પહેરવેશ અને મકાન વગેરે માટેનો સામાન ખર્ચ કરવા જેટલો જ ભાગ ગ્રહણ કર્યો હતો જેના વગર કોઈ ઉપાય ન હતો. એનાં કરતાં વધારે માટે આપની તબિયત ક્યારેય પણ આકર્ષિત થઈ ન હતી. જે કપડુ પ્રાપ્ત થતું આપ તે જ કપડુ પહેરી લેતા હતા. વખતો વખત આપનો પહેરવેશ, અમામો, ખરબચડી ચાદર અને જાડી લુંગી હતી. જો કે બીજા લોકોમાં આપ રેશમના લાંબા ઝબ્બાઓ વહેંચતા રહેતા હતા. જેની અંદર સોનાના તાર રહેતા હતા અને જે લોકો એ સમયે બારગાહે અકદસમાં હાજર ન હોતા, તેમના માટે રાખી મૂક્તા હતા.

આ ઓછાપણાનું કારણ એ પણ છે કે પહેરવેશની શોભા ગર્વ કરવા પાત્ર નથી અને સજ્જનતા અને બુઝુર્ગીનું નિશાન નથી, કેમ કે પહેરવેશના દ્વારા શણગાર કરવો ઔરતોની ખાસિયત છે. પહેરવેશની બાબતમાં પ્રશંસાપાત્ર એ પાસું છે કે કપડું સાફ ચોખ્ખુ અને મધ્યમ કક્ષાનું હોય. એવો પહેરવેશ કદાપી પણ પહેરવો ન જોઈએ જે આદમીને પોતાના મિત્રગણમાં મશ્કરી પાત્ર બનાવે અથવા લોકો તેને તિરસ્કારની નજરથી જુએ. અને એવો પહેરવેશ ન હોવો જોઈએ જે પોતાની શક્તિથી વધીને કેવળ ખ્યાતિ પ્રાપ્ત કરવા માટે પહેરવામાં આવે. એનાથી વધીને મધ્યમ માર્ગ ધારણ કરવો જોઈએ. શરીઅતે મુતહ્હરાએ પણ આવા પહેરવેશની નિંદા કરી છે જે ગર્વ કરવા માટેના હેતુથી પહેરવામાં આવે. બડાઈની બીમારી અધિક માલ અને ઈજ્જતની ઈચ્છાથી પૈદા થાય છે.

આવી જ હાલત ઉમદા વિશાળ મકાન અને અધિક નોકર ચાકર અને સામાન વગેરેની છે. અધિક માલના જેમ તેની અધિક્તા પર ગર્વ કરવો વ્યર્થ છે. કમાલ તો એ છે કે, એક શખ્સ દુનિયા અને સંસારમાં જે કાંઈ છે તે બધાનો બાદશાહ હોય, તેના પર કાબૂ ધરાવતો હોય તેમ છતાં પરહેઝગાર અને સંતોષ ધારણ કરે. માલને પોતાના પાસે રાખવાથી નફરત કરે અને તેના કારણે પોતાની જરૂરિયાતોમાં ખર્ચ કરવાનું તર્ક કરી દે. આ માલના સિલસિલામાં એવી મુકદ્દસ આદત જે બધાના નજીક ફઝીલતનું કારણ છે અને આ એ ઉત્તમ આદત છે જે ગૌરવનો સામાન છે. એ માટે માલો દૌલતથી આવી રીતે ઉપેક્ષા કરવી અને ફાની હોવાના કારણે તેની તરફ લગાવ ન રાખવો બલ્કે બીજાઓ જે સ્થળો પર અને લોકો પર તેને ખર્ચ કરવા ઈચ્છે તેના પર ખર્ચ કરી લે તે પ્રશંસાપાત્ર અને શાબાશી લાયક આદત મુબારક માનવીય કમાલની મેઅરાજ છે.

દરેક મુસ્લિમે જાણવી જરૂરી ઈલ્મ

એટલે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## વિલાયતનું વર્ણન

"વલી" તે સહીહુલ અકીદાવાળો નેક મુસલમાન છે જેને માઅરેફત અને અલ્લાહની મકબૂલિયતનો એક દરજજો મળ્યો હોય. ઘણુ કરીને શરીઅત પ્રમાણે ઈબાદત અને મહેનત કર્યા પછી વિલાયતનો મર્તબો પ્રાપ્ત થાય છે. પરંતુ કદીક શરૂઆતમાં જ મહેનત, મુજાહિદા વિના પણ મળી જાય છે. તમામ વલીઓમાં સૌથી મોટો મર્તબો ચાર ખલીફાઓ એટલે કે હઝરત અબૂબક્ર સિદીક, હઝરત ઉમર, હઝરત ઉષ્માન, હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નો છે. વલીઓ દરેક સમયે થયા છે અને કયામત સુધી થયા જ કરશે પરંતુ એમને ઓળખવા સહેલુ નથી.

અવલિયા અલ્લાહને અલ્લાહ તઆલાએ અસાધારણ શક્તિ અર્પણ કરી હોય છે. જેઓ એમનાથી સહાય માંગે છે તેમને હજારો માઈલ દૂરથી પણ સહાય પહોંચાડે છે. એમનો ઈલ્મ (જ્ઞાન) પણ ઘણો જ વિશાળ હોય છે, ત્યાં સુધી કે કેટલાકને તો જે કાંઈ થયું અને જે કાંઈ થશે તેનું જ્ઞાન તેમજ લોહે મહફૂઝની પણ ખબર આપવામાં આવે છે. કુર્આન મજીદ અને હદીષ શરીફમાં સહાબાએ કિરામની ઘણી જ ફઝીલત આવી છે, અલ્લાહ તઆલાએ એમને "ખૈરે ઉમ્મત"નો લકબ આપ્યો અને ફર્માવ્યું છે કે અમે એમનાથી રાજી અને એ અમારાથી રાજી છે. જેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે, "મારા સહાબીઓને બુરા (ખરાબ) ન કહો." (અલ્લાહ તઆલા પાસે એમની મહાન મકબૂલિયત છે.) "તમારામાંથી કોઈ ઓહદ પહાડ જેટલું સોનું અલ્લાહના રસ્તામાં ખૈરાત કરે તો તેમની એક મુઠ્ઠીની બરાબર પણ નહીં થઈ શકે." બીજી હદીષમાં ફર્માવ્યું છે કે, "અલ્લાહથી ડરો ! અલ્લાહથી ડરો ! મારા સહાબીઓના વિષયમાં મારા પછી (નુક્તાચીની માટે) એમને નિશાન ન બનાવશો. જે એમનાથી મહોબ્બત કરે છે તે મારી મહોબ્બતને કારણે એમનાથી દુશ્મની રાખે છે તે મારાથી દુશ્મનીના કારણે રાખે છે. અને જેણે એમને તકલીફ પહોંચાડી તેણે મને તકલીફ પહોંચાડી અને જેણે મને તકલીફ પહોંચાડી તેણે બેશક ! અલ્લાહ તઆલાને તકલીફ પહોંચાડી અને જેણે અલ્લાહ તઆલાને તકલીફ પહોંચાડી તેને ખૂબ જ જલ્દી અલ્લાહ તઆલા પકડશે. (અર્થાત : અઝાબમાં નાખશે.)

હઝરત શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ "તકમીલુલ ઈમાન"માં લખે છે કે, અવલિયા અલ્લાહ વફાત પછી પણ મખ્લૂકે ખુદાનાં કામોમાં તસર્રુફની તાકાત ધરાવે છે એમને વસીલારૂપ કામોમાં તસર્રુફની તાકાત ધરાવે છે. એમને વસીલારૂપ બનાવવા અને એમનાથી મદદ માંગવી અસરકારક અને સાબિત છે.

હઝરત અલ્લામા તફતાજાની رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબ "શર્હે મકાસિદ"માં અહલે સુન્નતની નઝદીક મુરદાઓના ઈલ્મ અને જાણકારીના વિશે સ્પષ્ટતા કરતાં લખ્યું છે કે "એટલા જ માટે અવલિયાએ કિરામની કબરોની ઝિયારત કરવી અને બુઝુર્ગોની અરવાહોથી મદદ માંગવી જાઈઝ અને ફાયદાકારક છે.

હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે "જેનાથી જિંદગીમાં મદદ માંગી શકીએ છીએ એનાથી તેના મૃત્યુ પછી પણ મદદ માંગી શકાય છે." (શર્હે મિશ્કાત) વળી આપ પોતાની કિતાબ

"લદુન્નિયા"માં પણ લખે છે કે, રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે જ્યારે અલ્લાહ તઆલા બંદાના દિલની આંખો ખોલી દે છે ત્યારે તે ગયબની વાતો જાણી લે છે અને આ રૂહ શરીરના મરવાથી મરતી નથી."

અવલિયાએ કિરામની વફાત પછી એમની ખૂબીઓ અને તાકાતો એમની જાહેરી જિંદગીમાં જે હતી તેનાથી ઘણી જ વધી જાય છે. જેમ કે હઝરત શૈખ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ "તકમીલુલ ઈમાન"માં લખે છે કે, અવલિયા અલ્લાહ વફાત પછી પણ મિસાલી શકલો–સૂરતમાં જાહેર થઈ પોતાના તાલિબોની તા'લીમ અને મદદ પણ કરે છે. અને આ વાતનો ઈન્કાર કરનારાઓ પાસે ઈન્કાર કરવા માટેની કોઈ દલીલ કે પ્રૂફ નથી. એક શેખે ફર્માવ્યું છે કે, ચાર બુઝુર્ગોને મેં જોયા કે તેઓ પોતાની કબ્રોમાં પણ એવી જ રીતે તસર્રૂફ કરે છે જેવી રીતે કે પોતાની જાહેરી જિંદગીમાં કરતા હતા, બલ્કે તે કરતાં પણ વધારે. એ ચારમાં એક હઝરત શેખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ અને બીજા બે બુઝુર્ગો કહ્યા છે.

બુઝુર્ગોના મઝાર પર હાજરી આપવામાં ભલાઈ, બરકત, ફયૂઝ અને નેક બખ્તી છે. એમને ઈસાલે સવાબ કરવો એ ઘણુ નેક કાર્ય અને બરકતનું કારણ છે. હઝરત શાહ વલીયુલ્લાહની "અન્ફાસુલ આરેફીન" અને હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહબની "તોહફાએ ઈશ્ના અશ્રીયા"ની ઈબારતો–લખેલા વાક્યોથી સ્પષ્ટ છે કે, "વલીઓને એમના મઝારમાં પણ લોકોના હાલાતની ખબર થાય છે, અને મઝાર પર આવનારને ઈચ્છે તેની ખબર પણ આપે છે. અને હઝરત અલી અને એમની અવલાદને તમામ ઉમ્મત પોતાના પીરની જેમ માને છે. જે કાંઈ બાબતો ઉપસ્થિત થાય છે તેને એવણથી સંબંધિત સમજે છે અને એમના નામની (સવાબ અર્થેની) ફાતેહા નઝર, ન્યાઝ, દુરૂદ, સદકાત કરવાનો તમામ ઉમ્મતમાં રિવાજ છે. જેમ કે તમામ અવલિયા અલ્લાહ સાથે પણ એ જ રીતે ફાતેહા, નઝર, ન્યાઝ ઉર્સની પ્રણાલિકા છે. હુઝૂર ﷺ દર વર્ષે ઓહદના શહીદોની કબ્રોની ઝિયારત માટે જતા હતા.

**અવલિયાએ કિરામનો ઉર્સ એટલે** કે દર વર્ષે વફાત શરીફના દિવસે ભેગા મળી કુર્આન મજીદ પઢવું, ફાતેહા પઢવી, વાઅઝ રાખવી વગેરે નેક કામો સારી બાબત છે અને સવાબનું કામ છે. રહ્યાં નાજાઈઝ કામો જેવાં કે નાચ–રંગ, ખેલ, તમાશા, તો તે ગમે તે હાલતમાં ગમે ત્યાં પણ નાજાઈઝ અને હરામ જ છે, વળી મઝારાત શરીફ પર તો વધારે ખરાબ અને હરામ છે. (આજકાલ જે **કવ્વાલીઓના મુકાબલા** રાખવામાં આવે છે, કવ્વાલ–કવ્વાલણના ફોટાવાળા પરચા બહાર પડે છે, જગ્ગાર ખેલાઈ છે, બેપર્દા ઔરતો–મર્દોની ભેળસેળ થાય છે, સૌ **હરામ** છે. એ રીતે **ઉર્સ કરનારા** સખત **ગુનેહગાર** થશે.–*પ્રકાશક*)

**દાઢી મૂંડાવનાર કે ખસ ખસી કરનાર પાછળ નમાઝ થતી નથી !**

**મસ્અલો :** દાઢી વધારવી અંબિયા علیہم السلام ની સુન્નત છે, મૂંડાવવી અથવા એક મૂઠથી ઓછી કરાવવી **હરામ** છે. જો એક મૂઠથી વધારે લાંબી થઈ જાય તો જેટલી વધારે હોય તેટલી કપાવી શકાય છે. *(દુર્રે મુખ્તાર બહવાલા કાનૂને શરીઅત, ભાગ–૨)*

**ચેતવણી :** આજકાલ કેટલાક ઈમામ બનનારા હાફિઝ તથા અમુક મૌલ્વી દાઢીને એક મૂઠથી કમ કરાવે છે, દાઢી કતરાવે છે અથવા કેટલીક જગ્યાએ નામની ચોખા ચોખા જેટલી દાઢી દેખાવ પૂરતી રાખનારા ઈમામત કરવા મંડી પડે છે તો એમની પાછળ નમાઝ મકરૂહે તેહરીમી દોહરાવવી વાજિબ થશે. તો ઈમામ બનનારે કોઈપણ સંજોગોમાં શરીઅત પ્રમાણે એક મૂઠ જેટલી દાઢી રાખવી અનિવાર્ય છે.

# कार्यालय फतवा विभाग

## બારીક લુંગી, કફની કે ઓઢણીથી નમાઝ થશે નહીં !

**સવાલ** : બારીક (પાતળી) લુંગી પહેરીને કે પાતળી ઓઢણી ઓઢીને નમાઝ થશે કે નહીં ? બૈયનૂ તુજરૂ.

**જવાબ** : એટલુ બારીક કપડુ જેનાથી શરીરનાં અંગો જાહેર થાય એને પહેરીને નમાઝ પઢવી જાઈઝ નથી, ચાહે લુંગી હોય (કફની) કે ઓઢણી. જેમ કે સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ લખે છે કે અમુક લોકો બારીક સાડીઓ તથા લુંગી બાંધીને (કે પાતળી કફની પહેરીને) નમાઝ પઢે છે કે જાંગ (અથવા મર્દનો દુંટી નીચેનો ભાગ) ચમકે છે તેમની નમાઝો નથી થતી. અને એવું કપડું પહેરવું જેનાથી સતરે ઔરત ન થઈ શકે (છુપાવવાનાં અંગો ન ઢંકાઈ) એ તો નમાઝ બહાર પણ હરામ છે. *(બહારે શરીઅત, ભાગ–૩, પેજ–૪૨)* અને લખે છે કે એટલી બારીક ઓઢણી જેનાથી વાળોની કાળાશ ચમકે સ્ત્રીએ ઓઢીને પઢી તો નમાઝ ન થઈ, જ્યાં સુધી કે એના પર કોઈ એવી ચીજ ન ઓઢે જેનાથી વાળ વગેરેનો રંગ છુપાઈ જાય. *(બહારે શરીઅત, ભાગ–૩, પેજ–૪૩)* અને ફતાવા આલમગીરી મઅ ખાનિયા, ભાગ–૧, પેજ–૬૦ પર છે :–

الثوب الرقيق الذى يصف ما تحتر لا تجوز الصلاة فيه۔۔

અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફતી) ઈઝહાર અહમદ નિઝામી

**અલ્જવાબુ સહીહુન** : જલાલુદ્દીન અહમદ અમજદી

**નોંધ** : પાતળી કફની પહેરી મર્દ નમાઝ પઢે અને પીઠ, છાતી, ગળાનું હાડકુ વગેરે શરીર ચમકતુ દેખાય તો નમાઝ મકરૂહે તહરીમી થશે.

## સિજદામાં બંને પગો અધ્ધર કર્યા તો નમાઝ ગઈ !

**સવાલ** : સિજદામાં બંને પગો જમીનથી અધ્ધર રહ્યા અથવા કેવળ આંગળીની ટોચ જમીનથી અડેલી રહી તો નમાઝ થશે કે નહીં ? બૈયનૂ તુજરૂ

**જવાબ** : સજદાની હાલતમાં બંને પગો જમીનથી ઉઠેલા રહ્યા અથવા કેવળ આંગળીઓનાં માથાં (ટોચ) જમીનથી લાગી તો નમાઝ થશે નહીં. જેમ કે હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ લખે છે કે, "પગોની એક આંગળીનું પેટ જમીનથી લાગવું સિજદા માટે શર્ત છે. તો જો કોઈએ એ રીતે સિજદો કર્યો કે બંને પગો જમીનથી અધ્ધર ઉઠેલા રહ્યા તો નમાઝ થશે નહીં. બલ્કે જો કેવળ આંગળીની ટોચ જમીનથી લાગી, તો પણ ન થઈ. *(બહારે શરીઅત, ભાગ–૩, પેજ–૭૧)* અને હઝરત અલ્લામા હસ્કફી رحمۃ اللہ علیہ લખે છે :–

ومنها السجود بجبهته وقد ميه ووضع اصبع واحدة۔۔

*(દુર્રે મુખ્તાર મઅ શામી, ભાગ–૧, પેજ–૩૦૦)* અને હઝરત અલ્લામા ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہ લખે છે : لولم يضع شيئًا من القد مين لم۔۔ *(રદ્દુલ મુહતાર, ભાગ–૧, પેજ–૩૦૦)* અને મુજદ્દિદે દીનો મિલ્લત હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ લખે છે કે, સિજદામાં ફર્ઝ છે કે કમસે કમ પગોની એક એક આંગળીનું પેટ જમીનથી લાગેલું હોય અને દરેક પગની મોટા ભાગની આંગળીઓનું પેટ જમીનથી લાગેલું હોવું વાજિબ છે. પગોને જુઓ આંગળીઓના છેડા જમીનથી લાગેલા હોય છે, કોઈ આંગળીનું પેટ બિછાવેલું નથી હોતું તો સિજદો બાતિલ નમાઝ બાતિલ. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧, પેજ–૫૫૬, ટૂંકાવીને વહુવ તઆલા અઅ્લમ.)*

**લખનાર** : મુહમ્મદ અબ્દુલ હક્ક કાદરી

**અલ્જવાબુ સહીહુન** : જલાલુદ્દીન અહમદ અમજદી [હવાલો : ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા, અવ્વલ, ઓઝાગંજ, પેજ–૨૯, ૩૦)

## રહમતે દોઆલમ ﷺ ના શયદાઈ

★ રજૂકર્તા ★
ફરજાનાબેન અલી પટેલ (દયાદરા)

### હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ

હઝરત અબૂ ઉબૈદા શામ (સીરિયા)માં દાખલ થયા તો એમણે શસ્ત્રોથી સજજ રૂમીઓના મોટા મોટા લડવૈયાઓને દરેક જગ્યાએ જંગના માટે તૈયાર જોયા. એમના મુકાબલામાં હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہની જમાઅત આટામાં મીઠા (નમક) બરાબર હતી જેથી હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ થોડા લશ્કરની સાથે બુસરા અને મઆપને તાબામાં કરતા જાબીયા પહોંચી ગયા અને ત્યાંથી હિરકલની જબદસ્ત જંગી તૈયારીઓનો હાલ દરબારે ખિલાફતમાં લખી મોકલ્યો. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہનો પત્ર મળતાં જ એક તરફ તો મદીના મુનવ્વરાથી મદદ માટે ફોજો રવાના કરી દીધી અને બીજી તરફ હઝરત ખાલિદ બિન વલિદ رضی اللہ عنہને ઈરાકમાં ઈરાનીઓની વિરોધમાં જેહાદમાં સામેલ હતા ત્યાં હુકમ મોકલ્યો કે તમે પોતાના લશ્કરને લઈને ઈરાકથી શામ પહોંચી જાવ. સાથે જ હઝરત યઝીદ બિન અબી સુફયાન رضی اللہ عنہ, હઝરત શરજીલ બિન હસના رضی اللہ عنہ, હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہને સંદેશો મોકલ્યો કે પોતાની ફોજો લઈને હઝરત અબૂ ઉબૈદાની પાસે પહોંચી જાવ. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہની પાસે મદદનીશ ફોજો પહોંચી ગઈ અને હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ પણ એમને જઈ મળ્યા તો એમણે સૌથી પહેલાં અજનાદીનની તરફ રૂખ કર્યું જયાં રૂમીઓનું એક જબદસ્ત લશ્કર મુસલમાનો પર હુમ્લો કરવાની તૈયારી કરી રહ્યું હતું. ૨૮ જમાદીઉલ અવ્વલ હિ.સ. ૧૩ અજનાદીનના નજીક બંને લશ્કરોની વચ્ચે ઘમસાણની લડાઈ થઈ. રૂમીઓએ જોશભેર જંગ કરી પરંતુ મુસલમાનોના ઈમાની જોશની સામે એમનું કાંઈ પણ ન ચાલ્યું અને તેઓ મેદાને જંગમાં પોતાના ત્રણ હજાર માણસોને કપાવીને ભાગી છૂટયા. મુસલમાનોએ રૂમીઓનો પીછો કર્યો તો રસ્તામાં એમને એક સાંકડી ઘાટી મળી જેમાંથી માત્ર એક એક માણસ પસાર થઈ શક્તો હતો જે મુસલમાન આ જગ્યાએથી પસાર થઈ ગયા એમનાથી રૂમી લડવા લાગ્યા. મુજાહિદોમાં હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہના ભાઈ હઝરત હેશામ બિન આસ رضی اللہ عنہ પણ હતા. તેઓ સાબિકૂન અવ્વલૂન (પહેલા ઈમાન લાવનાર)માંથી હતા અને બે હિજરતોથી ખાસ હતા. જેવા એ સાંકડી ઘાટીમાંથી પસાર થવા લાગ્યા તો રૂમીના તીરથી શહીદ થઈને પડી ગયા. હવે જે મુસલમાન ત્યાં પહોચતા હતા તે હઝરત હેશામ رضی اللہ عنہની લાશ પર થઈને ઘોડો લઈ જવાનુ પસંદ કરતા ન હતા અને ત્યાં રોકાઈ જતા હતા. હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہએ આ હાલત જોઈ તો એમણે મુસલમાનોને લલકારીને કહ્યું ! :–

"મુસલમાનો ! અલ્લાહ તઆલાએ આપણા ભાઈને શહાદતના મર્તબા પર બિરાજમાન કર્યો અને એની રૂહને ઉઠાવી લીધી. અહીંયા તો હવે માત્ર એનું શરીર છે એટલા માટે તમે લોકો એમની લાશ પરથી ઘોડા લઈ જાવ ! અને ઘાટીની પાર મુસલમાનોની મદદે પહોંચો."

આમ કહીને એ પોતાનો ઘોડો આગળ લાવ્યા, સાથે જ બીજા લોકો પણ ચાલી નીકળ્યા. હઝરત હિશામ رضی اللہ عنہની લાશના ટુકડે ટુકડા થઈ ગયા. પરંતુ મુસલમાનોએ રૂમી ભાગેડુઓના પણ ફૂર્ચા

ઉડાડી દીધા. લડાઈના અંતે હઝરત હિશામ رضی اللہ عنہની લાશના ટુકડાઓને કોથળામાં ભરીને દફનાવી દીધા.

અજનાદીનના જંગ પછી હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ અને હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ દમિશ્કનો ઘેરાવ કરી લીધો. દમિશ્કનો ઘેરાવ હજુ ચાલુ હતો કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ વફાત પામી અને હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ખિલાફતની ગાદી પર આવ્યા. ફારૂકી ખિલાફત દરમ્યાનમાં જ એક દિવસે હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ દીવાલ કૂદી ગયા અને શહેરના દરવાજાઓ ખોલી દીધા. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ પોતાની ફૌજની સાથે તૈયાર ઊભા હતા, તેઓ તરત શહેરની અંદર પ્રવેશી ગયા. શહેરવાળાઓએ હથિયારો નાખી દીધાં, અને હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ થી સુલેહ કરી લીધી. હઝરત ખાલિદ رضی اللہ عنہને એની ખબર ન હતી. અને તેઓ શહેરના બીજા ભાગમાં ઈસાઈઓથી લડતા લડતા આગળ વધી રહ્યા હતા. શહેરના મધ્યમાં હઝરત ખાલિદ رضی اللہ عنہથી હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ સામે આવ્યા તો હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ હઝરત ખાલિદ رضی اللہ عنہને જણાવ્યું કે મેં શહેરવાળાઓને અમાન આપી દીધી એટલા માટે તમે પણ પોતાનો હાથ રોકી લો. હઝરત ખાલિદ رضی اللہ عنہએ એ જ સમયે તલ્વાર મ્યાનમાં નાખી દીધી. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ હઝરત ખાલિદ رضی اللہ عنہના જીતેલા શહેરના ભાગને પણ સુલેહમાં ગણી લીધો અને દમિશ્કના પર ઈસ્લામનો ઝંડો ઊંચો કરી દીધો.

અમુક ઈતિહાસકારોએ લખ્યું છે કે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ સત્તાનો દોર હાથમાં લેતાં જ (હિ.સ. ૧૩માં) હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہને સેનાપતિ પદેથી ઉતારી પાડયા અને એમની જગ્યાએ હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہને શામના સેનાપતિ નક્કી કર્યાં. પરંતુ શિબ્લી નોઅમાની અને થોડાક બીજા ઈતિહાસકારો એ તરફ ગયા છે કે હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہની બરતરફી સ. હિ. ૧૭માં થઈ. બંને પક્ષે પોતપોતાની એકત્ર કરેલ માહિતી તથા દલીલોમાં અસલમાં ન માત્ર હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہના બરતરફીના વર્ષ વિશે બલ્કે એ સમયની ઘણી બધી મશહૂર જંગો થવાના વર્ષો વિશે પણ આ ઈતિહાસકારોમાં ઘણો મતભેદ છે. આ દોરના ઈતિહાસકારો પોતાના સંશોધન પર નિર્ભર છે કે કઈ રિવાયતને અગ્રતા આપે છે. એ વાતને એક તરફ રાખીએ કે શામના જંગોમાં હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ અને હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہની અસલ હૈસિયત શું હતી, હકીકત એ છે કે આ બંને બુઝુર્ગોએ શામના તમામ જંગો આપસમાં સહકારથી સર કર્યા અને બંનેવ પોતાની બહાદુરી, જવાંમર્દી તથા કાબેલિયતોના માટે દાદને પાત્ર છે.

દમિશ્કની હારે રૂમીઓને સખત કમજોર કરી દીધા. અને તેઓ ઉરદૂનના એક શહેર બીસાનમાં ભેગા થઈને જબરદસ્ત જંગી તૈયારીઓમાં મશગૂલ થઈ ગયા. મુસલમાનોને જાણ થઈ તો એમણે હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہની સરદારીમાં બીસાનનુ રૂખ કર્યુ અને એની સામે ફહલની જગા પર પડાવ નાખ્યો. લડાઈથી પહેલાં બંને પક્ષો દરમ્યાન પ્રતિનિધિઓના થકી વાતચીત થતી રહી પરંતુ એનું કોઈ પરિણામ ન નીકળ્યું, છેવટે રૂમીઓએ પોતાની ફૌજના પ્રતિનિધિને હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ થી ડાયરેકટ ચર્ચા માટે મોકલ્યો. રૂમી પ્રતિનિધિ ઈસ્લામી લશ્કરમાં પહોંચ્યો તો બધા મુસલમાનોને એક જ રંગમાં ડૂબેલા જોયા. એણે લશ્કરના સરદાર વિશે પૂછયું તો એને જણાવવામાં આવ્યું કે પેલા સામે બેઠા છે. એ સમયે હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ જમીન પર બેસી તીરોને ઉલટાવી સુલટાવી જોઈ રહ્યા હતા. એમના પોશાક અને આમ મુજાહિદોના પોશાકમાં તદ્દન કોઈ ફરક ન હતો. કાસિદે આશ્ચર્ય પામીને હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہથી પૂછયું, શું આપ જ ફૌજના સરદાર છો ?! એમણે કહ્યું, હા !

કાસિદે કહ્યું, જો આપની ફૌજ લડયા ટકરાયા વગર પાછી ચાલી જાય તો અમે દરેક વ્યક્તિને બે બે અશરફીઓ આપીશું. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ એ કાસિદના પ્રસ્તાવને ઠુકરાવી દીધો. એના પર તે ગુસ્સે થઈ ગયો અને ધમકી દઈને પાછો ચાલ્યો ગયો. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ એ જ સમયે ફૌજને તૈયારી કરવાનો હુકમ આપી દીધો. ત્રીજા દિવસે બંને ફૌજોમાં ખૂનરેજ લડાઈ શરૂ થઈ ગઈ. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ ફૌજની વચ્ચે હતા અને એક એક સફમાં જઈને મુસલમાનોની હિંમત બંધાવતા હતા. પચાસ હજાર રૂમીઓના મુકાબલામાં મુસલમાનોની સંખ્યા અડધાથી પણ ઓછી હતી. પરંતુ એમણે મર્દાનગી સાથે દુશ્મનો પર એવા તાબડતોડ હુમલાઓ કર્યા કે થોડાક કલાકોની અંદર અંદર એની કમર તોડીને રાખી દીધી. એવી રીતે ફહલ અને બીસાનની ભૂમિ મુસલમાનોના કબ્જા હેઠળ થઈ ગઈ. એના પછી હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ આગળ વધીને મરજુર્રોમ પર કબજો કરી લીધો અને પછી હમ્સનુ રૂખ કર્યું. હમ્સવાળા થોડાક મહિના કિલ્લાબંધ થઈને મુકાબલો કરતા રહ્યા પરંતુ જ્યારે એમને કોઈ તરફથી કુમકની ઉમ્મીદ ન રહી તો જિઝીયો અદા કરવાનો વાયદો કરીને મુસલમાનોનું આજ્ઞાપાલન કબૂલી લીધું હમ્સના પછી હમાત, શીઝર, મઅરતુલ નઅમાન અને કેટલીય બીજી જગાઓ પણ એક પછી બીજી કબ્જા હેઠળ આવી ગઈ. હવે હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ રૂમીઓના એક મજબૂત ઘર લાઝકયાની તરફ ધ્યાનિષ્ઠ થયા અને એનો સખ્તીથી ઘેરાવો કરી લીધો. અલ્લામા બલાઝુરીએ "ફુતૂહુલ બલદાન"માં લખ્યું છે કે હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہને લાઝકયાના ઘેરાવની વચમાં એક અનોખી યુક્તિ સૂજી. એમણે લાઝકીયાના આસપાસ ઘણા બધા છુપા ખાડાઓ ખોદાવ્યા અને જાહેરમાં ઘેરાવો ઉઠાવીને હમ્સની તરફ ચાલી નીકળ્યા. લાઝકીયાવાળાઓએ સંતોષ પામીને શહેરના દરવાજાઓ ખોલી દીધા. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ રાતે પોતાની ફૌજની સાથે પાછા વળીને ગુફાઓમાં છુપાઈને બેસી ગયા. જેવી સવારની સફેદી જાહેર થઈ કે તરત જ ગુફાઓમાંથી નીકળીને શહેરમાં ઘુસી ગયા. એમને જોઈને રૂમીઓ સજ્જડ થઈ ગયા અને એમણે કોઈ વિરોધ વગર હથિયારો નાખી દીધાં. લાઝકીયાના કબ્જા પછી હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ હમ્સ પાછા આવી ગયા અને રજબ સ. હિ. ૧૫ સુધી (જે મહીનામાં યરમુકની ફેસલાવાળી જંગ લડવામાં આવી) ત્યાં જ રોકાઈ રહ્યા.

## ઈલ્મ ઈબાદતથી બેહતર !

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે : **"ઈલ્મ ઈસ્લામની જિંદગી છે અને દીનનો સ્તંભ છે."** *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૦, પેજ–૭૬)*

હઝરત ઓબાદા رضی اللہ عنہથી રિવાયત છે : **"ઈલ્મ ઈબાદતથી બેહતર છે."**

એ જ રીતે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે : **"રાતમાં એક ઘડી ઈલ્મ પઢવો આખી રાત જાગવા કરતાં બેહતર છે."** *(મિશ્કાત શરીફ, પેજ–૩૬)*

તેમ જ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની રિવાયત છે કે : **"આલિમની સાથે બેસવું ઈબાદત છે."** *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૦, પેજ–૮૪)*

એટલા માટે શૈખ સઅદી رضی اللہ عنہએ શું સરસ વાત કહી છે કે : **"બેઈલ્મ ન તવાં ખુદારા સનાખ્ત."** એટલે કે, **"ઈલ્મે દીન વિના ખુદાને ઓળખી શકાતો નથી."**

*(હરીફાઈવાળા લેખમાંથી : મુહમ્મદ સજ્જાદ શબ્બીર પટેલ–દયાદરા)*

# ગુનાહોનો ઇલાજ

## ગુનાહોનાં રૂહાની નુકસાનો

તમ્બીહુર્રિજાલમાં બુઝુર્ગોના કૌલ નકલ છે કે ગુનાહ કરવામાં દસ નુકસાન છે :–

**(૧)** જ્યારે કોઈ બંદો બુરાઈ કે ગુનોહ કરે છે તો એના દિલ પર એક કાળો ધબ્બો પડી જાય છે, ત્યાં સુધી કે એવી રીતે સતત ગુનાહોથી એનું દિલ બિલકુલ કાળુ અને અંધાર્યું થઈ જાય છે. પછી નેક કામોની તરફ એનું આકર્ષણ ખતમ થઈ જાય છે. અને આ કેટલું મોટું રૂહાની નુકસાન છે !

**(૨)** બીજુ એ કે ગુનાહના કારણથી પોતાના પરવરદિગાર ﷻને નારાજ કરે છે જેને દરેક સમયે એના પર કુદરત હાંસલ છે.

**(૩)** એવા વ્યક્તિને ખુશ કરે છે જે ખુદાની નજીક સૌથી વધારે બેઈજ્જત અને નફરત કરવા લાયક છે એટલે શૈતાન, જે એનો દુશ્મન પણ છે અને ખુદા ﷻનો પણ.

**(૪)** ઘણી જ સારી જગા એટલે જન્નતથી દૂર જઈ પડે છે.

**(૫)** ઘણી જ સારી બુરી જગા એટલે દોઝખથી નજીક થઈ જાય છે.

**(૬)** એણે એવા માણસ પર જુલ્મ કર્યો કે એને સૌથી વધારે પ્યારો છે, એટલે ખૂદ પોતાની જાત પર.

**(૭)** પોતાને એણે નાપાક કરી લીધો, બલ્કે ખુદાએ એને પાક તથા સાફ પયદા કર્યો હતો.

**(૮)** પોતાના એવા સાથીઓને તકલીફ પહોંચાડી જે એને કદી તકલીફ આપતા ન હતા, એટલે એ ફરિશ્તાઓ જે એની હિફાઝત કરનાર છે.

**(૯)** પોતાની ગુનાહગારી પર જમીન તથા આસમાન, દિવસ અને રાતને ગવાહ બનાવ્યા અને એમને તકલીફ પહોંચાડી.

**(૧૦)** પ્યારા મુસ્તફા ﷺની રૂહ મુબારકને ગમગીન કરી જેથી આ તમામ મખ્લૂકાત, ઈન્સાન હોય કે ગૈર ઈન્સાનની ખયાનત કરી. ઈન્સાનોની ખયાનત એ છે કે જો કોઈ બાબતમાં એનાથી ગવાહી લેવાની જરૂરત પડે તો ગુનાહોના કારણથી એની ગવાહી કબૂલ કરવામાં આવશે નહીં, અને બીજી મખ્લૂકાતની ખયાનત એ છે કે માણસના ગુનાહોના કારણથી તમામ મખ્લૂક પર આસમાનનો વરસાદ બંધ થઈ જાય છે.

જેથી દરેક ઈન્સાને બુરી આદતો અને ગુનાહોથી બચવું જોઈએ, કેમ કે ગુનાહ કરવાથી પોતાની જાન પર જ જુલ્મ કરવો છે. લોકોમાં આ આદત વધારે પ્રમાણમાં જોવા મળે છે કે તે નેક કામ પણ કરી લે છે અને પછી ગુનાહ પણ સાથે સાથે કરતા ચાલે છે, જેવું કે લોકો કહે છે કે નમાઝ પોતાની જગાએ અને ફિલ્મ પોતાની જગાએ ! પરંતુ નમાઝ કાયમ કરવાનો મતલબ એ છે કે ગુનાહને અમલી જિંદગીથી છોડી દેવામાં આવે.

## ગુનાહોના દુનિયાવી નુકસાનો

બુરી આદતો અને ગુનાહોથી આખેરતનુ નુંકસાન અને અઝાબે જહન્નમની સજાઓ અને કબરમાં જાત જાતના અઝાબોમાં સપડાવું એને તો દરેક વ્યક્તિ જાણે છે, પણ યાદ રાખશો ! ગુનાહની નહૂસતથી માણસને દુનિયામાં પણ જાત જાતનાં નુકસાન પહોંચતાં રહે છે, જેમાંથી થોડાંક આ પ્રમાણે છે :–

**(૧)** રોજીમાં બરકત બેકાર થઈને ઓછી થઈ જાય છે. **(૨)** દિલમાં અને અમુક વખત તમામ

**લેખક :** હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક :** મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી
(મુતઅલ્લિમે તહકીક, દા.ઉ. કાદરિયા ગરીબ નવાઝ, લેડીસ્મીથ, સાઉથ આફ્રિકા)

બદનમાં અચાનક કમજોરી કે સુસ્તી પેદા થઈને તંદુરસ્તી ખરાબ થઈ જવી. **(૩)** લોકોની નજરમાં બેઈજ્જત થઈ જવું. **(૪)** અક્કલમાં વસવસા પૈદા થઈ જવા. **(૫)** ઈબાદતથી વંચિત થઈ જવું. **(૬)** દરેક સમયે દિલનું પરેશાન રહેવું. **(૭)** ખેતરો અને બાગોના પાકમાં કમી આવી જવી. **(૮)** નેઅમતોનું છિનવાઈ જવું. **(૯)** અચાનક લાઈલાજ બીમારીઓમાં સપડાઈ જવું. **(૧૦)** અલ્લાહ તઆલા અને એના ફરિશ્તાઓની લા'નતોમાં ગિરફતાર થઈ જવું. **(૧૧)** ચહેરાથી ઈમાનનું નૂર નીકળી જવાથી ચહેરાનું રોનક વગરના થઈ જવું. **(૧૨)** શરમનું જતુ રહેવું. **(૧૩)** બલાઓની ભીડ થવી. **(૧૪)** ઉંમર ઘટી જવી. **(૧૫)** દરેક જગાથી બેઈજ્જતી અને નિષ્ફળતાનો ઘેરાવ. **(૧૬)** મરતી વખતે જીભથી કલ્માનું ન પઢાવું.... વગેરે.

રિવાયતમાં છે કે એક વ્યક્તિએ હઝરત આઈશા رضی اللہ عنہاથી ધરતીકપંનું કારણ પૂછયું તો એમણે ફર્માવ્યું, **લોકો ઝિનાને મુબાહ કામની જેમ બેબાકીથી કરવા લાગે છે, શરાબ પીએ છે, વાંજિત્રો વગાડે છે, અલ્લાહ તઆલાને આસમાન પર શરમ આવે છે જમીનને હુકમ થાય છે એમને હલાવી મૂક !** *(ઈબ્ની અબી દુન્યા)*

## ગુનાહોના મેડિકલ નુકસાનો

આધુનિક સંશોધનથી આ વાત સાબિત થઈ ચૂકી છે કે ગુનાહથી પરેશાની, અસમંજસ અને મનોવૈજ્ઞાનિક બીમારીઓ પૈદા થઈ જાય છે. અસલમાં ગુનાહથી લોહીમાં હસ્ટામીનનો વધારો થઈ જાય છે. જેનાથી બ્રેઈન સીલ ખૂબ જ પ્રમાણમાં પ્રભાવિત થાય છે અને ઈન્સાન અસંખ્ય ભયંકર બીમારીઓમાં સપડાઈ જાય છે. અમુક ગુનાહોની નહૂસતની અસરો મગજની બીમારીઓના રૂપમાં સામે આવે છે. અને અમુકની શારીરિક બીમારીઓના રૂપમાં અને અમુક ગુનાહોની નહૂસતથી શરીરમાં દર્દ, થાક અને બેચેની અનુભવાય છે, શરીરના ભાગો ખેંચાઈ જાય છે, મગજ ભારે ભારે અને હાથો પગોમાં કમજોરી આવી જાય છે. ગુનાહોના કારણથી બીક, ગભરાહટ, માયૂસી, ચીડીયાપણુ અને ભયાનક ખ્વાબ વગેરે આવવા લાગે છે, અને હજમ શક્તિ ખરાબ થાય છે અને ઊંઘ ઓછી આવે છે. રંગ પીળો અને જર્દ થઈ જાય છે, નજર કમજોર થઈ જાય છે, ચક્કર આવવા લાગે છે અને થોડુક કામ કરવાથી મગજ થાકી જાય છે. વાંચન લેખનમાં દિલ નથી લાગતું. અમુક સમયે જાતિય (Sexual)અને શરીરની કમજોરી આવીને ઘેરી લે છે પછી ડોકટરો અને હકીમોના ચક્કરોમાં ફસાઈને ખિસ્સાનો સફાયો પણ થઈ જાય છે.

ગુનાહોની અસરો ચેહરાઓ પર જાહેર થાય છે. જ્યારે ઈન્સાન ગુનાહ કરે છે તો એનું દિલ બિલકુલ કાળુ થઈ જાય છે પછી દિલનો અંધકાર ઈન્સાનના ચહેરા પર જાહેર થાય છે અને ગુનાહની કાળાશ અને ચહેરાની કાળાશનો પ્રભાવ સમાજના એવા લોકોના ચહેરાઓ પર આસાનીથી નજર આવે છે જે લોકો ઈશ્કે મુહબ્બત અને નફ્સાની જુસ્સા અને બિભત્સપણાના શિકાર થાય છે. એમની આંખોની આજુબાજુ કાળા કુડાળાં વધારે જાહેર થાય છે અને ટી.વી. અને ફિલ્મ જોવાની અસરો પણ ખાસ્સી જોવા મળે છે. આંખો પર જ્યારે ગુનાહગીરીની અસરો જાહેર થઈ જાય છે તો ચેહરાનો બાકીનો ભાગ પણ અસરો કબૂલ કરે છે અને ઈન્સાનના માથા પર કાળાશ જાહેર થવી શરૂ થઈ જાય છે. અને જેમ જેમ ઈન્સાન ગુનાહોથી વધારે ખરડાય જાય છે એના ચેહરા પર કાળાશ પણ જાહેર થઈ જાય છે. ખાસ કરીને જૂઠ બોલવું અને ધોકો આપવો, ઝિના કરવો અને હરામ ખાવું, બુરી નિયત કરવી અને ગીબત કરવાવાળાઓના ચેહરાઓ પર આ અસરો ઘણી જ જાહેર થઈ જાય છે.

અલ્લાહ ﷻના નેક બંદાઓના ચહેરાઓ આ કાળાશથી બિલકુલ સાફ હોય છે. અને એમના ચેહરાઓને અલ્લાહ ﷻની રહમતનું નૂર જાહેર નજર આવે છે અને જો એમને ગુનેહગારોમાં ઊભા કરી દેવામાં આવે તો તેઓ જાહેર નજર આવશે. તે પીર જેમણે માત્ર જાહેરી દેખાવનો પોશાક ઓઢી રાખ્યો છે અને રૂહાનિયત એમની પાસે ન હોય તો એમના ચેહરાઓ પર પણ આમ દુનિયાદારોની જેમ ગુનાહોની કાળાશ નજર આવે છે. ગુનાહ કરનારો કેટલોય ખૂબસૂરત કેમ ન હોય પણ એના ચેહરા પર કદી નૂરાની રોનક નજર નથી આવી.

ગુનાહ દિલમાં કાયરતા પણ પેદા કરે છે અને ગુનાહ કરવાવાળા સાચી તાકાતથી ખાલી હોય છે તેમ છતાં ગુનાહ કરનારા જાહેરમાં ઘણી બહાદુરીનું કામ કરે છે, પણ એ બધુ શૈતાનિયતના ઉશ્કેરવા પર થાય છે, જ્યારે અલ્લાહ ﷻના નેક બંદાઓના મુકાબલામાં એમને સાચી રાહ પર અડગતા પ્રાપ્ત નથી થતી, કેમ કે અડગતાનો આખો દારોમદાર નેક કામો કરવાં, ગુનાહોથી બચવા, ઈબાદતમાં વધારો કરવા અને નિયતને બરાબર રાખવામાં છે, પણ એનાથી ઉલટું નેક કામોથી જીવ ચોરવો, બુરાં કામો પર લાગેલ રહેવું અને દરેક સમયે ગુનાહોમાં મગ્ન રહેવાના કારણથી ઈન્સાનનું દિલ કમજોર થઈ જાય છે.

દિલની કમજોરી શરીરનાં બીજા અંગો પર અસરકારક હોય છે, જેનું પરિણામ એ નીકળે છે કે ગુનાહથી ઈન્સાનમાં હોસલો અને હિમ્મત ઓછી થઈ જાય છે, હિંમત અને બહાદુરી દૂર ભાગે છે, નાઉમ્મીદી અને કાયરતા આવી જાય છે. પરંતુ ગુનાહથી બચનાર નેક લોકોનું દિલ મજબૂત થાય છે, એમનામાં બેહિસાબ હિમ્મત અને હોસલો હોય છે, એમની પ્રતિજ્ઞા પથ્થરની ચટ્ટાનોની જેમ હોય છે, સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ, બુઝુર્ગાને દીન, સૂફિયાએ એઝામ قُدِّسَتْ اَسْرَارَهُمْ શરીરના લિહાજથી આમ ઈન્સાનોની જેમ હતા પરંતુ અમુક હાલતોમાં એમનાથી ઘણા જ દુબળા પાતળા અને કમજોર હોવા છતાં એમનામાં ઈમાનની તાકાત અને ગુનાહોથી બચવાના કારણે એટલી બહાદુરી અને હિંમત હોતી કે એમણે મોટી મોટી સલ્તનતોના તખ્તાઓ ઉલ્ટાવી દીધા, મોટા મોટા જાબિર હાકિમોના સામે હક્કનો કલ્મો સંભળાવ્યો. એમની સફળતાનું રહસ્ય માત્ર એ જ હતું કે આ લોકો ગુનાહોથી બચેલા અને અલ્લાહ ﷻ અને એના રસૂલ ﷺની ઈતાઅત અને ફર્માંબરદારીમાં પોતાની જિંદગી પસાર કરી.

પરંતુ આહ ! આજે મુસલમાન કૌમ દિવસ રાત અસંખ્ય ગુનાહોમાં સપડાયેલા છે અને માણસાઈ વિહોણા જુલ્મોમાં ડૂબેલી છે જેથી આપણે જોઈએ કે નાફર્માની અને સરકશીને છોડીને મુત્તકી અને પરહેઝગાર બનીએ કેમ કે અલ્લાહના બંદાઓ હમેશાં બહાદુર અને ગૈરતવાળા હોય છે.

### આલિમેદીનને તુચ્છકારવાનું ભયાનક પરિણામ!

શરહે ફિકહે અકબરમાં છે કે જે તિરસ્કારની નજરે આલિમને ઉવયલમ તુંકારાત્મક શબ્દ કહે એટલે કે જેમ કે ઈકબાલને ઈકબાલ્યો કહે છે, એ જ રીતે આલિમને ઉવયલમ એટલે આલિમવા કહેવાથી કાફિર થઈ જાય છે. ત્યાં સુધી કે ફુકહાએ કિરામે તેને પણ કુફ્ર બતાવ્યું છે કે જો કોઈ એવું કહે કે, "માલ કમાવો જોઈએ, ઈલ્મે દીન શું કામ લાગશે ?!"

રસૂલુલ્લાહ ﷺએ આલિમે દીનની શાનમાં અયોગ્ય શબ્દો બોલવાવાળાને ખુલ્લો મુનાફિક જણાવ્યો. ઈર્શાદ ફર્માવે છે : ત્રણ શખ્સોના હક્કને હલકો જાણશે નહીં, પણ ખુલ્લો મુનાફિક. એક તે જેને ઈસ્લામમાં બુઢાપો આવ્યો, આલિમેદીન અને આદિલ ઈસ્લામી બાદશાહ. *(તિબ્રાની ફિલ કબીર)* એટલે કે ખુલ્લો મુનાફિક આ ત્રણ શખ્સોના હક્કને હલકો જાણશે. તદ્ઉપરાંત મજમઉલ અન્હરમાં છે કે, જે કોઈ આલિમે દીન પ્રત્યે તુચ્છકારની દૃષ્ટિએ 'મોલ્વીયા', 'મોલ્વો' કહે તો તે કાફિર થઈ જશે. રજૂ. *:હાફેઝ સુહેલ મોટલી–દયાદરા*

# ઈસ્લામ અને આધુનિક શોધો

**લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની
**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

## હડતાલો અને વિરોધ પ્રદર્શનો

એ જ બનાવોમાંથી હડતાલો અને પ્રદર્શનો છે જેમાં લોકો અંગ્રેજોનું અનુકરણ કરે છે, ચીસો પાડે છે, સડકો પર નીકળી પડે છે, પોતાની માંગણીઓ બૂમો પાડી પાડીને રજૂ કરે છે અને સમજે છે કે અમે આ કામ કરીને જંગ તથા જેહાદ કરી રહ્યા છીએ. તિબ્રાનીએ કબીરમાં વર્ણન કર્યું. હઝરત મુહમ્મદ બિન અતિય્યહ્‌ના વાલિદથી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ''જ્યારે તમે ત્રણ, ચીજો જુઓ તો તે સમયે કિયામત કાયમ થશે, આબાદીનું વિરાન થવું, વિરાનનું આબાદ થવું, જેહાદ કેવળ શોરબકોર સુધી સીમિત થઈ જશે અને ત્રીજુ એ કે માણસ પોતાની અમાનતથી એવી રીતે નીકળી જશે જેવી રીતે ઊંટ ઝાડથી.'' *(તિબ્રાની કબીર)*

બગવીએ અને મોઅજમે સહાબામાં અને ઈબ્ને અસાકિરે તારીખમાં આ શબ્દોમાં વર્ણન કરી:

ان من اشراط السا عةاخراب العا مرواعمار الخراب۔الخ

''કિયામતની નિશાનીઓમાંથી છે કે આબાદી વિરાન થઈ જાય અને વિરાન આબાદ થઈ જાય.'' (છેવટ સુધી)

તે જેહાદ જે કેવળ ચીસો બૂમો સુધી સીમિત રહી જશે તે આ જ હડતાલો તથા વિરોધ પ્રદર્શનો છે જેમાં મુસલમાન પોતાના કાફિર લીડરોનું અનુકરણ કરે છે.

## ડાર્વિનવાદનો રદિયો

એક બીજી ચીજ જે આ જમાનામાં ખૂબ જ મશ્હૂર થઈ ગઈ છે તે કાફિરોની માન્યતામાંથી ડાર્વિનની તે ગલત માન્યતા છે જેમાં તેણે માણસનું મૂળ વાંદરો હતો અને હવે તે પ્રગતિ કરતાં કરતાં પ્રગતિની ટોચની મંઝિલો પાર કરીને વર્તમાન રૂપમાં આવ્યો છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ માન્યતાના જૂઠાણા તથા ગલત હોવા પ્રતિનિર્દેશ કર્યો છે : ان اللّٰہ خلق آدم علیٰ صورتہٖ ''અલ્લાહે આદમને તેની પોતાની સૂરત પર બનાવ્યો છે.'' *(મુસ્નદે અહમદ, ભાગ–૨, પેજ–૩૧૫)*

એટલે કે જેવી સૂરત માણસની અત્યારે છે એ જ સૂરતમાં આદમ علیہ السلام નું સર્જન થયું હતું. એ ગલત છે કે પહેલાં એ વાંદરાના રૂપમાં હતો અને પછી પ્રગતિ કરતાં કરતાં માણસ આજે આ સ્વરૂપમાં આવી ગયો છે. આ હદીષ પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાઓમાંથી છે. જો કે આ મામલામાં ઘણી ચર્ચા થઈ શકે તેમ છે પણ અહીં તેનો ઉલ્લેખ જરૂરી નથી.

## દજ્જાલના ઉલ્લેખથી ગફલત

લોકોએ પોતાની વઅઝ તથા તકરીરોમાં દજ્જાલનો ઉલ્લેખ ત્યજી દીધો છે. મેં કોઈ એવો ખતીબ નથી જોયો કે જે તેનો ઉલ્લેખ કરીને લોકોને ડરાવે અને ન તો કોઈ એવો મુદર્રિસ જોયો કે જે એના ફિત્નાના બારામાં કોઈને કાંઈ બતાવે. એથી ઉલ્ટુ ઘણા લોકોને કહેતાં સાંભળ્યા જેઓ દજ્જાલના વજૂદનો ઈન્કાર કરી દે છે. નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ એના બારામાં પણ ઈર્શાદ ફર્માવ્યો. ઈમામ અહમદે રિવાયત કરી હઝરત સઅબ ઈબ્ને જુષામાથી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

لایخرج الدجال حتی یذهل الناس عن ذکره وحتی
تترك الائمة ذکره علی المنابر

''દજ્જાલ એ વખતે જાહેર થશે જ્યારે લોકો તેનો ઉલ્લેખ કરવાથી ગાફેલ થઈ જશે અને ઈમામો મિમ્બરો પર તેની ચર્ચા છોડી આપશે.'' *(મુસ્નદે અહમદ)*

## ધરતીકંપોની અધિક્તા

એ જ બનાવોમાંથી એક જે અધિક પ્રમાણે તે વખતે થશે તેમાં જમીનમાં ધસી જવું તથા ધરતીકંપોનું આવવું છે. થોડા દિવસ નથી પસાર થતા કે ક્યાંકને ક્યાંક ધરતીકંપની ખબર આવી જાય છે, ક્યારેક પૂર્વમાં તો ક્યારેક પશ્ચિમમાં. હુઝૂર ﷺ એ ઘણી એવી હદીષ જે હદ્દે તવાતૂર પર પહોંચે છે એની ખબર આપી અને ફર્માવ્યું કે આ ઉમ્મતમાં ધસી જવું, ચહેરો મસ્ખ (બેડોળ) થવો અને ધરતીકંપો આવવાનું આમ (સામાન્ય) થઈ જશે અને એ ચીજ કિયામતની નિશાનીઓમાંથી હશે. બુખારી શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

"કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે બે મોટા ગિરોહ જેઓ એક જ મકસદના નિમંત્રક હશે, આપસમાં જંગ કરશે અને કત્લ કરી દેવામાં આવશે ત્યાં સુધી કે અલ્લાહ તઆલા નાના દજ્જાલોને મોકલશે જે લગભગ ત્રીસ હશે, તેમાંથી દરેકનું ગુમાન હશે કે તે અલ્લાહનો રસૂલ છે, ઈલ્મ ઉઠાવી લેવામાં આવશે, ધરતીકંપોની અધિક્તા થશે, સમય આપસમાં નિકટ આવી જશે, ફિત્ના જાહેર થશે, કત્લની અધિક્તા થશે." *(બુખારી, ભાગ–૨, પેજ–૧૦૫૪)*

એ પણ આવ્યું છે કે જમીનમાં ધરતીકંપોની અધિક્તાનું કારણ વ્યાજ, વ્યાજમય કારોબાર અને વ્યાજખોરી હશે. પાછલાં પૃષ્ઠોમાં આ મસ્અલા પર અમે વિસ્તૃત ચર્ચા કરી ચૂક્યા છીએ કે ધરતીકંપોની અધિક્તાનું કારણ બેંકોમાં વ્યાજમય કારોબાર છે અને દુનિયામાં કોઈ રૂપિયો પૈસો એવો નથી જેનો સંબંધ કોઈ ન કોઈ બેંક સાથે ન હોય. એ જ કારણ છે કે વ્યાજ એટલા પ્રમાણમાં આમ થઈ ગયું અને જમીન ફિત્નાગાહ બની ગઈ. અલ્લાહ આપણને મેહફૂઝ રાખે. આમીન

## મુસ્તશ્રેકીન (યૂરોપી ભાષાશાસ્ત્રી અંગ્રેજો)ની ઈસ્લામ દોસ્તી

કુદરતની અજાયબીઓમાંની એક અજીબ વાત અને રસૂલના મો'જિઝાઓમાંથી એક મહાન મો'જિઝો એ છે કે મુસ્તશ્રેકીન ઈસ્લામના દુશ્મન હોવા છતાં તેના સહીહ માર્ગોને બગાડવાની તાકમાં રહે છે બલ્કે ઈસ્લામની વિરૂધ્ધ તમામ બાતિલ શક્તિઓ એક છે, વધુને વધુ માલ ઈસ્લામની વિરૂધ્ધ ખર્ચ કરે છે અને તેઓમાં આપસમાં વિખવાદ ઉભો કરીને જંગ કરે છે, પરંતુ આ સર્વ વાતો હોવા છતાં એ લોકો દીની કિતાબોને ખૂબ જ ઉમદા તથા આ'લા કક્ષાએ છપાવીને ઈસ્લામની મહાન સેવા કરી રહ્યા છે ! એ કિતાબોમાં તફસીર, કિરાઅત, હદીષ, સીરતે નબવી, તસવ્વુફ, તારીખે ઈસ્લામ તથા મહાન મુહદ્દિષોની હાલતો પર આધારિત કિતાબો સામેલ છે. તે ઉપરાંત તે ઈસ્લામી ઈલ્મોની અન્ય લાભદાયી કિતાબો પણ છપાવે છે અને તે કિતાબો પ્રસિધ્ધ કરાવે છે જે દુર્લભ ગણવામાં આવે છે અને તેના છાપકામમાં તસહીહ, ઉચ્ચ પ્રકારના કાગળ અને એવી અનુક્રમણિકાની ખાસ વ્યસ્વથા કરે છે જે કિતાબનો અભ્યાસ કરનારને સરળતા પૂરી પાડે અને જે મસ્અલો વાંચક કિતાબમાં શોધી રહ્યો છે તે તેને તરત જ મળી જાય. એની સાથે એ વાતનો ખયાલ પણ રાખે છે કે એના સિવાય મુસલમાનોએ જે પધ્ધતિથી કિતાબને પ્રસિધ્ધ કરી છે તેનાથી રજમાત્ર ટકરાવ ન થાય. અત્યાર સુધી એ લોકોએ જે ઈસ્લામી કિતાબો પ્રસિધ્ધ કરી છે તેની સંખ્યા લગભગ ૧૨૦૦ છે એમાંથી કેટલી તો કેટલાયે જિલ્દો (ભાગો)માં છે અને અમુક એક એક ભાગમાં છે. આશ્ચર્યની વાત એ છે કે કુર્આન શરીફ જેને તેઓ પોતાનો સૌથી મોટો દુશ્મન સમજે છે અને મક્કા મુકર્રમા જ્યાં દર વરસે મુસલમાનોનો વિશાળ ઈજતેમા થાય છે એ બંનેની વિરૂધ્ધ જો કે તેઓ જાત જાતની સા'ઝિશો કરતા રહે છે પરંતુ તેમ છતાં પણ તમે જોશો કે એ લોકો કુર્આને કરીમનું છાપકામ ખૂબ

જ આ'લા કક્ષાનું કરે છે, ભરોસાપાત્ર તસ્હીહ, ઉમદા કાગળ, ખૂબસૂરત બાઈન્ડીંગ એવી કે ખૂદ ઈસ્લામી મુલ્કોમાં અમુકના સિવાય આટલી શાનદાર રીતે કુર્આન શરીફ નથી છપાતાં. એ પ્રમાણે મક્કા મુકર્રમાના ઈતિહાસને એ પ્રમાણે ઉચ્ચ કક્ષાનો છાપ્યો છે કે ખૂદ ઈસ્લામી શહેરોમાં એથી અગાઉ છપાયો ન હતો. અને આ જ લોકો છે મુસલમાનોને હજ્જના માટે દરિયાઈ, જમીન તથા હવાઈ માર્ગોમાં સહુલતો પહોંચાડે છે, એટલે સુધી કે જંગના સમયમાં પણ અને એ વખતે પણ જ્યારે માર્ગો કટ થયેલા હોય છે ત્યારે આ લોકો મદદ કરે છે. જો એ લોકો આ જમાનામાં સહુલતો ન પહોંચાડે અને સમંદરી વહાણ, મોટરો તથા હવાઈ જહાઝ વગેરે ન વાપરે તો આટલી વિશાળ સંખ્યામાં લોકો હજ્જ પણ ન કરી શકે ખાસ કરીને દૂરના લોકો તો ન જ કરી શકે.

વળી કુર્આન તથા મક્કા મુકર્રમા પછી તેમના એકલા દુશ્મન સૂફીઓ તથા મશાઈખ છે, કેમ કે તે લોકો એ વાત સારી પેઠે જાણે છે કે ઈસ્લામને તમામ ઈલાકાઓમાં ફેલાવનારા અને બાકી રાખનારા આ જ સૂફીઓ તથા મશાઈખ છે, જેમ કે "અલ્ગારતુ અલલ્ આલમિલ્ ઈસ્લામી" (ઈસ્લામી દુનિયા પર હુમ્લો)માં તેમણે લખ્યું છે. તેમ છતાં એ લોકો સૌથી વધુ સૂફીઓની ખિદમત, તા'ઝીમ અને ઔલિયાએ કિરામના મઝારોનો એહતેરામ કરે છે, તેમની પેદાઈશની જગાની રક્ષા કરે છે અને એ કામો પર ઘણી રકમો ખર્ચ કરે છે, તેમના મોટા મોટા લીડરો ત્યાં હાજરી આપે છે, સારાંશ કે દરેક તે કામ કરે છે જેનાથી ઈસ્લામની શૌકત જાહેર થાય છે. આપસમાં મેળ મહોબ્બત, મુલાકાત તથા ઓળખ હાંસલ કરે છે અને આ ઝરીયાથી તેઓ મક્કાની વિરૂધ્ધ જંગનો માર્ગ શોધે છે. સાર એ કે લોકોનાં આ અને એનાં જેવાં બીજાં કામો ઈસ્લામ ધર્મ માટે ઘણા જ તાકીદનાં છે. એ જ કિતાબોમાં તે કિતાબો પણ સામેલ છે જેમાં તૌહીદનો ઉલ્લેખ છે, જ્યારે કે તૌહીદ તેમના માટે શિર્ક છે અને તષ્લીષ (ત્રણ ખુદાવાળી તેમની બાતિલ માન્યતા)ની વિરૂધ્ધ છે. હાલમાં જ એના બારામાં એક કિતાબ છપાયી છે જેનું નામ "અલ્ ઈર્શાદ લિ ઈમામિલ્ હરમૈન" છે. દીનના માટે તેમની સૌથી મોટી ખિદમત એ છે કે તેમણે હદીષની એ કિતાબોને જે સુન્નતના માટે પાયાની હૈસિયત ધરાવે છે નવા તરીકાથી સંપાદિત કરી એમાં નીચે મુજબની કિતાબો સામેલ છે : મુઅત્તા ઈમામ માલિક, મુસ્નદે તયાલ્સી, મુસ્નદે ઈમામ અહમદ, મુસ્નદે દારમી, સહીહ બુખારી, સહીહ મુસ્લિમ, સુનને અબૂ દાઊદ, સુનને તિર્મિઝી, સુનને નિસાઈ, સુનને ઈબ્ને માજહ, મુસ્નદે ઈમામ ઝૈદ, તબ્કાતે ઈબ્ને સઅ્દ, મગાઝી, વાકેદી, સીરતે ઈબ્ને હેશામ. એની હદીષોને એ લોકો હુરૂફે અબજદની તરતીબ વડે સંપાદિત કરે છે જેનાથી મુસલમાન ખૂબ જ આસાનીપૂર્વક એનાથી લાભ ઉઠાવી શકે છે. વળી એક અધિક અનુક્રમણિકા બનાવી છે જે ઉલમાને માટે પ્રથમ અનુક્રમણિકા કરતાં અધિક લાભદાયી છે અને તે એ છે કે એ કિતાબોમાં નબવી કલેમાત છે તેને લુગત (શબ્દકોશ)ની કિતાબની તરતીબ (ક્રમ) પ્રમાણે સંપાદિત કરી છે જેનાથી કોઈપણ હદીષને તલાશ કરવાવાળો માણસ એક મિનિટમાં તમામ કિતાબો જોઈને તલાશ કરી શકે છે. આ એક જબરદસ્ત ખિદમત છે જે મુસલમાન ખૂદ પોતના માટે ન કરી શક્યા . એના બારામાં પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો. તિબ્રાનીએ કબીર અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી રિવાયત કરી.

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

ان اللّٰه ليؤيد الأسلام برجال ماهم من اهله

"અલ્લાહ તઆલા ઈસ્લામનું સમર્થન એવા લોકો પાસે કરાવશે જેઓ ખૂદ મુસલમાન નહીં હોય." *(તિબ્રાની કબીર)*

અને ફર્માવ્યું રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે :–

ان اللّٰه تعالٰى يويد هذالدين باقوام لاخلاق لهم فى الاخرة

"અલ્લાહ તઆલા આ દીનનું સમર્થન એવા લોકો પાસે કરાવશે જેમનો આખેરતમાં કોઈ હિસ્સો નથી." જાહેર છે કે એ લોકો કાફિર જ હશે.

# નબી ﷺની સુન્નત




# આધુનિક વિજ્ઞાન

કાર્યાલય

**આપણા પ્યારા નબી રસૂલે ખુદા મુહમ્મદ મુસ્તફા ﷺની સુન્નતને અપનાવવામાં દુનિયાવી તથા આખેરતના પુષ્કળ ફાયદાઓ સમાયેલા છે. નબી ﷺના તરીકાઓની ખૂબીઓ તથા તેમાં સમાયેલા ફાયદા આજે ૧૪૫૦ વરસો પછી હાલના વૈજ્ઞાનિકો હવે વર્ણવી રહ્યા છે ! જો કે મુસલમાન તો દુનિયાવી ફાયદા માટે નહીં પણ નબી ﷺની સુન્નતને આપનાથી મહોબ્બતને કારણે જ અપનાવે છે. કેટલાક લોકો હિરો કે ખેલાડીની મહોબ્બતમાં તેમની નુકસાનકારક અદાઓ, સ્ટાઈલો પણ અપનાવે છે તેમણે તૌબા કરવી જોઈએ અને રસૂલેપાક ﷺની સુન્નતોને જ અપનાવવી જોઈએ. કેમ કે સાચે જ નબી ﷺના દરેક તરીકામાં બંને જહાનના લાભો સમાયેલા છે જેનો અભ્યાસ કરતા ચાલો અને તેના પર અમલ કરવા કોશિશ કરો.**

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## નબી કરીમ ﷺની વાતચીતની પધ્ધતિ

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે, "રસૂલે પાક ﷺની વાતચીતની પદ્ધતિ તમારા જેમ સતત તથા જલ્દી જલ્દી ન હતી, બલ્કે સાફ સાફ દરેક વિષય બીજાથી અલગ રહેતો હતો. પાસે બેસનારા સારી રીતે સમજી લેતા હતા."

એટલે કે હુઝૂરે અકરમ ﷺની વાતચીત સંક્ષિપ્ત અથવા ઉતાવળી કે જલ્દીમાં ન થતી હતી કે અમુક સમજમાં આવે ને અમુક ન આવે. બલ્કે એવી શાંતિપૂર્વકની સ્પષ્ટ વાતચીત થતી હતી કે શ્રોતાઓ સારી પેઠે સમજી જતા.

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે "આપ ﷺ (કેટલીક વાર) વાતને (જરૂરત મુજબ) ત્રણવાર દોહરાવતા જેથી આપને સાંભળનારા સારી રીતે સમજી લે."

એટલે કે વિષય જો કઠીન હોતો તો વિચાર તથા ચિંતનને માટે અથવા મજમો અધિક હોતો તો ત્રણેવ બાજુ ધ્યાનિત થઈને ત્રણવાર વિષયને વર્ણન કરતા જેથી શ્રોતાઓ સારી રીતે દિમાગમાં સુરિક્ષત કરી લે. ત્રણવાર વધુમાં વધુ છે, નહીં તો બે વાર પૂરતુ જણાતુ તો બે વાર કહેતા. *(શમાઈલે તિર્મિઝી બ હવાલા સુન્નતે નબવી ઔર જદીદ સાયન્સ)*

## વાતચીત સંબંધે મનોવૈજ્ઞાનિકનું મંતવ્ય

એકવાર હું મારા દોસ્ત શીલીની સાથે એક ઝરણાના કિનારે ફરવામાં વ્યસ્ત હતો. શીલીએ મને કહ્યું કે કદીક તમે પ્રોફેસર દારેને મળ્યા છો ? મેં કહ્યું કે, નહીં ! તે કોણ છે ? શીલી કહેવા લાગ્યો, તે મનોવિજ્ઞાનનો મહાન જ્ઞાની તથા નિષ્ણાત છે. બીજા દિવસે અમે તેની પાસે ગયા. મેં મારા આવવાનો હેતુ કેવળ તેમની મુલાકાત જણાવ્યું તો ખૂબ જ ખુશ થયો. અને તેણે મને માનવ જીવન ગુજારવાના અમુક અમૂલ્ય નિયમો દર્શાવ્યા જેમાં વાતચીતના બારામાં ઘણુ બધું વર્ણન કર્યુ :–

બીજાની વાત ધ્યાનથી સાંભળો, અટકી અટકીને બોલો, બીજાને સાંભળવાનો મોકો આપો, સાંભળો પણ અને સંભળાવો પણ. મહત્વની વાતને સમજાવવાના માટે તેને દોહરાવી પણ શકો છો. જો બીજો વાત કરી રહ્યો હોય તો તેના ચહેરા તરફ જુઓ તો તેની પ્રતિ સંપૂર્ણપણે ધ્યાનિત થઈ જાવ. *(હવાલો : દુન્યા કે ગિર્દ પેહલા સફર, મલિક જાવેદ)*

## ગોશ્તને દાંતો વડે કાપવો

હઝરત અબૂ હુરૈરહ્ રضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺની ખિદમતમાં ક્યાંકથી ગોશ્ત આવ્યો. એમાંથી આગલી જાંગ હુઝૂર ﷺની ખિદમતમાં પેશ કરવામાં આવી. હુઝૂર ﷺને આગલી જાંગનો ગોશ્ત પસંદ પણ હતો. હુઝૂર ﷺએ તેને દાંતો વડે કાપીને ખાધો. (એટલે કે છરી વગેરેથી ન કાપ્યો.)

દાંતો વડે કાપીને ખાવાનું પણ હુઝૂર ﷺએ દર્શાવ્યું છે. જેમ કે હદીષમાં આવ્યું છે કે, "ગોશ્તને દાંતો વડે કાપીને ખાયા કરો કે એનાથી હજમ પણ સારી રીતે થાય છે અને શરીરને અધિક માફક આવે છે." એમાં હિકમત એ છે કે જ્યારે ગોશ્તને દાંતો વડે કાપવામાં ચાવવામાં આવશે તો જેટલો અધિક એને ચાવવામાં આવશે એટલી અધિક તેમાં આપણા મોઢાની લાળ સામેલ થશે જેથી હોજરીમાં જઈને હજમ થવામાં તકલીફ થશે નહીં. જો ગોશ્તને દાંતો વચ્ચે વધારે ચાવવામાં ન આવે તો એમાં લાળનું પ્રમાણ ઓછુ થશે જે હોજરીમાં હજમ થવું મુશ્કેલ થશે.

વાસ્તવમાં ગોશ્તને દાંતોથી કાપવાના કારણે (Silivary glands)નો રસ વધારે થઈ જાય છે કે જે હોજરીમાં જઈને હજમ શક્તિને મજબૂત કરે છે જેનાથી માણસ અસંખ્ય બીમારીઓથી બચી જાય છે.

## ઝડપી ચાલ

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હુઝૂરે પાક ﷺથી અધિક હસીન (ખૂબસૂરત) કોઈને નથી જોયો જાણે કે સૂર્ય આપના જ ચહેરા મુબારકમાં ચમકી રહ્યો છે. મેં આપનાથી અધિક તેજ ચાલનાર પણ કોઈ નથી જોયો, જમીન જાણે લપેટવામાં આવતી હતી. (કે હમણા થોડીક મિનિટો પર અહીં હતા અને હમણાં ત્યાં) અમે આપની સાથે ચાલવામાં તકલીફથી રહેતા અને આપ આપની સામાન્ય ચાલથી ચાલતા હતા. *(શમાઈલે તિર્મિઝી)*

## હકીમ એસ. એમ. ઈકબાલનો અનુભવ

"મેં યૂરોપના સફરમાં જોયું કે લોકો ઝડપભેર ચાલી રહ્યા છે. અમુકને તો એ રીતે જોયા કે જાણે ભાગી રહ્યા હોય. તે લોકો ઝડપી ચાલે ચાલીને પોતાના સમયને બચાવે છે, તેમને ત્યાં સમયની ખૂબ જ કિંમત છે એટલા માટે તેઓ દુનિયાની કામયાબ કૌમ છે. જ્યારે કે મેં મુસલમાનોને, અન્ય દેશોમાં ચાલતા લોકોને જોયા તો તેઓ તદ્દન ઢીલી તથા મરેલી ચાલ ચાલી રહ્યા છે, જાણે એમની નજીક સમયની કોઈ કિંમત જ નથી ! એટલા માટે મુસલમાન અત્યારે સામૂહિક તૌર પર પડતીની દશામાં છે."

ઉપરોક્ત સહાબીની રિવાયતમાં નબી અકરમ ﷺએ પોતાની કાર્ય પદ્ધતિ થકી સમયનું મહત્વ સમજાવ્યું અને મુસલમાનોને સબક આપ્યો કે તેઓ પણ તેજ તથા ઝડપી ચાલ દરેક કામમાં દેખાડે. *(બહવાલા અખ્બારે જહાં)*

હઝરત ઉમરે એકવાર એક યુવાનને જોયો કે મરેલા જેમ ચાલ ચાલી રહ્યો છે. આપે તેને રોક્યો અને પૂછયું કે તમને શું બીમારી છે ? તેણે જવાબ આપ્યો કે કોઈ બીમારી નથી ! આપે આપનો કોરડો ઉઠાવ્યો અને ધમકાવતાં ફર્માવ્યું, "રસ્તા પર પૂરી શક્તિભેર ચાલો !"

નબી પાક ﷺ જ્યારે રસ્તા પર ચાલતા તો ખૂબ જ જમાવેલ કદમ રાખતા અને એવી રીતે શક્તિભેર ચાલતા કે કોઈ ઊંડાઈમાં ઉતરી રહ્યો હોય.

### جزاك الله

بولٹن : یو کے سے جناب حاجی ثناءاللہ صاحب کے لڑکے کے وہاں لڑکے کی پیدائش کی خوشی میں سو پاؤنڈ دارالعلوم برکات خواجہ امود کے طلبا کو کھلانے کے لئے ملے جس سے بچوں کو کھلایا گیا۔ جزاك الله رب کریم اسکے پیارے محبوب ﷺ کے صدقہ میں ان لوگوں کو ہر افات و بلاؤں سے محفوظ رکھے اور اسکا دونوں جہاں میں بہترین بدلا دے۔ امین

# ઈમામ અહમદ રઝાના
# લકબો તથા આદાબ



**રજૂકર્તા : ખલીફાએ તાજુશ્શરીઅહ હઝરત મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી-સેગવા**
*(હાલ : ચિકાગો, યુ.એસ.એ.)*

કેટલાક બુદ્ધિશાળીઓ અને જ્ઞાનવાળાઓ હુકૂમતની ચાપલૂશી કરી લકબ તથા ખિતાબ હાંસલ કરે છે તો અમુકને ઈલ્મી, અદબી, સામાજિક સંસ્થાઓ એમનાં કાર્યોના કારણે લકબ તથા ખિતાબ આપે છે. અમુક લોકો એવા પણ હોય છે જે કોઈ પણ રીતે લકબ, ખિતાબ અથવા નામ તથા નુમુદ (શોહરત)ની પરવા કરતા નથી. આ તે લોકો છે જેઓ પોતાને બેનામો નિશાન જાણે છે, એમને ખત્મ કરનારાઓ જાતે ખત્મ થઈ જાય છે અને જેમના ઈશ્કમાં આ બેનામો નિશાન લોકો ફના થઈ જાય છે તે આ લોકોને એવા ચમકાવી આપે છે અને એવું નામ તથા નિશાન આપે છે કે એમની ચમક તથા એમનાથી ફયૂઝ હાંસલ કરનાર ઝર્રાઓ પણ ચાંદ તથા સૂર્ય જેમ ચમકવા લાગે છે ! એમના નામ લેનારાઓ ઉચ્ચતાના ઊંચા શિખરો પર પહોંચી જાય છે અને નામવરીનો (ખ્યાતિના) ગગનમાં પોતાની શોહરત તથા અઝમતનો ઝંડો લેહરાવી આપે છે.

આવા જ લોકોમાં એક ચૌદમી સદીના અઝીમ મુજદ્દિદ ફાઝિલે બરેલ્વી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہની જાત પણ છે. તેમની ઝાહેરી જિંદગીમાં અજમ ઉપરાંત અરબના ચોટીના ઉલ્મા તથા બુઝુર્ગોએ એકથી વધીને એક બાવકાર, પાકીઝા, અલ્કાબ તથા આદાબથી આપને યાદ કર્યા. અને આજે પણ વિ□ના મહાન લોકો તેમને ઊંચા ઊંચા લકબોથી યાદ કરી રહ્યા છે. જ્યારે કે ફાઝિલે બરેલ્વી પોતાને કાયમ બેનામ નિશાન જ જાણતા રહ્યા, પરંતુ એ પણ યકીન હતું કે :-

બે નિશાનોં કા નિશાં મિટતા નહીં
મિટતે મિટતે નામ હો હી જાએગા !

આ તો ઈમામ અહમદ રઝાની આજિઝી તથા ઈન્કેસારી હતી, નહીં તો ઈમામનું નામ તો હક્ક તથા બાતિલમાં ફર્ક કરવાની કસોટી છે. જે ઈમામનું નામ સાંભળી મોઢા પર ખુશી આવી જાય તો જાણી લો કે તે શખ્સ ગુલામે મુસ્તફા ﷺ છે અને જો પેશાની પર કરચલી પડવા લાગે કે મોઢું બગાડે તો જાણી લો કે તે શખ્સ બદ્‌મઝહબ તથા ગુસ્તાખે રસૂલ ﷺ છે અને તે ઈમામ છે "આ'લા હઝરત !" જે વાસ્તવમાં એમનું નામ નથી બલ્કે લકબ છે, પરંતુ આ લકબ ઈમામનું નામ બની ગયું છે, અને આજે જ્યારે પણ શબ્દ "આ'લા હઝરત" સાંભળવામાં આવે છે તો દિમાગ રામપુર કે હૈદરાબાદના નવાબો અથવા બીજી કોઈ શખ્સિયત તરફ નથી જતું બલ્કે બરેલ્વીના ફાઝિલ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની

ઝાતની તરફ લાગી જાય છે.

(૧)

## લકબ આ'લા હઝરતની તહકીક

આ વાત સંપૂર્ણ રીતે તહકીક સુધી ન પહોંચી કે ઈમામ અહમદ રઝાને પહેલી વખત ક્યારે અને કોણે આ'લા હઝરત કહ્યું, પરંતુ આ વાત જરૂર સાબિત છે કે એમને એમની હયાતમાં જ આ'લા હઝરત કહેવા તથા લખવામાં આવ્યા હતા. 'તોહફએ હનફિયહ્' પટનાના રિસાલાઓથી ખબર મળે છે કે હિ.સ. ૧૩૨૩થી આપના માટે આ'લા હઝરત લખવામાં આવ્યું. તોહફએ હનફિય્યહ્, ભાગ–૯, પરચા નંબર–૪, મહિનો : રબીઉલ આખર, હિ.સ. ૧૩૨૩માં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના માટે મુજદ્દિદે મિઅતે હાજેરા, મોઅય્યીદે મિલ્લતે તાહિરા, જામિએ મઅકુલ વ મન્કૂલ, હાવીએ ફુરૂઅ વ ઉસૂલ, આલિમે અહલે સુન્નત આ'લા હઝરત, અઅ્લ ઉલ્માએ ઝમાં મૌલાના મૌલ્વી ઈમામ અહમદ રઝા ખાં સાહબ رحمۃ اللہ علیہ લખવામાં આવ્યું. ફતાવાએ રઝવિય્યહ્ના ઘણા બધા ભાગોમાં આપને આપના મુરીદોએ "આ'લા હઝરત" લખ્યું છે. રિસાલા "હજબુલ અવાર અન મખ્દૂમ બિહાર"માં આ'લા હઝરતના લકબ સાથે "અઝીમુલ બરકત" પણ લખવામાં આવ્યું છે. શક્ય છે ઈમામ અહમદ રઝાને હિ.સ. ૧૩૨૩, ઈ.સ. ૧૯૦૫થી પણ પહેલાં આ'લા હઝરત કહેવામાં આવ્યા હોય. કારણ કે એમને હિ.સ. ૧૩૧૮, ઈ.સ. ૧૯૦૦માં પટનાના રદનંદોહના જલ્સામાં પેહલી વખત હઝરત અલ્લામા મૌલાના અબ્દુલ મુકતદિર બદાયૂની رحمۃ اللہ علیہએ ચોટીના ઉલ્મા વ ફુઝલાની મૌજૂદગીમાં **મુજદ્દિદ** કહ્યા હતા. શબ્દો આ પ્રમાણે છે :–

**જનાબ આલિમે અહલે સુન્નત, મુજદ્દિદે મિઅતે હાજેરા (વર્તમાન સદીના મુજદ્દિદ) હઝરત મૌલાના ઈમામ અહમદ રઝાખાં સાહબ બરેલ્વી.** *(દબદબએ સિકંદરી, રામપૂર, ૧૧–ઓક્ટોબર, ૧૯૪૮, પેજ–૫, "૧૪મી સદીના મુજદ્દિદ" લખવામાં આવ્યું છે.)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના માટે "આ'લા હઝરત" કહેવા પર ઈર્ષાળુઓ તથા દીનના દુશ્મનોને સખ્ત એતેરાઝ (વાંધો) છે ! જ્યારે કે આ બેદીનોએ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી સાહબને આ'લા હઝરત કહ્યા અને લખ્યા છે. આશિક ઈલાહી મેરઠીએ પોતાની કિતાબ "તઝકેરતુલ ખલીલ"માં મૌલ્વી ખલીલ અહમદ અંબેઠવીને આ'લા હઝરત લખ્યું છે. આ જ દુનિયાદાર દીનના દુશ્મનો રામપૂર અને હૈદરાબાદના નવાબોને ઘણા ફખ્ર સાથે આ'લા હઝરત કહેતા હતા ! પરંતુ જ્યારે એક સાચા આશિકે રસૂલ ઈમામ અહમદ રઝાને આ'લા હઝરત કહેવામાં આવે છે તો બળીને ખાક થઈ જાય છે.

"આ'લા હઝરત" ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનું એક એવું નામ અને પહેચાન બની ગયું છે જે અમર છે, ઝિંદા છે અને દુનિયાના અસ્તિત્વ સુધી ચૌદમી સદી હિજરીના આ મુજદ્દિદ આશિકે મુસ્તફા અને અબ્દે મુસ્તફાને દુનિયા "આ'લા હઝરત" કહીને યાદ કરતી રહેશે.

## (૨) મુજદ્દિદ

મુજદ્દિદ આમ તો કોઈ લકબ નથી, બલ્કે એક હોદ્દો છે એને સદીના ઉલ્મા તથા મશાઈખ મુજદ્દિદ માને છે જે દીનની તજદીદ કરે છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ આ હોદ્દાના રસ્તા પર ૧૪ વર્ષની ઉમર હિજરી ૧૨૮૬માં જ કદમ મૂકી દીધો હતો અને હિજરી ૧૩૦૧ બેસતાં જ પોતાની મંઝિલ હાંસલ કરી લીધી હતી. હા ! એના અઢાર વર્ષ પછી ૧૩૧૮ હિજરીમાં એમના મુજદ્દિદ હોવાનું એલાન સહુ પ્રથમ હઝરત મૌલાના અબ્દુલ મુક્તદિર

رحمۃ اللہ علیہ એ કર્યુ :–

ઈમામ અહમદ રઝાના ભત્રીજા હઝરત મૌલાના હસનૈન રઝાખાં رحمۃ اللہ علیہ લખે છે : આ'લા હઝરત કિબ્લાના ફયૂઝાને મુજદ્દિદનો ઝહૂર હિજરી ૧૩૦૧થી પ્રારંભમાં થયો. વાક્યો આમ છે કે અમારા કાકા મૌલાના મુહમ્મદ શાહખાં ઉર્ફે મથ્થનખાં સાહબ મર્હૂમ સોદાગ્રાન મોહલ્લાના જૂના રહેવાસી હતા. આ'લા હઝરતથી ઉમરમાં એક વર્ષ મોટા હતા. બાળપણ સાથે પસાર થયું. સમજણવાળા થયા ત્યારથી ઉઠવું, બેસવું, એક જ સાથે રહેતું. એવી હાલતમાં એકબીજા સાથે બેતકલ્લુફ (સંકોચ વિહિન) થવુ કોઈ મુશ્કેલ વાત નથી. પરંતુ જ્યારથી મને હોશ છે મેં હમેશાં કાકાને આ'લા હઝરતની બારગાહમાં બાઅદબ અને ખામોશ બેઠેલા જોયા. કાકાને કદી કોઈ મસ્અલો પૂછવો હોય તો બીજાઓ થકી પૂછાવતા હતા ! આમ હું ઘણા સમયથી જોઈ રહ્યો હતો. મેં એક દિવસ કાકાથી અર્ઝ કરી, કે આ'લા હઝરત તો તમારી બુઝુર્ગીનો ખ્યાલ રાખે છે પછી શા માટે તમે એમને ડાયરેક્ટ મસ્અલો પૂછતા નથી ?! એમણે જવાબ આપ્યો, હું અને આપ (આ'લા હઝરત) બચપનથી સાથે રહ્યા અને જ્યારથી સમજણ આવી ત્યારથી ઉઠવું, બેસવું પણ એક જગ્યાએ રહેતું. મગરિબની નમાઝ પઢીને કાયમ અમે આપની બેઠકમાં આવીને બેસતા. સૈયદ મહમૂદ શાહ સાહબ વગેરે અમુક લોકો પણ આ મજલિસમાં હાજર રહેતા. ઈશા સુધી મજલિસ ચાલતી જેમાં ઈલ્મી વાતો થતી, દીની મસાઈલ પર વાતચીત ચાલતી.

જે દિવસે મોહર્રમ હિજરી ૧૩૦૧નો ચાંદ થયો તે દિવસે અમો આદત મુજબ બેઠક પર આવ્યા. આ'લા હઝરત થોડા મોડા આવ્યા. સલામ કરી તશરીફ લાવ્યા. પાછળ અન્ય લોકો પણ હતા. મને સંબોધીને ફર્માવ્યું, મથ્થન ભાઈજાન ! આજે ૧૩૦૧ હિજરીનો ચાંદ થઈ ગયો છે ! મેં અર્ઝ કરી, હા ! મેં પણ જોયો. પછી ફર્માવ્યું, ભાઈ સાહબ ! આ તો સદી બદલાઈ ગઈ ! મેં અર્ઝ કરી, હા ! સદી બદલાઈ ગઈ. ખયાલ કર્યો તો સાચે જ ચૌદમી સદી ચાલુ થઈ ગઈ હતી.

ત્યાર બાદ ફર્માવ્યું કે હવે મારે અને તમારે પણ બદલાઈ જવુ જોઈએ ! જ્યારે આવું ફર્માવ્યું તો આખી મજલિસ પર સન્નાટા જેવું થઈ ગયું અને ખામોશી થઈ વ્યાપી. પછી કોઈ પણ પોતાની જગ્યાએથી ન બોલ્યું. થોડીવાર બધાએ ચૂપકીદી સાધી, પછી સલામ કરી એક પછી એક ચાલતા થયા. તે સમયે તો કોઈ વાત સમજમાં ન આવી કે એકદમ રૂઆબ છવાઈ જવાનું કારણ શું હતું ?! બીજા દિવસે જ્યારે ફજરની નમાઝ બાદ મુલાકાત થઈ અને એમના મુજદ્દિદાના હોદ્દાનો રૂઆબ તથા જલાલથી વાસ્તો પડયો તો યાદ આવ્યું કે એમણે જે બદલવાનું કહ્યું હતું, તો એ એવા બદલાયા કે ક્યાંથી ક્યાં પહોંચી ગયા ! અને અમો જ્યાં હતા ત્યાં જ રહી ગયા ! તે દિવસ છે અને આજનો દિવસ પણ અમોને એમનાથી વાત કરવાની હિમ્મત ન થઈ. બલ્કે આ મહત્વની તબદીલી પર ઘણીવાર એકાંતમાં વિચાર્યું તો એ સિવાય કોઈ વાત સમજમાં ન આવી કે એમનામાં તે દિવસે અલ્લાહ તઆલા તરફથી કોઈ ઘણી મોટી તબદીલી કરી દેવામાં આવી છે જેણે આપને ઘણા મહાન બનાવી આપ્યા. અને અમો જે કિનારા પર હતા ત્યાં જ રહ્યા. હા ! જ્યારે દુનિયા એમને વર્તમાન સદીના મુજદ્દિદના નામથી બોલાવવા લાગી તો સમજમાં આવ્યું કે તે તબ્દીલી એ આ હતી ! જેને આટલા દિવસો આશ્ચર્યમાં રાખ્યો. આ હતી તે તારીખ જેમાં વર્તમાન સદીના મુજદ્દિદને બનાવવામાં આવ્યા અને મુજદ્દિદનો હોદ્દો આપી રૂઆબ તથા જલાલ પણ અતા કર્યો જે તે તારીખથી મહસૂસ થવા લાગ્યો. *(સીરતે આ'લા હઝરત, પેજ : ૬૧–૬૨)*

પટનાના જલ્સા હિ.સ. ૧૩૧૮માં મહાન ચોટીના ઉલમા તથા મશાઈખની હાજરીમાં હઝરત મૌલાના અબ્દુલ મુક્તદીર બદાયૂની رحمۃ اللہ علیہ એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ને મુજદ્દિદ ફર્માવ્યા, અને બધાએ આ લકબને ખુશી ખુશી કબૂલ ફર્માવ્યું. હિજરી ૧૩૨૩, ઈ.સ. ૧૯૦૬માં જ્યારે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બીજા વખત હજ્જ તથા ઝિયારત માટે તશરીફ લઈ ગયા તો હરમૈન શરીફૈનના ઘણા ઉલમા તથા મશાઈખએ એમને મુજદ્દિદ કહ્યા. અમુક આ પ્રમાણે છે :–

**(અ) સૈયદ ઈસ્માઈલ બિન ખલીલ** رحمۃ اللہ علیہ **(મુહાફિઝે કુતુબે હરમ)** :–

"જો આપ (આ'લા હઝરત)ના હક્કમાં એવું કહેવામાં આવે કે આપ આ સદીના **મુજદ્દિદ** છે તો આ હક્ક અને સહી છે." *(હુસ્સામુલ હરમૈન, પેજ–૫૨)*

**(બ) સૈયદ હુસૈન બિન અલ્લામા અબ્દુલકાદિર તરાબુલ્સી ઉસ્તાદ મસ્જિદે નબવી** :–

"હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી, શૈખ મૂસા અલી શામી, સૈયદ અહમદ અલી મુહાજિર મદની رحمۃ اللہ علیہ વગેરેએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ને **મુજદ્દિદ** કહ્યા."

## (૩) ઝિયાઉદ્દીન અહમદ

"ઈમામ અહમદ રઝા જ્યારે પેહલી વખત વાલિદૈન સાથે હજ્જ માટે ગયા તો ઘણા બધા ઉલ્માએ આપને કેટલીક સનદો આપી. એક દિવસ આપે મગરિબની નમાઝ મુકામે ઈબ્રાહીમ પર અદા કરી, નમાઝ બાદ શાફઈ ઈમામ હઝરત હુસૈન બિન સાલેહ જમાલુલ લયલ પહેલાંની કોઈ ઓળખાણ વિના આપનો હાથ પકડી પોતાના ઘરે તશરીફ લઈ ગયા. ઘણા સમય સુધી આપે (આ'લા હઝરત)ની પેશાની પકડી ફર્માવ્યું : **બેશક ! હું અલ્લાહનું નૂર આ પેશાનીમાં જોઉં છું.** સિહાહ સિત્તહ અને સિલસિલએ કાદરિયહ્‌ની ઈજાઝત પોતાના હાથથી લખી અતા કરી અને ફર્માવ્યું કે તમારું નામ "ઝિયાઉદ્દીન અહમદ" છે. *(ઈજાઝતુલ મતિનહ, અઝ : ઈમામ અહમદ રઝા, તર્જુમો : હુજ્જતુલ ઈસ્લામ અલ્લામા હામિદ રઝા ખાં* عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان*)*

"ઝિયાઉદ્દીન અહમદ" ઈમામ અહમદ રઝાને પ્રાપ્ત થનાર પહેલો લકબ છે જે કોઈ અરબી આલિમે આપ્યો !

## (૪) મક્કા મદીનાના ઉલ્માએ આપેલ લકબો અને અદબો

ઈમામ અહમદ રઝાની લખેલ કિતાબ અલ મોઅતકદુલ મુન્તકદ, કિફલુલ્ ફકીહિલ ફાહિમ, ફતાવાઉલ હરમૈન, હુસ્સામુલ હરમૈન અને અદદૌલતુલ મક્કીયહ્ પર મક્કા મદીનામાં ઉલ્માએ કિરામે (તકરીઝો) પ્રશંસાના શબ્દો લખ્યા છે. ખાસ કરીને 'હુસ્સામુલ હરમૈન' અને 'અદદૌલતુલ મક્કીયહ્'માં આ ઉલ્માએ કિરામે મુજદ્દિદે ઈસ્લામ ઈમામ અહમદ રઝાને અઝીમ પાકીઝા લકબો તથા ખિતાબો આપ્યા છે. અહીં અમુક લકબો રજૂ કરવામાં આવે છે.

**(૧) શૈખ અબુલ ખયર અહમદ મીરદાદ (મસ્જિદે હરામ મક્કા)ના આપેલ અમુક લકબો** :–

"તે બારીકીઓનો ખજાનો છે, સંભાળેલા ઈલ્મરૂપી ભંડારમાંથી વીણાયેલા અને તે મઅરેફતના ભર બપોરે ચળકતા સૂર્ય છે. ઈલ્મોની જાહેરી અને છુપી ગુંચો ખૂબીથી ખોલનાર છે." *(હુસ્સામુલ હરમૈન, ૩૮)*

**(૨) અલ્લામા શયખ સાલેહ કમાલ (મક્કા શરીફ)ના આપેલ અમુક લકબો** :

"અલ્લામા આલિમ જે ફઝીલતોનો સમુદ્ર, બુઝુર્ગ આલિમોની આંખોની ઠંડક."

**(૩) અલ્લામા શય્ખ અલી બિન સિદ્દીક કમાલ (મક્કા શરીફ) :-**

''ઝબુકતો તારો, વહાબિયહ્ અને તેના તાબેદારોની ગરદન ઉપર ખૂંખાર તલવારની માફક! ઈજ્જતદાર ઉસ્તાદ અને નામાંક્તિ નામવર, અમારા સરદાર તથા પેશ્વા અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ.''

**(૪) અલ્લામા મુહમ્મદ અબ્દુલ હક્ક મુહાજિર ઈલાહાબાદી મક્કા મુકર્રમા :**

''અલ્લામા, આલિમે જમીલ, દરયાએ ઝખ્ખાર, સરદારે ફઝૂલ, કષીરુલ એહસાન, દરયાએ બલંદ હિંમત, ઝહીન વ દાનિશમંદ, બહરે નાપયદા કિનાર, સાહિબે ઝકા, કષીરુલ ફહન.'' *(હુસ્સામુલ હરમૈન-૪૮)*

**(૫) સૈયદ ઈસ્માઈલ ખલીલ મુહાફિઝે કુતુબે હરમ (મક્કા મુકર્રમા):**

''મન્કબતો અને ફખ્રોવાળો, યકતાએ ઝમાના (સમયનો અજોડ), પોતાના સમયનો એકલો. *(હુસ્સબમુલ હરમૈન, પેજ-૩ર, ''અલ્લામા મુજદ્દિદ, અદ્દવલતુલ મક્કિયહ, પેજ-૭)*

**(૬) અલ્લામા પીર મરઝૂકી અબૂ હુસૈન (મક્કા શરીફ) :-**

''નૂરના ઊંચા સ્તંભવાળા, મઅરેફતનો દરિયો, સૈરાબ (તૃપ્ત) દિમાગવાળા, શક્તિશાળી ઝબાનવાળા, મન્તિકના દરિયા.'' *(હુસ્સામુલ હરમૈન, પેજ-૫૬)*

**(૭) અલ્લામા મુહમ્મદ આબિદ ઈબ્ને મર્હૂમ શૈખ હુસૈન માલિકી મુફતીઓના સરદાર :-**

''મશ્હૂર આલિમોના સરદાર, મોઅઝ્ઝઝ્ ફાઝિલોના ગર્વનો સરમાયો, સાહિબે અદ્લ, આલિમે બાઅમલ, ઈસ્લામની ખુશનસીબી, મહમૂદ સીરત, સાહિબે એહસાન.'' *(પેજ-૬૪)*

**(૮) અલ્લામા મુહમ્મદ અલી માલિકી ઈબ્ને શયખ હુસૈન માલિકી (મક્કા શરીફ) :-**

''ઈલ્મી વર્તુળનું કેન્દ્ર, મુસલમાનોનો યાવર, રાહ પામેલાઓનો રક્ષક, સઅદુદ્દીન, મૌલલ મઆરિફ વલ હુદા, અદ્દે હિદાયત.'' *(પેજ-૬૮)*

**(૯) અલ્લામા શયખ સઅદ ઈબ્ને દહલાન મક્કી :-**

''નાદિરે રોઝગાર, ખુલાસએ લયલો નહાર.'' *(પેજ-૮૦)*

**(૧૦) મૌલાના શયખ અબ્દુર્રહમાન્ દહલાન મક્કી :-**

''અલ્લામાએ ઝમાં, યક્તાએ રોઝગાર.'' *(પેજ-૮૪)*

**(૧૧) અલ્લામા અહમદ હનફી મક્કી :-**

''ફખ્રે અકાબિર, પરહેઝગાર ફાઝિલ.'' *(પેજ-૮૬)*

**(૧૨) અલ્લામા મુહમ્મદ સાલેહ ઈબ્ને મુહમ્મદ અફઝલ મક્કી :-**

''આલિમે ફાઝિલ, ઝાહિરે કામિલ, બારીક ફહમોવાળા, બુલંદ મઅર્નોવાલા.'' *(પેજ-૯૪)*

**(૧૩) અલ્લામા મુહમ્મદ અહમદ હામિદ મક્કી :-**

''મોઅતમદ (વિ□ાસુ) પેશ્વા, ફાઝિલે મુતબહહિર.'' *(પેજ-૧૦ર)*

**(૧૪) અલ્લામા મુહમ્મદ સઈદ શૈખુદ્દલાઈલ (મદીના મુનવ્વરા) :-**

''કષીરુલ ઈલ્મ (અઢળક ઈલ્મવાળા), દરયાએ અઝીમ ફહમ (મહાન સમજનો દરિયો). *(પેજ-૧૧૮)*

**(૧૫) અલ્લામા મુહમ્મદ ઈબ્ને અહમદ ઉમરી :-**

''મુર્શિદે મુહક્કિક, કષીરુલ ફહમ, અલ્લાહની અતાઓવાળા, દીનના નિશાન તથા સ્તંભ, ઈર્ફાન તથા મઅરેફતવાળા.'' *(પેજ-૧૨૨)*

**(૧૬) અલ્લામા અબ્બાસ રિદવાન (મદીના મુનવ્વરા) :-**

''અલ્લામા ઈમામ, તેઝ ઝહન (તીવ્ર દિમાગવાળા), બાલા (ઉચ્ચ) હિંમત, યક્તાએ દહર (યુગના અજોડ).'' *(પેજ-૧૨૨)*

**(૧૭) અલ્લામા મુહમ્મદ ઈબ્ને સવસ ખિયારી (મદીના શરીફ) :-**

''અલ્લામા મોહક્કિક્, ફહ્હામા મુદક્કિક્, ઈન્સાને કામિલ, આલિમે ફાઝિલ.'' *(પેજ-૧૨૯)*

**(૧૮) અલ્લામા સૈયદ શરીફ અહમદ બરઝંજી (મદીના શરીફ) :-**

''સાહિબે તહક઼ીક઼ો તન્ક઼ીહો તદક઼ીક઼ વ તઝઈન, આલિમે અહલે સુન્નત વ જમાઅત.'' *(પેજ-૧૩૨)*

**(૧૯) અલ્લામા મુહમ્મદ સઈદ ઈબ્ને મુહમ્મદ બિલ ફીલ (મક્કા શરીફ) :-**

''ઈમામે કામિલ.'' *(અદ્દવલતુલ મક્કિયહ્, પેજ-૧૯)*

**(૨૦) અલ્લામા શયખ સઈદ મુહમ્મદ ઈબ્ને વાસેહ હુસૈની (મદીના શરીફ) :-**

''ફખ્રે હિંદુસ્તાન.'' *(અદ્દવલતુલ મક્કિયહ્, પેજ-૬૫)*

**(૨૧) અલ્લામા શયખ અહમદ જઝાઈરી (મદીના મુનવ્વરા) :-**

''અલ્લામાએ ઝમાં, યક્તાએ રોઝગાર, સર ચશ્માએ મઅરેફત.'' *(અદ્દવલતુલ્ મક્કિયહ્, પેજ-૭૪૦)*

**(૨૨) અલ્લામા શયખ હુસૈન ઈબ્ને અલ્લામા સૈયદ અબ્દુલ કાદિર તરાબુલ્સી (મદીના મુનવ્વરા) :-**

''હામીએ મિલ્લતે મુહમ્મદિયહ્ તાહિરા, મુજદ્દિદે માઈતે હાઝેરા, મારા ઉસ્તાદ તથા પેશ્વા.'' *(અદ્દવલતુલ્ મક્કિયહ્, પેજ-૯૨)*

**(૨૩) અલ્લામા મુહમ્મદ કરીમુલ્લાહ મુહાજિરે મદની :-**

''ઈમામ બુઝુર્ગ, મુહક્કિક઼ે નુક્તા રસ, આ જમાનાના મુજદ્દિદ.'' *(અદ્દવલતુલ્ મક્કિયહ્, પેજ-૧૫૯)*

**(૨૪) અલ્લામા શયખ મુહમ્મદ મુખ્તાર ઈબ્ને અતારદુલ્જાવી (મક્કા મુકર્રમા) :-**

''ઉલ્માએ મુહક્કિક઼ીનના બાદશાહ, નબી ﷺના મો'જિઝાઓમાંથી એક મો'જિઝો, અજોડ ઈમામ.'' *(અદ્દવલતુલ્ મક્કિયહ્, પેજ-૭૨)*

**(૨૫) અલ્લામા શયખ મુસ્તફા ઈબ્ને તારઝી ઈબ્ને અઝૂઝ (મદીના મુનવ્વરા) :-**

''ઉસ્તાદે કામિલ, વરસતી ઘટા, ફાયદો પહોંચાડનાર.'' *(અદ્દવલતુલ્ મક્કિયહ્, પેજ-૧૪૬)*

**(૨૬) અલ્લામા શયખ મૂસા શામી અઝહરી અહમદી દર્દૈરી મદની :-**

''ઈમામુલ અઈમ્મા, મિલ્લતે ઈસ્લામના મુજદ્દિદ, નૂરી યકીન.'' *(અદ્દવલતુલ્ મક્કિયહ્, પેજ-૨૬૨)*

## (૫) ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

આમ તો આ'લા હઝરત માટે મક્કા મદીનાના ઉલ્માએ ''ઈમામ'' લખ્યું છે. પરંતુ એમના નામથી પહેલાં ઈમામ લગાડવું એટલે કે ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ લખવું એ સહુ પ્રથમ અલ્લામા

મુશ્તાક અહમદ નિઝામી ઈલાહાબાદી رحمۃ اللہ علیہએ ઈખ્તિયાર કર્યું અને પોતાના રિસાલા "પાસબાન"માં આપના માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખવાનું શરૂ કર્યું. ૧૯૭૬માં માસિક "અલ્ મીઝાન"માસિક આ'લા હઝરતની હયાત તથા શખ્સિયત અને કારનામાંઓ પર બે મોટા ઈમામ અહમદ રઝા નંબરો પ્રસિદ્ધ કર્યા તો એમાં દરેક જગ્યાએ આપના માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખવામાં આવ્યું. ત્યાર બાદ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખવાનો એક રિવાજ બની ગયો.

માહિરે રઝવિય્યાત અલ્લામા મુહમ્મદ મસઊદ અહમદ સાહબ, અલ્લામા અબ્દુલ હકીમ અખ્તર શાહજહાપૂરી, અલ્લામા શમ્સ બરેલ્વી رحمۃ اللہ علیہ, સૈયદ રિયાસત અલી કાદરી સાહબ અને બીજા પાકિસ્તાન તથા હિંદુસ્તાનના લેખકોએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખવાનુ શરૂ કર્યું, ત્યાં સુધી કે આપની કિતાબો પ્રસિદ્ધ કરનાર લોકોએ પણ આપના માટે **ઈમામ અહમદ રઝા** લખ્યું અને આજે પણ આ રીત ચાલુ છે.

## (૬) મુહદ્દીષે બરેલ્વી

હઝરત અલ્લામા મસઊદ અહમદ સાહબે મુહદ્દિષે બરેલ્વી નામથી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની હયાત તથા શખ્સિયત પર કિતાબ લખી. ત્યાર બાદ બીજા અન્ય પાકિસ્તાની ઉલ્માએ પણ આપને **મુહદ્દિષે બરેલ્વી** લખવાનું શરૂ કર્યું, આ પણ એક લકબ છે.

## (૭) ફકીહુલ અસર

ડોક્ટર અલ્લામા મસઊદ અહમદ સાહબે "ફકીહુલ અસ્ર" નામથી ઈમામ અહમદ રઝાની ફકાહત પર એક કિતાબ લખી. આ પણ ખૂબસૂરત લકબ છે.

## (૮) સર તાજે ફુકહાં

અલ્લામા મસઊદ અહમદ સાહબની "સરતાજે ફુકહા"ના નામની ઈમામ અહમદ રઝાની ફકાહત પર એક અન્ય કિતાબ છે, આ પણ ઘણો સરસ લકબ છે અને આપની શાનને શોભાપાત્ર છે.

## (૯) ચશ્મો ચિરાગે ખાનદાને બરકાતિયહ્

મારેહરા મુતહહ્‌રા બરકાતી ખાનદાનના એક અઝીમ જલીલ શાહઝાદા હઝરત સૈયદ આલે રસૂલ હુસ્નૈન કાદરી رحمۃ اللہ علیہએ ઈમામ અહમદ રઝાને "ચશ્મો ચિરાગે ખાનદાને બરાતિયહ્" લખ્યું. *(અલ્ મીઝાન, ઈમામ અહમદ રઝા નંબર ઈ.સ. ૧૯૭૬, પેજ–૨૩૫)*

## (૧૦) મુજદ્દિદે આ'ઝમ

ખાનવાદા અશ્રફિયહ કિછોછા મુકદસાના ચશ્મો ચિરાગ મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મૌલાના સૈયદ મુહમ્મદ رحمۃ اللہ علیہએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને "મુજદ્દિદે આ'ઝમ" કહ્યા. *(અલ્ મીઝાન નંબર, પેજ–૨૪૧)*

## (૧૧) વાસિફે શાહે હુદા

પ્રોફેસર ડોક્ટર તલ્હા રઝવી બર્કે ઈમામ અહમદ રઝાને "વાસિફે શાહે હુદા" કહ્યા. *(હવાલો ઉપર મુજબ, પેજ–૨૪૦)*

હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ખૂદ પોતાને "વાસિફે શાહે હુદા" કહ્યા છે :–

યહી કેહતી હૈ બુલબુલે બાગે જિનાં
કે રઝા કી તરહ કોઈ સહર બયાં
નહીં હિંદ મેં "વાસિફે શાહે હુદા"
મુઝે શોખીએ તબએ "રઝા" કી કસમ

## (૧૨) શાહે મુલ્કે સુખન

ઈમામ અહમદ رحمۃ اللہ علیہએ પોતાના આકા મુહમ્મદ મુસ્તફા رحمۃ اللہ علیہની ગુલામી પર નાઝ કરી નેઅમતના ઈઝહારની રીતે પોતે પોતાને "મુલ્કે સુખનકા શાહ" કહ્યું. ફર્માવે છે :–

મુલ્કે સુખન કી શાહી તુમ કો રઝા મુસલ્લમ
જિસ સમ્ત આ ગએ હો સિક્કે બિઠા દીએ હૈં

## (૧૩) શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મોટા સાહબઝાદા હુજ્જતુલ ઈસ્લામ અલ્લામા હામિદ રઝાખાં સાહબ رحمۃ اللہ علیہ એ 'શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન'થી ઈમામ અહમદ રઝાની તારીખે વિસાલ (અબજદના હિસાબે) કાઢી છે (૧૩૪૦). હવે આ ઈમામ અહમદ રઝા માટે એક લકબ બની ગયો છે અને આપને "શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમ" લખવામાં આવે છે.

## (૧૪) ઈમામે નઅત ગોયાં (નઅત કહેનારાઓના ઈમામ)

મૌલાના અખ્તર અલહામેદી સાહબ મર્હૂમ (કરાંચી)એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને ઈમામે નઅત ગોયાં લખ્યા તે આ વિશે ઈમામની નઅત ગોઈ પર એક અઝીમ લેખ લખવાનો ઈરાદો ધરાવતા હતા. *(આઈનએ રઝવિય્યાત, અવ્વલ)*

## (૧૫) કિબ્લએ એહલે દિલ

ડોકટર નસીમ કુરૈશી મર્હૂમ ઉર્દૂ વિભાગ મુસ્લિમ યુનિવર્સિટી "અલીગઢ" ઈમામ અહમદ રઝાને 'કિબ્લએ અહલે દિલ' લખ્યા. *(અલ્ મીઝાન નંબર, પેજ–૫૪૯)*

## (૧૬) ફાઝિલે બરેલ્વી

ઈમામ અહમદ રઝા માટે શરૂથી જ 'ફાઝિલે બરેલ્વી' લખવા તથા કહેવામાં આવ્યું. આજે જયારે પણ ફાઝિલે બરેલ્વી લખવા તથા કહેવામાં આવે છે તો દિમાગ બીજા કોઈ આલિમ તરફ નથી જતું, બલ્કે ઈમામ અહમદ રઝાની જ તરફ જાય છે.

## ઉપસંહાર

અરબ તથા અજમના ઉલમા, લેખકો તથા બુદ્ધિશાળીઓએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ફઝાઈલ તથા મનાકિબ એકથી વધીને એક ખૂબસૂરત રીતે બયાન કર્યા છે અને ઘણા બાવકાર અલકાબ તથા આદાબ વડે આપને યાદ કર્યા છે, જે સર્વને બયાન કરવું ઘણુ મુશ્કેલ છે. ઈમામના માનાનારાઓ એમને સારામાં સારા લકબો તથા આદાબોથી યાદ કરતા આવ્યા છે, પરંતુ અત્યાર સુધી જે લકબો તથા આદાબોથી ઈમામ અહમદ રઝાને યાદ કરવામાં આવ્યા અને જે વધારે મકબૂલ છે એમાંથી સંક્ષિપ્ત વિગત આપે જોઈ. નીચે અમો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના અલગ અલગ લકબોને એક સામટા રજૂ કરીએ છીએ :–

આ'લા હઝરત, હુજ્જતુલ્લ્લાહ ફીલ અર્દ, ઈલ્મ તથા ફઝલના મર્કઝ, સાહિબે તહકીકો તદકીકો તન્કીહ, ફખ્રુસ્સલફ, બકીયતુલ ખલફ, ચોટીના ઉલ્માની આંખોની ઠંડક, ઝમાનાની બરકત, મઅરેફતના સૂર્ય, ઉચ્ચ સીરત, ઈસ્લામની સઆદત, ઊંચી હિંમતના દરિયા, પોતાના સમય તથા પાછલાના ગાળાનો ખઝાનો, નૂરના ઊંચા સ્તંભવાળા, શક્તિશાળી કલમ તથા ઝબાનવાળા, સાફ સુથરા અતિ કરમવાળા, અલ્લાહની અતા તૃપ્ત ઝહનવાળા, ફખ્રો તથા મન્કબતોવાળા, ઈલ્મની મુશ્કેલીઓને હલ કરનારા, દીનનો નિશાન તથા સ્તંભ, ઈલ્મો તથા વિદ્યાઓનો ખજાનો, આલિમે જમીલો જલીલ, ફાઝિલે નબીલ, આલિમે બાઅમલ, સાહિબે અદ્લ, મીનારે ફઝ્લ, અલ્લામા ફાઝિલ વ કામિલ, પરહેઝગાર ફાઝિલ, મુહીતે કામિલ, ઈમામે કામિલ, વલીએ કામિલ, કિબ્લાએ અહલે

દિલ, કુત્બે ઈર્શાદ, ફાઝિલોનો માયાએ ઈફતેખાર, મશ્હૂર ઉલમાના સરદાર, ઝહીન તથા દાનિશમંદ આલિમ, માહિર ઉસ્તાદોમાં અજોડ, ફખ્રે અકાબિર, શેવાએ બયાન શાઈર, યક્તાએ રોઝગાર, નાદિરે રોઝગાર, ખુલાએ લયલો નહાર, દરયાએ ઝખ્ખાર, ઈલ્મોની જાહેરી અને છુપી અડચણો ખૂબીથી ખોલનાર, ફઝીલતોનો સમુદ્ર, ઈજ્જતદાર ઉસ્તાદ, નામાંક્તિ નામવાર, ઝબકતો તારો, બુઝુર્ગ આલિમ, અત્યંત કરમવાળા, અત્યંત બુદ્ધિશાળી, ઘણી જ ખુદાઈ બખ્શિશવાળા, ઈલ્મના અથાગ સમુદ્ર, ઈલ્મનો ઊંચો પર્વત, બુઝુર્ગ મશ્હૂર આલિમોના સરદાર, ફાજિલોને ફખ્ર કરનાર, ઝમાનાનો અજોડ, ખુલાસએ લયલો નહાર, ઈમામે કામિલ, આલિમ બાઅમલ, વલીએ કામિલ, કુતુબે ઈર્શાદ, કિબ્લએ અહલે દિલ, ઉસ્તાદે મોઅઝ્ઝમ, ચિરાગે ખાનદાને બરકાત, નૂરે યકીન, શયખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, મુજદ્દિદે આ'ઝમ, શાહે મુલકે સુખન, ઈમામે અહલે સુન્નત, મુહદ્દિષે બરેલ્વી ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ.

*(હવાલો : માહનામા આ'લા હઝરત, જાન્યુ. ૨૦૦૬)*

**આલિમ તથા જાહિલ આબિદમાં ફરક કેટલો ?!** ઈબ્લીસ દરરોજ અસર પછી પોતાના બધા જ શૈતાનોને બોલાવે છે અને કહે છે કે તું પેલી જગ્યાએ જતો રહે અને બીજાને કહે છે કે તું પેલી જગ્યા એ જતો રહે. અને ત્રીજાને કહે છે કે તું પેલી જગ્યાએ જતો રહે. એવી રીતે પોતાના બધા જ ચેલાઓને એક એક જગ્યાએ મોકલી દે છે. અને બધા ચેલાઓ જતા રહ્યા પછી લોકોને ગુમરાહ કરે છે. કોઈ કોઈને શરાબ પીવડાવે છે, કોઈ કોઈને ઝિના કરાવે છે, કોઈ કોઈને ગુંડાગીરી કરાવે છે, કોઈ કોઈને ચોરી કરાવે છે. એવી રીતે બધા જ શૈતાન દરેકને બેહકાવે છે અને પછી પોતાના સરદાર ઈબ્લીસ પાસે આવે છે. બધા જ શૈતાન પોતે પોતાનાં કામ કાજ બતાવે છે. કોઈ કહે છે કે મેં એકને ઝિના કરાવ્યો, બીજો કહે છે કે મેં એકને શરાબ પીવડાવી, કોઈ કહે છે કે મેં એકને ચોરી કરાવી. એવી રીતે બધા જ શૈતાન પોત પોતાનાં કામ બતાવે છે. ઈબ્લીસ આ બધાથી ખુશ થતો નથી. એવામાં એક શૈતાન ઉભો થયો અને કહેવા લાગ્યો મેં એક તાલિબે ઈલ્મને મદ્રસે જવાથી રોક્યો. આટલું સાંભળીને ઈબ્લીસ પોતાના તખ્ત પરથી ઉતરીને એને પોતાના ગળેથી લગાડે છે અને પોતાની પાસે બેસાડે છે. જ્યારે બધા શૈતાનોએ જોયું તો કહ્યું કે અમે કોઈને ઝિના કરાવ્યો, કોઈને શરાબ પીવડાવી પણ અમારામાંથી કોઈને પોતાના ગળેથી નથી લગાડયા ! એણે એક નાના તાલિબે ઈલ્મને મદ્રસામાં જવાથી રોક્યો તો તમે ગળાથી લગાડયો અને પોતાની પાસે બેસાડી દીધો ! તો ઈબ્લીસે કહ્યું, એણે તમારા કરતાં મોટુ કામ કર્યું છે ! તમારે ઈલ્મનું મહત્વ જોવું છે ? તો આવો ! ઈબ્લીસ પોતાના ચેલાઓને સવારે એક મસ્જિદની પાસે લઈને ઉભો થઈ ગયો. એવામાં એક જાહિલ આબિદ માણસ આવ્યો જે અલ્લાહની સૌથી વધુ ઈબાદત કરતો હતો. ઈબ્લીસે કહ્યું, હે આબિદ ! જરા મારા એક સવાલનો જવાબ આપો ! આબિદે કહ્યું, બતાવો ! એ સવાલ કયો છે ? ઈબ્લીસે કહ્યું, શું આટલી મોટી જમીન અને આટલું મોટુ આકાશ અલ્લાહ તઆલા આ નાની શીશીમાં ભરી શકે છે ? આબિદે કહ્યું કે, આટલું મોટુ આકાશ અને જમીન આ નાની શીશીમાં ! કોઈ પણ રીતે નથી ભરી શકતો ! ઈબ્લીસે કહ્યું, આને યાદ રાખજો. આબિદ જતો રહ્યો. થોડીવાર પછી આલિમ સાહબ આવ્યા. શૈતાને કહ્યું, હઝરત ! એક સવાલ છે ! આલિમ સાહબે કહ્યું, જલ્દી પૂછો ! ક્યો સવાલ છે ? ઈબ્લીસે કહ્યું, શું અલ્લાહ આટલી નાની શીશીમાં આટલું મોટુ આકાશ અને જમીન દાખલ કરી શકે છે ? આલિમ સાહબે કહ્યું, તું ઈબ્લીસ લાગે છે ! આ શીશી તો ખૂબ જ મોટી છે ! જો અલ્લાહ તઆલા ચાહે તો સોયના નાકામાં સારી કાઈનાતને દાખલ કરી શકે છે. જ્યારે આલિમ સાહબ જતા રહ્યા તો ઈબ્લીસે કહ્યું, જોયું તમે ! આબિદ પોતાની આખી જિંદગી ઈબાદત કરતો રહ્યો, પણ આ નાના સવાલથી પોતાના ઈમાનને ખોઈ બેઠો ! આલિમ સાહબની પાસે ઈલ્મ હતો તો ઈલ્મને લીધે પોતાના ઈમાનને બચાવી લીધું. **સબક** : એટલા માટે કેવળ આબિદ બની ઈલ્મથી રિશ્તો કાપી ઈબાદતમાં લાગેલા ન રહેવું બલ્કે દીની કિતાબો સતત વાંચતા રહેવું જેથી ઈમાન તથા અમલની સલામતી રહી શકે. *(હરીફાઈવાળા લેખમાંથી : મલેક સીરાજ શૌકત દહેગામી)*



# ઈલ્મે દીનનું મહત્વ અને આપણે

રજૂકર્તા : **મલેક સઈદ અશરફ ભાલેજવાળા**
*(મુતઅલ્લિમ દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ–બાલાસિનોર)*

લેખ હરિફાઈમાં પ્રથમ નંબર લાવનાર લેખ

ઈસ્લામમમાં ઈલ્મ હાંસલ કરવા માટે જે ભાર મૂકવામાં આવ્યો છે તેવો ભાર બીજા કોઈપણ ધર્મમાં મને જોવા મળ્યો નથી. ઈલ્મવાળા અને અભણ (જાહિલ) વચ્ચે ઘણો મોટો તફાવત છે. અલ્લાહ તઆલા કુર્આને કરીમમાં ફર્માવે છે :–

قُلْ هَلْ يَسْتَوِى الَّذِيْنَ يَعْلَمُوْنَ وَالَّذِيْنَ لَا يَعْلَمُوْنَ ط

**અર્થ** : "આપ ફર્માવી દો (યા નબી !) કે શું એક વિદ્વાન અને એક જાહિલ એક સરખા થઈ શકે છે ?" *(પારા–૨૩, રૂકૂઅ–૧૫, આયત–૯, સૂ. ઝુમર)*

નફ્સ અને રૂહની પરેશાનીઓ તથા જીવનને અંધકારથી બહાર કાઢીને અજવાળામાં લાવનારી કિતાબ કુર્આન મજીદ છે તેમાં અલ્લાહ તઆલા ફર્માવે છે : يُخْرِجُهُمْ مِّنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ

**અર્થ** : "તેઓને અંધારામાંથી નૂર (પ્રકાશ) તરફ કાઢે છે." *(પારા–૩, રૂકૂઅ–૨, આ. ૨૫૭, સૂ. બકર)* ઈસ્લામ ક્રાંતિનો સંદેશ લાવ્યો. ઈસ્લામે પોતાના પ્રવાસનો પ્રારંભ જ 'ઈલ્મ'ની રોશનીથી કર્યો છે. અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلامને સૌથી પહેલાં ઈલ્મથી આભૂષિત કર્યા હતા. અલ્લાહ તઆલા ફર્માવે છે وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا **અર્થ** : "અને હઝરત આદમ علیہ السلامને તમામ ચીજ વસ્તુઓનું ઈલ્મ આપ્યું." *(પારા–૧, રૂકૂઅ–૩, આયત–૩૧, સૂ. બકર)*

ઈસ્લામમાં 'ઈલ્મ' જીવનના અનુભવો, દર્શનો, રહસ્યોનું નામ છે જે અલ્લાહ તઆલાની મઅરેફત અને બંને જહાનની સઆદત પ્રાપ્ત કરવાનું માધ્યમ છે. જે ઈલ્મ નિરર્થક હોય, ઈસ્લામ તેને પ્રોત્સાહન આપતો નથી. ઈસ્લામ કહે છે કે ઈન્સાનને એવો જ ઈલ્મ પ્રાપ્ત કરવાનો છે જેના માધ્યમથી માનવી તેના સર્જનહારની મહાનતા અને મોટાઈ વિશે અચળ શ્રદ્ધા મેળવે.

ઈસ્લામ જ એવો ધર્મ છે જેણે અકીદાથી લઈને ઈબાદત, અખ્લાકથી લઈને રાજનીતિ અર્થશાસ્ત્રની લઈને સંસ્કૃતિની બુનિયાદ 'ઈલ્મ' પર રાખી છે. અલ્લાહના પ્યારા નબીએ કરીમ ﷺ ઈર્શાદ ફર્માવે છે : طلب العلم فریضته علی کل مسلمین

"દીનનું 'ઈલ્મ શીખવું' દરેક મુસલમાન મર્દ તથા ઔરત પર ફર્ઝ છે."

હદીષ શરીફમાં આવ્યું છે કે, "જે વ્યક્તિ ઈલ્મની તલબ દરમ્યાન મરી જાય તો એવી હાલતમાં ખુદાથી મળશે કે એનામાં અને પૈગંબરોમાં નબુવ્વતના દરજા સિવાય કોઈ દરજો નહીં હોય."

હદીષમાં આવ્યું છે કે, "જે વ્યક્તિ એક હદીષ યા તો દીની મસ્અલો બીજાઓને શીખવાડવા માટે શીખે એને સિત્તેર (૭૦) સિદ્દીકોનો સવાબ આપવામાં આવશે."

નબીએ કરીમ ﷺ એ ફર્માવ્યું, "જે વ્યક્તિ ઈલ્મની તલબ (શોધ)માં સફર કરે છે, ફરિશ્તાઓ પોતાની પાંખોથી એના ઉપર છાંયડો કરે છે અને દરિયાની માછલીઓ અને જમીન તથા આસ્માન તેના હક્કમાં દુઆ કરે છે.

સહીહ મુસ્લિમની હદીષમાં આવ્યું છે કે, "જે વ્યક્તિ ઈલ્મની તલબમાં કોઈ રસ્તે ચાલશે ખુદા એના માટે જન્નતનો રસ્તો સરળ કરશે. અને જ્યારે

કેટલાક લોકો ખુદાના ઘરોમાંથી કોઈ ઘરમાં ભેગા થઈને કિતાબુલ્લાહ (કુર્આન) પઢે છે, અને આપસમાં એક બીજાને શીખવાડે છે, એમના પર દિલી ઈત્મિનાન નાઝિલ થાય છે અને અલ્લાહની રહમત એમને ઢાંકી દે છે. અને ફરિશ્તાઓ એમને ચારે તરફથી ઘેરી લે છે અને ખુદા પોતાની નજીકવાળાઓ સાથે એમનો ઝિક્ર કરે છે.

હઝરત અબૂઝર رضی اللہ عنہની હદીષમાં છે, **"આલિમની મેહફિલમાં હાજર થવું એક હજાર (૧૦૦૦) રકાત નમાઝ અને એક હજાર બીમારોની બીમારપુર્સી અને એક હજાર જનાઝાઓમાં હાજર થવાથી બેહતર છે.** કોઈએ પૂછયું : યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અને તિલાવતે કુર્આન? એટલે શું આલિમની મજલિસમાં હાજર થવું તિલાવતે કુર્આનથી પણ અફઝલ છે ? ફર્માવ્યું, "શું કુર્આન ઈલ્મ વગર ફાયદો આપે છે?" એટલે કે કુર્આનનો લાભ ઈલ્મ વગર પ્રાપ્ત થતો નથી.

નબીએ કરીમ صلی اللہ علیہ وسلمનું ફર્માન છે કે જે કોઈ વ્યક્તિ ખુદાના વાસ્તે ઈલ્મ પ્રાપ્ત કરે છે. તે ઘણી મોટી નેકીનું કામ છે જે કોઈ ઈલ્મની ચર્ચા કરે છે. તે અલ્લાહની પ્રશંસા કરી રહ્યો છે. જે કોઈ શખ્સ ઈલ્મની તલાશ કરી રહ્યો છે તે અલ્લાહનો આશિક છે. જે કોઈ ઈલ્મ શીખવે છે તે ખયરાત કરી રહ્યો છે. જે કોઈ શખ્સ સાચી રીતે ઈલ્મને બીજાઓ સુધી પહોંચાડે છે તે અલ્લાહની સાથે વફાદારી કરી રહ્યો હોવાની સાબિતી આપે છે. ઈલ્મ જન્નતનો રસ્તો પ્રકાશિત કરી દે છે. ઈલ્મ રણમાં આપણો મિત્ર, એકાંતનો સાથી, પરદેશમાં હમદર્દ અને મદદગાર બને છે. મિત્રોની મેહફિલમાં ઈલ્મ આપણુ આભૂષણ બને છે અને દુશ્મનોના મુકાબલામાં તો લોખંડી બખ્તર બને છે. ઈલ્મના ઝરીયાથી બંદો બારગાહે ઈલાહીમાં ઊંચા દરજજા પર પહોંચે છે. દુનિયામાં ઈજ્જત અને માન મેળવે છે, આખેરતમાં સંપૂર્ણ શાંતિ પામે છે.

એક હદીષમાં ફર્માવ્યું છે કે ઈલ્મની તલાશમાં ચાલનારના માર્ગમાં ફરિશ્તાઓ તેમની પાંખો બિછાવે છે. આપે એવું પણ ફર્માવ્યું કે, "આલિમોની વાતો સાંભળવી અને હિકમતના પાઠને મિત્રોના દિમાગમાં ઉતારવાનું કાર્ય, ઈબાદતથી મોટુ કાર્ય છે." વળી આપે ફર્માવ્યું છે કે તાલિબે ઈલ્મની શાહી શહીદોના લોહીથી પણ વધારે પાક હોય છે."

નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું છે કે :–

**અર્થ** : "ઘોડિયાથી કબ્ર સુધી ઈલ્મે દીનની પ્રાપ્તિ કરતા રહો."

ઈલ્મ કાયમાબીની ચાવી છે. કુર્આન તો ઈલ્મવાળાઓને દેખતા અને જાહિલોને આંધળા કહે છે. તેવી જ રીતે ઈલ્મને નૂરથી અને અજ્ઞાનતાને અંધકારની સાથે સરખાવ્યું છે. કુર્આનની હિદાયતો તેવા લોકોને નફો આપનારી છે જે ઈલ્મ ધરાવે છે, જે હિકમત અને ડહાપણ ધરાવે છે.

હવે આપણે જોઈએ કે ઈલ્મે દીનથી આપણે કેટલા દૂર છીએ. આજે આપણામાં ગુમરાહીનું કારણ ઈલ્મે દીનનો અભાવ છે. જેના માટે આપણા માં બાપ (વાલીઓ) ખૂબ જ જવાબદાર છે. બાળકોના ભણતર પાછળ ખૂબ જ કાળજી લેવાય છે. જ્યારે બાળક દુનિયા માટેનું ઈલ્મ (જ્ઞાન) મેળવા સ્કૂલ કે કોલેજમાં જાય છે તો તેના માટે માં બાપ કિંમતી પુસ્તકો લાવી આપે છે કે મારો બાળક તેને પઢીને ડોકટર, વકીલ, જજ, એન્જિનિયર બને. જ્યારે આજે બાળક મદ્રસામાં કે મકતબમાં કે દારુલ ઉલૂમમાં દીની ઈલ્મ પ્રાપ્ત કરે છે તો તેને દસ રૂપિયાનો કાયદો કે ઉર્દૂની કિતાબ માં બાપ અપાવવા માટે બહાનાંબાજી કરે છે ! કે આજે પૈસા નથી કાલે રાખો ! જ્યારે દુનિયાવી ઈલ્મ હાંસલ કરવા માટેની કિતાબ લાવવા માટે પૈસા હોય છે, અને ન હોય તો કોઈની પાસેથી ઉછીના પણ પૈસા લાવે, અને દુનિયાવી ભણતર પાછળ ખૂબ જ કાળજી લેવાય છે. અને લેવી જ જોઈએ, દરેક પ્રકારની

તા'લીમ બાળકને મળવી જ જોઈએ. હું એ વાતનો વિરોધી નથી. પણ દીની તા'લીમ પ્રત્યે કેમ ધ્યાન અપાતું નથી ? એવું જોર દઈ શક્તો નથી કે તેને ફક્ત મદ્રસામાં જ બેસાડી રાખો અને આલિમ જ બનાવો. આલિમ બનાવો તે તો ખૂબ જ મહાન વાત છે ! આલિમોનો મર્તબો તો ખૂબ જ ઊંચો છે, તેની તૌફીક નથી તો પણ કમસે કમ જરૂર પૂરતું દીની ઈલ્મ હોવું જરૂરી છે. કેટલો નાઝુક સમય આવ્યો છે ! ચો તરફથી મુસલમાનોના ઈમાન તથા અમલ પર હુમલા થઈ રહ્યા છે. એવા સમયે અકીદા વિશે તથા નેક અમલ, નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ વિગેરે જરૂરી મસ્અલાઓ શિખવાડવાની વ્યવસ્થા કરવી જોઈએ, અરબી, ઉર્દૂ, ફારસી વગેરે ભાષા શિખવાડવી જોઈએ કે જેમાં દીની ઈલ્મોનો ખજાનો પડેલો છે. આજે આપણા મુસલમાન ભાઈ બહેનોમાં દીની જરૂરી મસાઈલની જાણકારી મેળવવામાં આળસ પ્રર્વતે છે. સિનેમાના હીરો, હીરોઈન, સાનિયા મિર્ઝા, ડો. અબ્દુલ કલામ, ગાંધીજી, ક્રિકેટરો વગેરેનાં નામો તથા તેમની કારકીર્દી તથા તેમની દીનચર્ચા, આદતો, શોખ વગેરેની માહિતી યાદ હોય છે, તેમાં પૂરો રસ ધરાવે છે. જ્યારે દીનના બુઝુર્ગોના જીવનચરિત્રો તથા દીનની વાતો (દીની મસાઈલની જાણકારી)થી અજ્ઞાન રહે છે. ચાર ખલીફાનાં નામો કે ચાર ઈમામનાં નામો પૂછવામાં આવે તો હક્કા બક્કા થઈ જાય છે ! અને જવાબ નથી બનતો. જે ઈલ્મ જન્નતમાં જવાનો સબબ બને તેના પ્રત્યે તદન અરૂચિ અને કેવળ દુનિયાવી ઈલ્મની પ્રાપ્તિ માટે વરસો વરસ માં બાપ સહિત બાળકો ઉજાગરા કરે ! આ ક્યાંની મુસલમાની છે ?!

હદીષ શરીફમાં છે, **અર્થ** : "દીનનું ઈલ્મ શીખવું દરેક મુસલમાન મર્દ તથા ઔરત પર ફર્ઝ છે." *(ઈબ્ને માજહ્)* પણ આજે આપણે આપણા નબીએ કરીમ ﷺનું આ ફર્માન ભૂલી ગયા છે અને ઈલ્મે દીનથી દૂર થઈ ગયા છીએ એટલે બાળક પોતાના માં બાપને તુંકારીને બોલાવે છે, વડીલોની ઈજ્જત કરતો નથી, પાડોશી અને સગાં સંબંધીઓને ગાળો બોલે છે, શા માટે ? કે તેની પાસે ઈલ્મ નથી. તો ઈલ્મે દીન આપણને ક્યાં મળશે ? તો દીની કિતાબોમાં મળશે, ઉલમાનાં બયાનોમાં, દારુલ ઉલૂમ, મદ્રસા, હદીષોની કિતાબોમાં, બરકાતે ખ્વાજા, તયબાહ, અલ મુઈન, યાદે કર્બલા, ફયૂઝે રઝા, અલ્ અશ્રફ વગેરે માસિકોમાં ઈલ્મે દીન મળશે. ઉપરની ચર્ચાનો સારાંશ એ છે કે દરેક મુસલમાનભાઈ બહેનોએ ઈલ્મે દીન હાંસલ કરવા માટે શરૂથી કટિબદ્ધ થવું જોઈએ. ઈલ્મ પ્રકાશ છે, પ્રકાશથી બીજો પ્રકાશ ફેલાય છે, એ રીતે રોશની વધતી જાય છે, ઈલ્મ મેળવ્યા સિવાય આપણે આપણા દીનને પણ દુરુસ્ત રાખી શક્તા નથી અને દુનિયાને પણ ધ્યેયપૂર્ણ બનાવી શક્તા નથી. પોતે જાગો અને બીજાને જગાડો ઈલ્મની શમ્અને પોતાના જીવનમાં રોશન કરો અને પછી તમામ પ્રકારનાં અંધકારોને પ્રકાશમાં બદલાતા જાવ, દરેક મુસલમાનનો એ ફર્ઝ છે. અલ્લાહ તૌફીક બક્ષે.

### ★ આલિમે દીનની ફઝીલત ★

**હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "જેણે આલિમનું સ્વાગત કર્યું તેણે મારું સ્વાગત કર્યું, જેણે આલિમની ઝિયારત કરી તેણે મારી ઝિયારત કરી, જે કોઈ આલિમની ખિદમતમાં જઈને બેઠો તે મારી ખિદમતમાં બેઠો અને જે મારી ખિદમતમાં બેઠો તે જાણે કે ખુદાની હુઝૂરીમાં હાજર થયો."**

**હુઝૂર ﷺએ ફર્માવ્યું, "કિયામતના દિવસે આલિમની શાહી (કલમ)ની શહીદોના લોહીના મુકાબલામાં તોલવામાં આવશે તો આલિમની શાહી ભારે થશે."**

*(અહયાઉલ ઉલૂમ) (હરીફાઈવાળા લેખમાંથી : **હાફેઝ સુહૈલ અબ્દુલ્લાહ માટલી-દયાદરા**)*

# ઔરતોની હિકાયતો

**લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર
**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ-પાલેજ

## હિકાયત : ૧૫

## અબૂ લહબની દાસી

અબૂ લહબની એક દાસી હતી જેનું નામ થૌબિયહ્ હતું. હુઝૂર ﷺ જ્યારે પેદા થયા તો તેણી આવી અબૂ લહબને ખુશખબરી આપી અને કહ્યું, મુબારક હો ! આપને અલ્લાહે ભત્રીજો આપ્યો છે ! અબૂ લહબે આ ખુશખબરી સાંભળીને ખુશીમાં આવીને પોતાની આંગળી ઉઠાવી ઈશારો કર્યો કે, જા ! તને આઝાદ કરી ! અબૂ લહબને મૃત્યુ બાદ સ્વપ્નમાં જોવામાં આવ્યો અને તેને હાલ પૂછવામાં આવ્યો તો તેણે જણાવ્યું કે આગમાં સળગી રહ્યો છું. હા ! જ્યારે પીરનો દિવસ (જે દિવસે હુઝૂર ﷺ પૈદા થયા) આવે છે તો હું તે આંગળીને જે આંગળીના ઈશારાથી મુહમ્મદ (ﷺ)ની વિલાદતની ખુશીમાં મેં મારી દાસીને આઝાદ કરી હતી, મારા મો માં નાંખી ચૂસુ છું તો તેમાંથી પાણી નીકળે છે જેને પીને હું શાંતિ અનુભવું છું. *(મુવાહિબુલ્લદુન્નિયહ્, પેજ–૨૭, જિલ્દ–૧)*

**બોધ** : હઝરત ઈમામ કસ્તલાની જે શારેહે બુખારી પણ છે, આ પ્રસંગ લખીને કહે છે કે અબૂ લહબ જેના સંબંધે કુર્આને પાકમાં તેનું યકીની જહન્નમી હોવાનો ઉલ્લેખ આવી ગયો છે. એવા યકીની જહન્નમી શખ્સે હુઝૂર ﷺની ખુશીમાં જ્યારે આંગળીના ઈશારાથી પોતાની દાસીને આઝાદ કરી દીધી. તો ખુદા તઆલાએ તેની તે ખુશી મનાવવાથી તે દિવસે તે આંગળી ઝરીયે તેને જહન્નમમાં અઝાબથી મુક્તિ દઈ દીધી. તો જે મુસલમાન હુઝૂર ﷺની મુકદ્દસ વિલાદતની ખુશી મનાવશે અને આપની મહોબ્બતમાં ખર્ચ કરશે તો નિઃશંક ! તેના બદલામાં અલ્લાહ કરીમ તેઓને પોતાના આમ ફઝ્લથી નેઅમતોવાળી જન્નતોમાં દાખલ કરશે. અને પછી ફર્માવ્યું :–

**અર્થાત** : આ મહીના રબીઉલ અવ્વલ શરીફમાં મુસલમાન હમેશાં મીલાદની મેહફિલો રાખે છે અને ખુશી વ્યક્ત કરે છે જેથી સદકો, ખૈરાત વધુ પ્રમાણમાં કરે છે. હુઝૂર ﷺની વિલાદતનો ઝિક્ર કરે છે. અને લોકો પર હુઝૂર ﷺની બરકતો તથા આમ ફઝલ જાહેર થાય છે. *(મુવાહિબુલ્ લદુન્નિય્યહ્, પેજ–૨૭, જિલ્દ–૧)*

જાણવા મળ્યું કે હુઝૂર ﷺની વિલાદતે તય્યબાની ખુશી મનાવવામાં વિશેષતઃ રબીઉલ અવ્વલ શરીફ મહીનામાં હુઝૂર ﷺની વિલાદત શરીફના મુબારક પ્રસંગો સાંભળવા, સંભળાવવા માટે મીલાદની મેહફિલો કાયમ કરવી અને માલ ખર્ચ કરવો, કાંઈ પકાવવું અને ખવડાવવું, ખુશીમાં જુલૂસ કાઢવું તથા સદકા, ખૈરાત વધુ પ્રમાણમાં કરવા કોઈ નવીન વાત નથી. હમેશાંથી મુસલમાન આમ જ કરતા આવ્યા છે. અબૂ લહબ જેવો નારી (જહન્નમી) જ્યારે હુઝૂર ﷺની ખુશી મનાવીને સવાબ મેળવી લે છે તો હુઝૂર ﷺના ગુલામ આ ખુશી મનાવીને કેમ મહાન અજર નેકી ન પામે ?! એ પણ જણાયું કે હુઝૂર ﷺની વિલાદતની ખુશી ન મનાવવી અત્યંત બુરી વાત છે, એટલી બુરી કે અબૂ લહબને પણ પાછળ છોડી જાય છે ! અને એ પણ જાણવા મળ્યું કે અબૂ લહબે જે આંગળીને ઉઠાવી ઈશારાથી પોતાની દાસીને આઝાદ કરી તે આંગળી પોતાના ઉઠાવવા એટલે કે પોતાના કયામના સબબે અબૂ લહબ માટે મુક્તિનો ઝરીયો બની ગઈ. જાણો કે હુઝૂરની ખુશીમાં કયામ કરવો પણ બહુ સારી વાત છે. પરંતુ અફસોસ ! કે આજે સારી વાતોને બિદઅત કહેવામાં આવી રહી છે. મેં લખ્યું છે :–

જો બચ્ચા હો પૈદા તો ખુશીયા મનાએં
મિઠાઈ બટે ઔર લડ્ડુ ભી આએં
મુબારક કી હર સૂ સે આંએં નિદાએં
ખુશીસે ન જામામેં ફૂલે સમાએં
મુહમ્મદ ﷺ કા જબ યૌમે મીલાદ આએં
તો બિદઅત કે ફત્વે ઉન્હેં યાદ આએં

-કાર્યાલય

# U.K. માં સુન્ની દા'વતે ઈસ્લામીના યુવાન મુબલ્લિગોની ગતિવિધિઓ ઈન્ડિયાના યુવાનો માટે ચિંતનની પળ !

**બ્લેકબર્ન** : થી નવુયવાન મિત્ર મુબલ્લિગ જનાબ મકસૂદભાઈ માંચવાળા જણાવે છે કે તા. ૨૧–૪–૦૫ના રોજ મસ્જિદે રઝા, બાલાકલાવા ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીનો શાનદાર ઈજતેમા યોજાઈ ગયો જેમાં બ્રિટનના નવયુવાન સફેદ અમામાધારી મુબલ્લિગો જનાબ આરિફ પટેલ, મૌલાના મુહમ્મદ હુસૈન વોરાસમનીવાળા, જનાબ ખાલિદ શફીકભાઈ અસુરીયાવાળા, જનાબ અકીલભાઈ મલાવીવાળા, જનાબ હાફેઝ ફૈસલ દયાદરાવાળા, જનાબ જુબેર ફોજદાર માંચવાળા વગેરે બોલ્ટન, પ્રેસ્ટન વગેરે ટાઉનોમાંથી આવ્યા હતા. જનાબ હાફેઝ કારી મહબૂબ સરનારવી સાહબની કિરાઅતથી ઈજતેમા શરૂ થયો હતો. નઅતખ્વાં ખાલિદ શફીક અસુરીયાવાળાએ ખૂબ જ સરસ અંદાજમાં નઅતે પાક પેશ કરી હતી તેમજ હુઝૂર ﷺની સીરત પર અંગ્રેજીમાં ખૂબ જ અસરકારક બયાન કર્યુ હતું. ઉપરાંત અન્ય મુબલ્લિગોએ નઅતે પાકના ગુલદસ્તા પેશ કરી ઈજતેમાને નૂરાનિયત બખ્શી હતી તથા યુવાન મુબલ્લિગોએ અંગ્રેજીમાં બયાન કર્યા હતાં. ખુસૂસી મહેમાન હઝરત મૌલાના મુફતી અબ્બાસ રઝવી દુબઈવાળાએ તેમજ મૌલાના મુહમ્મદ સલીમ (મસ્જિદે ગૌષિયા, ન્યુ પ્રેસ્ટન રોડ, બ્લેકબર્ન) સાહબે સરકાર ﷺની શાને પાકમાં ઈમાન અફરોઝ બયાન કર્યા હતાં.

**નોંધ** : યુ.કે. જેવા બદ્ફેઅલીના માહોલમાં રહીને આ યુવાનોએ દીન તથા સુન્નિયતના બાઅમલ મુબલ્લિગ બનીને જે દીની માહોલ ખડો કર્યો છે એ સરકાર ﷺની નઝરે ઈનાયત છે અને **સુન્ની દા'વતે ઈસ્લામી** તેહરીકની તથા **જનાબ મૌલાના શાકિર રઝવી** સાહબ તથા અન્ય ઉલમાની મહેનતોનું ફળ છે કે સેંકડોની સંખ્યામાં ત્યાં મુબલ્લિગો કાફલામાં નીકળીને ટાઉન ટુ ટાઉન જઈને ખિદમતે દીન કરી રહ્યા છે. એને જોતાં ગુજરાતના ખાસ કરીને ભરૂચ જિલ્લાના યુવાનો માટે આ એક ચિંતનની પળ છે કે ચોતરફ ગુનાહોનું વાતાવરણ તેમજ સમયનો અભાવ છતાં ઈલ્મે દીનની તથા ખિદમતે દીનની લગન આ U.K. ના યુવાનોને આટલી હદે છે ! એ જોઈ એમને મુબારકબાદ આપે અને પોતે પણ આ ક્ષેત્રે આગળ આવે, **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે મુબલ્લિગની તર્બિયતનો કેમ્પ વરસભર ચાલે છે ત્યાં હાજરી આપે અને મહિનો, બે મહિના, ત્રણ મહિના, વરસ જેટલું રહેવું હોય રહીને ઈલ્મે દીન મેળવી કામ કરવાની પદ્ધતિ શીખે અને દીનના કામમાં લાગી જાય એવી અમારી નમ્ર અપીલ છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નોંધ** : SMC બ્લેકબર્ન થકી ડ્રો કરતાં ઉમરાની ટિકિટ માટે જુબેર ફોજદારનું નામ નીકળ્યું હતું તેમજ અન્ય નીકળેલાં નામોના ભાઈઓને નઅત તથા બયાનની સીડી, કેસેટો અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી તથા અન્ય ઉલમાનાં બયાનો તેમજ દીની કિતાબોનો ૧–૧ સેટ તોહફામાં આપવામાં આવ્યો હતો.

## યુ.કે.માં ઔરતોના સુન્ની ઈજતેમા

**લેસ્ટર** : ખાતે ૩૧–૪–૦૬ના રોજ ઔરતોનો શાનદાર સુન્ની ઈજતેમા થયો જેમાં મકામી મુબલ્લિગા બહેનોએ નઅત શરીફ તથા સુન્નતો પર તેમજ અન્ય દીની વિષયે અંગ્રેજી, ઉર્દૂમાં અસરકારક બયાનો કર્યા હતાં. આલિમા રઈસા તથા ફાતેમા તેમજ અન્ય બહેનોએ બાળકીઓએ નઅતે પાકનાં તરાનાં ઉપરાંત અંગ્રેજી ઉર્દૂમાં બયાનો કર્યા હતાં. અંતમાં આલિમા ફરહાના આપાએ ઉર્દૂમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. તા. ૭–૫–૦૬ના રોજ બ્લેકબર્ન મુકામે રેન્ડલ મસ્જિદ સ્ટ્રીટ ખાતે એ જ પ્રમાણે ઔરતોનો ઈજતેમા થયો જેમાં બોલ્ટન, પ્રેસ્ટન, લેસ્ટર વગેરે ટાઉનોમાંથી બહેનોએ હાજરી આપી હતી.

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ પ્રેસ્ટનમાં મીલાદુન્નબી પ્રસંગે બયાનો ★

**પ્રેસ્ટન** : થી હાફિઝ મુહમ્મદ રફીક રઝવી જણાવે છે કે હર સાલ જેમ આ વર્ષે પણ રબી. અવ્વલ પર ચાંદ ૧ થી ૧૨ સુધી મસ્જિદે નૂરના ખતીબો ઈમામ ફખ્રે ગુજરાત હાફિઝો કારી અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી સાહબે સીરતે મુસ્તફા ﷺ પર એક આયત પરથી ૧૨ દિવસ સુધી ઈમાન અફરોઝ બયાન ફર્માવ્યું અને સાથે સાથે વહાબી, દેવબંદી અને ગૈર મઝહબોનો શું અકીદો છે તે પણ સમજાવ્યું અને કૌમની ખાસ ઈસ્લાહ ફર્માવી.

## ★ દયાદરામાં જશ્ને ગૌષે આ'ઝમ ★

**દયાદરા** : ખાતે ૧૦ તથા ૧૧ રબી. આખરના રોજ જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ મનાવાયો જેમાં ૧૦મા ચાંદે નાના ચકલા પર હઝરત મૌલાના સાદિક દહેગામી સાહબે ગૌષ પાક رضی اللہ عنہની શાનમાં શાનદાર તકરીર કરી હતી. ૧૧ મા ચાંદે મદ્રસા મઝાહેરુલ ઉલૂમના તલબાનો નઅતયિા મન્કબતિયા મુકાબલો રાખવામાં આવ્યો જેમાં મદ્રસાના તલબાએ ખૂબ શાનદાર નઅત તથા મન્કબતો પેશ કરી મેહફિલમાં રોનક લાવી દીધી હતી. ૧ થી ૫ નંબર લાવનારાઓને ફારૂક ભાણા તરફથી ખાસ ઈનામો તથા સર્વ ભાગ લેનારાને પણ વિવિધ ઈનામો, રોકડ તથા કિતાબો, બરકાતે ખ્વાજા (માસિક)ના અંકો આપવામાં આવ્યા હતા. ૧૧મીની સવારે દા.ઉ. નૂરે મુહમ્મદી તથા મદ્રસાના તલબા તેમજ ગામલોકોનું જુલૂસ ગામમાં ફર્યું. અંતે મસ્જિદમાં હઝરત સૈયદ બડા સાહબની તકરીર બાદ ગૌષ પાક رضی اللہ عنہના મૂએ મુબારકની ઝિયારત કરાવવામાં આવી હતી. બાદમાં અકુજી હોલમાં ન્યાઝ જમાડવામાં આવી.

## ★ શાદી મુબારક થજો ! ★

**બીરપુર શરીફ** : થી હઝરત સૈયદ પીર સફીયુલ્લાહ બાવા સાહબના નાના ભાઈ સૈયદ મુહમ્મદ યૂસુફબાવાની શાદી મુબારક તા. ૨૯–૫–૦૬ સોમવારે અહમદાબાદ મુકામે સૈયદા નસરીન નાઝ સાથે રાખવામાં આવી. (મુબારકબાદ ! મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૈયદઝાદાની શાદીમાં ખૂબ બરકતો રાખે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : થી મુઈનુદ્દીન બસીરુદ્દીન શેખ (હાજી પીર કિર્માણી મહોલ્લા) જણાવે છે કે એમની દુખ્તરે નેક અખ્તર શાકિરાબાનુની શાદી મુબારક તા. ૨૩–૫–૦૬ના રોજ મંગવારે રાત્રે ગુલામ અલી (ભરૂચ)ના નેક ફરઝંદ મુહમ્મદ ઝહીર સાથે ભરૂચ મુકામે રાખવામાં આવી. (મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જંબુસર** : થી શૈખ ઈકબાલભાઈ રૂસ્તમભાઈ જણાવે છે કે તેમના નેક ફરઝંદ "હાફેઝ ઈલ્યાસ"ની શાદી મુબારક તા. ૨૮–૫–૦૬ના રોજ ભરૂચ મુકામે જનાબ અ. મજીદ બોક્ષવાળાની નેક દુખ્તર શેહનાઝબાનુની સાથે રાખવામાં આવી. (મુબારકબાદ !) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**જંબુસર** : થી જનાબ સૈયદ હશ્મતઅલીબાપુ જણાવે છે કે વડોદરાના બરકાતે ખ્વાજા ગ્રાહક નં. ૫૯૬ જનાબ હાજી બશીરખાં પઠાણના વાલિદા હજીયાણી બીબી આપા તા. ૧૩–૪–૦૬ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમાની જનાઝાની નમાઝ શાહઝાદાએ મોઈને મિલ્લત હઝરત સૈયદ અમીરુદ્દીનબાવાએ પઢાવી હતી. ઝિયારત નિમિત્તે મૌલાના સૈયદ જમાલુદ્દીન સાહબે પૂરજોશ તકરીર કરી હતી. મર્હૂમાના ઈસાલે સવાબ માટે જનાબ હાજી બશીરખાં તરફથી ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને રૂા. ૨૫૧/– મોકલેલ છે.

અલ્લાહ રબ્બુલ ઈઝઝત તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત કરે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ખંભાત :** અમદાવાદથી શેખ 'શમ્સ' સાહબ જણાવે છે કે ખંભાતના ખ્યાતનામ સુન્ની મુસ્લિમ ઝફરઅલી સૈયદ ટૂંકી માદગી બાદ ગુજરી ગયા છે. તેઓ O.N.G.C.ના ઓફિસર અને મુહમ્મદી મસ્જિદના મુતવલ્લી હતા. સુન્નિયતના પાબંદ અને ઈબાદતગુઝાર હતા. મૌલા તઆલા મર્હૂમની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે.

**હાડગુડ :** (તા. જિ. આણંદ) સૈયદ અયાઝઅલી અહમદમિયાં (હકીમ) ૧૪–રબી. અવ્વલ જુમેરાત તા. ૧૩–૪–૨૦૦૬ના રોજ ઈન્તેકાલ કરી ગયા છે. મર્હૂમ આશિકે રસૂલ, ચુસ્ત સુન્ની, મુસ્લિમ સમાજની એકતાના હિમાયતી તથા કુરિવાજોને દૂર કરવા કાર્યશીલ હતા. મર્હૂમના સવાબ અર્થે રૂા. ૨૦૦/– ઈમ્દાદ બરકાતે ખ્વાજા માસિકને મળી છે. (જઝાકલ્લાહ !) અલ્લાહ તઆલા મર્હૂમને જન્નતુલ ફિરદૌસમાં આ'લા મકામ અતા ફર્માવે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

-કાર્યાલય

## વિષય : ઈલ્મે દીનનું મહત્વ અને આપણે

| લેખ હરીફાઈમાં ભાગ લેનારા ખુશનસીબો | લેખ હરીફાઈમાં ભાગ લેનારા ખુશનસીબો |
|---|---|
| **દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ–બાલાસીનોર** | **મલાડ (ઈ) મુંબઈના રહેવાસી** |
| મલેક સઈદ અશરફ ભાલેજવાળા | મુહમ્મદ ફૈઝ કાસિમ પઠાણ–મુંબઈ |
| **M.E.S. સ્કૂલ –રાજપારડી** | **મદ્રસા મઝાહેરુલ ઉલૂમ–દયાદરા** |
| વાઝા જાવિદ હુસૈન ગુલામ હુસૈન–રાજપારડી | મુહમ્મદ સજ્જાદ શબ્બીર પટેલ–દયાદરા |
| **દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા** | **દારુલ ઉલૂમ મુસ્તફાઈયા અશ્રફિયા–ટંકારીઆ** |
| હાફેઝ સુહેલ અબ્દુલ્લાહ માટલી–દયાદરા | મલેક સિરાજ શૌકત–દહેગામ |

### ★ લેખ હરીફાઈમાં પ્રથમ ત્રણ નંબર મેળવનારાઓનાં નામો ★

| | | | |
|---|---|---|---|
| **નંબર ૧ :** | મલેક સઈદ અશરફ ભાલેજવાલા | રૂા. ૩૦૦/– | (પ્રથમ ઈનામ) |
| **નંબર ૨ :** | વાઝા જાવિદ હુસૈન ગુલામ હુસૈન | રૂા. ૨૦૦/– | (બીજુ ઈનામ) |
| **નંબર ૩ :** | હાફેઝ સુહેલ અબ્દુલ્લાહ માટલી | રૂા. ૧૦૦/– | (ત્રીજુ ઈનામ) |

### ✪ હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?! ✪

## ઈસ્લામમાં શરમ તથા હયાનું મહત્વ અને વર્તમાન મુસ્લિમ ખાતૂનોની હાલત

તા. **૧૨–૭–૨૦૦૬** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.

**✪ નોંધ ✪**

લેખ હરીફાઈમાં ભાગ લેનાર દરેકને એક કિતાબ તથા બરકાતે ખ્વાજા અંક **જૂન–૨૦૦૬**નો ભેટમાં આપવામાં આવશે.